શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા સંચાલિત સમાજનું મુખપત્ર

સેતુ સમાજ સંદેશ

Unity is our Strength

(માસિક)

ઓક્ટોબર-૨૦૨૬

વર્ષ : ૧૯ અંક : ૦૪

મુલ્ય : રૂા. ૨૦/-

સહ વીર્યં કરવાવહૈ

માતાના મઢ

રોડ ટુ હેવન

આવો માદરે વતન કચ્છ...

કચ્છને જાણવા અને માણવા....

ચાલો માધાપર... ચાલો માધાપર... ચાલો માધાપર...

માંડવી બીચ

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભાનું ત્રિ-વાર્ષિક અધિવેશન તથા અખિલ ભારતીય વિરાટ સગપણ સંમેલન

માધાપર (કચ્છ)

તા. ૨૪, ૨૫, ૨૬, ૨૭ ડિસેમ્બર-૨૦૨૬

વિજય વિલાસ પેલેસ

ધોરડો - ટેન્ટ સિટી

If undelivered please return to :

Setu Samaj Sandesh

'Samajratna' Shri Vinodbhai Purushottambhai Solanki
Karyalay Bhawan, Vijaynagar,
ANJAR - KUTCH 370 110.
Mo. 9909069057

RNI NO. GUJ GUJ / 2008/25938

Postal Registration No. G-KCH-185/2026-2028

Posted at S.O. BHUJ on 2nd of Every Month.





Late Karmsinh Madhavji Tank
(Sinogra)



Mr. Prafulchandra K. Tank
Mob: +91 9825053258

Mr. Kishan P. Tank
Mob: +91 9925811599

KARMA CHEMICAL INDUSTRIES

Manufacturer of : BASIC DYES

RHODAMINE B 540%

Basic Violet 10 & Other Qualities

BASIC RHODAMINE B BASE

BASIC DYES FOR

Paper, Textile Printing & Leather

Factory : 67/6, Phase 1, G.I.D.C ,Vatva.
Ahmedabad-382445 , ph:079-25890110

Residence : 21,22/D Ramkrishna Soc; Near Aavkar hall; Maninagar;
Ahmedabad-380008. ph:079-25462812

E-mail : karmachemical@gmail.com, tankishan5115@gmail.com

॥ વિદ્યાદાન મહાદાન ॥ ॥ પરમ પૂજ્ય શ્રી ગંગા મૈયા ધ્રુવ સ્મૃતિ ॥ ॥ સા વિદ્યા યા વિમુક્તયે ॥

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય કન્યા છાત્રાલય - કુકમા (કચ્છ)

ટ્રસ્ટ રજી. નં. ૧૧૭૪ (કચ્છ) સ્થાપના : તા. ૩૦/૭/૧૯૯૪) પો. કુકમા (તા. ભુજ - કચ્છ) ૩૭૦ ૧૦૫. ફોન નં. (૦૨૮૩૨) ૨૭૧૩૫૪

કન્યા કેળવણીના ક્ષેત્રે ભારત વર્ષમાં આપણા સમાજનું એકમાત્ર છાત્રાલય કુકમા (કચ્છ) મુકામે સમાજબંધુઓના સહયોગથી બંધારણીય રીતે સ્થાપવામાં આવેલ છે. દેશ-પરદેશ વસતા શુભેચ્છકો તથા ઉદાર દિલ દાતાશ્રીઓના સહયોગથી તેમજ નિષ્ઠાવાન કાર્યકર્તાઓની જહેમતથી છાત્રાલયનું સંચાલન સુચારૂ રૂપે થઇ રહ્યું છે. હાલે ધો. ૫ થી કોલેજકક્ષા સુધીની વિદ્યાર્થીનીઓને છાત્રાલયમાં પ્રવેશ આપવામાં આવે છે.

આપના દાનની રકમ બેંક ઓફ બરોડા - માધાપર એકાઉન્ટ નં. **09460100003842**માં જમા કરાવી માનદ્ વ્યવસ્થાપક શ્રી મોહનલાલ કુંવરજીભાઇ ચૌહાણ મો. **09427767810**ને છાત્રાલયના સરનામે જાણ કરવાથી રસીદ મોકલી આપવામાં આવશે.



દર મહિનાની ૨જી તારીખે પ્રસિદ્ધ થતું માસિક

(Subject To Anjar Jurisdiction Only)

: પ્રેરણા સ્ત્રોત :

સમાજના શીલ, શિક્ષણ અને સહકારનું માસિક

સેતુ સમાજ સંદેશ

'સમાજરત્ન' 'સમાજ સંરક્ષક'





સ્વ. હિરજીભાઈ ખીમજીભાઈ ચૌહાણ
રત્નાગીરી (મહારાષ્ટ્ર)

શ્રી ભરતભાઈ કાંતિલાલ સાવરિયા
રાયપુર (છત્તીસગઢ)

માલિક એવં પ્રકાશક :
'સમાજરત્ન'
વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી
પ્રમુખશ્રી, મહાસભા (માધાપર-કચ્છ)

સંરક્ષાયક અને આદ્યતંત્રીશ્રી : વૈદ્યરાજ સ્વ. પ્રાગજીભાઈ મોનજીભાઈ ટાઢોડ

વર્ષ : ૧૯ અંક : ૦૪ ઓક્ટોબર-૨૦૨૬

:: માનદ્ તંત્રી ::



ડૉ. મનોજભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી
ચિંતન ફાર્મ, પો. કુકમા, તા. ભુજ (કચ્છ)
M. 9825428100

:: મેનેજીંગ તંત્રી ::



હિતેશ ભોગીલાલ ચૌહાણ
63-65 / B, બંસરીવિલા, ગામ : મેઘપર કુંભારડી, અંજાર (કચ્છ) 370 110.M. 9067292827

:: પ્રિન્ટીંગ, પોસ્ટીંગ અને ખાતાકીય કાર્ય ::



વિનોદભાઈ લીલાધરભાઈ ચૌહાણ
ભુજ (કચ્છ)

:: આર્થિક સલાહકાર ::



વિનોદભાઈ શાંતિલાલભાઈ જેઠવા
અંજાર (કચ્છ)

:: માર્ગદર્શક - સંયોજક ::



વિનોદભાઈ કેશવજીભાઈ પઢિયાર
અંજાર (કચ્છ)

આજના સમયની ચેલેન્જ આરોગ્ય સુરક્ષા

જય સમાજ... સર્વે સમાજબંધુઓને વંદન સહ એક ચિંતા અને તેનું ચિંતન સમાજ રચનાનો એક હેતુ સામાજીક નેતૃત્વ દ્વારા સમાજના છેવાળાના વ્યક્તિને સુખી, સમૃદ્ધ, સહજ, સરળ અને સુરક્ષીત જીવન બને તેવા સામુહિક સંગઠન શક્તિથી અવિરત પ્રયત્ન કરતા રહેવું. આ પ્રયાસના ભાગ રૂપે હાલમાં જો સમાજ જીવનમાં વ્યક્તિની કોઇ ગંભીર અને ચિંતાજનક સમસ્યા હોય તો તે છે આકસ્મીક ગંભીર બીમારીઓનું આક્રમણ, આજે આપણે દિવસ ઉગેને એકાદ એવા ગંભીરને આઘાત પહોંચાડે તેવા સમાચાર અને એ પણ જ્યારે આપણા ઘટકના કે સગાસંબંધી કે સામાજીક સક્રિય કાર્યકર્તા કે આપણા પરિવારના સદસ્ય હોય તે સહજ અને સમયાંતરે બનતું હોય તેવું મહેસુસ કરતા હશો અને એ પણ લાગે છે કે આવી ઘટનાઓ હવે બહુ ગતીથી વધી રહી છે. હાર્ટએટેક, બ્રેનસ્ટોક, કેન્સર, બ્રેઇન ટ્યુમર જેવી જાન લેવા ઘટનાઓ કોઇપણ જાણકારી વગર આકસ્મીક શીકાર બનાવે છે. વ્યક્તિને તેનો અણસાર કે અગાઉથી કોઇ લક્ષણ પણ ધ્યાનમાં નથી આવતા અને વ્યક્તિ તંદુરસ્ત હોય, વ્યસન મુક્ત હોય, યોગ પ્રાણાયામ, આનંદિત સ્થિતિ માં હોય ત્યારે સૌના મનમાં એક પ્રશ્ન થાય છે કે આવા વ્યક્તિને આ પ્રકારની બીમારી આવી ક્યાંથી ? હું મારી આજુબાજુની છેલ્લા ત્રણ થી ચાર મહિનાની વાત કરૂં તો ચારથી પાંચ એવા સમાજબંધુને જીવન ગુમાવતા જોયા આ એક માધાપર ઘટકની વાત છે પરંતુ આવી દરેક ઘટકમાં જોઇએ તો કેટલાય એવા યુવાનો અને આધેડ ઉંમરના વ્યક્તિઓને આકસ્મીક મૃત્યુ આવ્યું અને બીજા એવા કેટલાય છે જેમને મૃત્યુ નથી આવ્યું પરંતુ ડાયાબીટીસ, એટેક, લકવા, બ્રેઇન ટ્યુમર, પ્રેશરની દવાઓના આધારે, મોટી સર્જરીના આધારે જીવન જીવી રહ્યા છે. આનાથી વધુ ગંભીરતા એ કે આજે એક પણ પરિવાર એવો નથી જેના ઘરમાં બીમારી ના હોય, આરોગ્યની સમસ્યા ન હોય, સંતતી માટેનો પ્રશ્ન ન હોય અને નાના બાળકથી મોટા વ્યક્તિઓ તમામને દવા વગર જીવવાનું સંભવ નથી. તો આ સ્થિતિમાં આપણે શું કરવું એવો એક પ્રશ્ન જરૂર થાય અને તેનો સિધો જવાબ છે કે બીમારી આવવાના કારણો ક્યા છે તેના ઉપર કામ કરવું જોઇએ. બીમારી પછી દવા લેવી એ ડહાપણનું કાર્ય નથી પરંતુ બીમાર ન પડવું તે ડહાપણનું કામ છે.

આ માટે આપણા ઋષીઓ સુશ્રુત, ચરક, પતંજલી જેવા અનેક યુગ પુરૂષોએ સમયાંતરે માનવ આરોગ્યને સુરક્ષીત રાખવા ''આયુર્વેદ શાસ્ત્ર'' આપણને વારસામાં મળ્યું છે. આજ આયુર્વેદ શાસ્ત્ર આપણને બે ભાગમાં માર્ગદર્શન કરે છે (૧) બીમાર ન પડવા માટે જીવન જીવવાની પદ્ધતિ (૨) બીમાર વ્યક્તિને સારવાર માટેના ઉપાય. આ બંને વાતને સમજવાની જરૂર છે અને આપણા પૂર્વજો આ આયુર્વેદના જ્ઞાન અને માર્ગદર્શનને જીવનમાં ઉપયોગ કરતા અને લાંબુ અને નિરોગી આયુષ્ય મેળવતા હતા. જ્યારથી આપણે આ જ્ઞાનની પરંપરા છોડી છે. આવા વૈદો અને આ જ્ઞાન આધારીત પરિવારમાં વારસાગત આરોગ્યની સમજ સહજ મળતી આવી તે સ્ત્રોત આપણે દાદી વૈદુ એ પરિવારના વારસામાં પરિવારની બુઝુર્ગ સ્ત્રી એટલે કે દાદી અથવા દાદા આ વારસાગત અનુભવનું માર્ગદર્શન આધારે પરિવાર ચાલતો. પરિવારની ખાણી-પીણી, રહેન-શહેન, સુવા, બેસવા-ઉઠવાનું, વનસ્પીતઓનું સેવન, પંચગવ્યોનું જ્ઞાન નિશ્ચિત થયું અને એનો લાભ સમગ્ર પરિવારને દીર્ઘાયુ અને નિરોગી રાખતો. આ વાતને હજુ ૪૦ થી ૫૦ વર્ષ માંડ થયા હશે એટલે આની સાબીતી આપવાની જરૂર નથી. આ આપણે જોયેલી અને જીવેલી વાત છે.

આપણે ઉપર મુજબની આરોગ્ય સમસ્યા માટે ચિંતા કરવાને બદલે આ દુર્ઘટનાઓમાંથી જાગૃત થઇ આપણો આયુર્વેદનો પરંપરાગત વારસાને ફરીથી અપનાવીએ. માત્ર એલોપેથીના ભરોસે બેસી ન રહેતા આજે પણ આપણે નિરોગી રહેવા માટે અનેક ઉપાયો છે, અનેક પેથીઓ છે અને ખાસ કરીને બીમારી પછી સારવાર નહીં બીમાર જ ન થવાય તેના ઉપાયો ઉપર વધુ ધ્યાન આપવાની જરૂર છે. હાલમાં પણ એલોપેથી હોય કે આયુર્વેદ ડૉક્ટર હોય કે બીજી પેથીઓના ડૉક્ટર હોય પરંતુ મોટા ભાગના ડૉક્ટરની પ્રેકટીસ બીમાર પછી સારવારની જ વાત કરે છે. ખરેખર ડૉક્ટર સારવારના બદલે બીમાર ન પડવાનું માર્ગદર્શન (કાઉન્સીલીંગ) નથી આપતા તે ચિંતાનો વિષય છે. હવે બીમાર ન પડે તેના ડૉકટરની પરંપરાની જરૂર છે કારણ કે દાદી કે દાદા વૈદું હવે પરિવારનું જ્ઞાન પૂરી રીતે ખતમ થઇ રહ્યું છે. તો ચાલો આપણે ફરી આ પરંપરા માટે કેટલો વિચાર કરીએ... આપણી આ પરંપરા ફરી ચાલુ કરીએ... (ક્રમશઃ)

તંત્રી

મુખ્ય કાર્યાલય :
'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી કાર્યાલય ભવન વિજયનગર, અંજાર (કચ્છ)

વાર્ષિક લવાજમ : ₹ ૫૦૦
આજીવન લવાજમ : ₹ ૩૦૦૦

મહાસભા વેબસાઈટ
app.kgksamaj.org

રકમ કોઇપણ HDFC Bank - Anjar ની શાખામાં
"Shree K G K Samaj Mahasabha - Setu Samaj" ના
Saving A/c. No. 50100707870901 IFSC Code -HDFC0008795 માં ભરી શકાય છે.
E-mail : setusamaj@gmail.com

ખાસ નોંધ : ★ સરનામામાં ફેરફાર અથવા સુધારા-વધારા તેમજ વિજ્ઞાપન બાબતે જાણકારી મેળવવા માટે 9067292827 નંબર પર S.M.S. / Whatsapp કરવા વિનંતી. મેનેજમાં ગ્રાહક નંબર, પુરૂ નામ - સરનામું લખવું અનિવાર્ય છે. ★ સેતુ સમાજ સંદેશમાં પ્રકાશીત થતા અહેવાલ, વિચાર, પત્ર, જાહેરખબર, લેખ વગેરેની વિગત સાથે તંત્રીશ્રી, મહાસભાના પદાધિકારીઓ સહમત હોય એ જરૂરી નથી. વિગતને લખનારના વ્યક્તિગત વિચારો સમજવા.

Reg. No. : S/12386 of 1972-73 West Bengal Societies Act - XXVI of 1961



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

પ્રમુખશ્રી મહાસભા
'સમાજરત્ન'
શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી
જુનાવાસ, પો. માધાપર, તા. ભુજ (કચ્છ) 370 020
Mob. 9925229079

સહ વીર્ય કરવાવહૈ

વરીષ્ઠ મહામંત્રીશ્રી મહાસભા
શ્રી વિનોદભાઈ મોહનલાલ ખોડિયાર
'ખોડિયાર કૃપા' પ્લોટ નં. 8,
કામધેનુ સોસાયટી-1, અંજાર (કચ્છ) 370 110
Mob. 09408244644



પ્રમુખ સ્થાનેથી...

સર્વે સમાજબંધુઓને જય સમાજ... જય સિયારામ...

સેતુ સમાજ સંદેશનો આ અંક આપશ્રીના કરકમળોમાં આવશે ત્યારે આપણા ભારતભરના ૧૨૬ ઘટકોની દર્શન યાત્રા લગભગ પૂરી થવા આવેલ હશે. ''મહાસભા ઘટકોને આંગણે...'' આ બેનર હેઠળ માર્ચ-૨૦૨૬ થી શરૂ કરેલ સમાજબંધુઓસાથેના મિલનનું કાર્ય સાત માસના ગાળામાં પરિપૂર્ણ કરી દરેક સમાજબંધુઓના દર્શનથી નવી ઉર્જાનો સંચાર થયેલ અનુભવી શકું છું.

મિત્રો, આપણા વડીલોએ સિંચેલ વડલા રૂપી મહાસભાના હોદ્દેદારો અને કાર્યકર્તાઓ આપણા ઘટકે પધારે ત્યારે ઘટકોનો થનગનાટ, સમાજબંધુઓમાં રહેલ સમાજભાવના અને સમાજરત્નશ્રી તથા પોતાના સમાજના પ્રમુખશ્રીને મળવાની તાલાવેલી દરેક ઘટકોએ જોવા મળી હતી. રાષ્ટ્રીય મહાસભાના પ્રમુખશ્રી અને 'સમાજરત્નશ્રી' આજે મારે આંગણે આવ્યા છે તેનો અતિથિ સત્કાર કરવો એ મારી ફરજ છે તેવી અંતરની લાગણી દરેક સમાજબંધુઓમાં જોવા મળી. દરેકે દરેક ઘટકોમાં બહોળી સંખ્યામાં સમાજબંધુઓ અને ઘટકના વડીલો હાજર રહ્યા એટલું જ નહીં સમાજ સંગઠન માટે તેઓએ ભૂતકાળમાં કરેલ કાર્યોની વાતા પણ જાણવા મળી સાથે સાથે તેમના માર્ગદર્શનનો લાભ ઘટકના વર્તમાન કાર્યકર્તાઓને પણ મળ્યો. આપણા ભારત વર્ષના દરેક ઘટકો સક્રિય હશે તો મહાસભા આપોઆપ સક્રિય બનશે કારણ કે ઘટકોથી મહાસભા બને છે. મારો ઉદ્દેશ દરેક ઘટકોમાં જઈ ઘટકના મોભીઓ-વડીલો અને ત્રણેય પાંખના પ્રમુખશ્રીઓને ધન્યવાદ આપી તેમને સન્માન આપી યુવા કાર્યકરોને પ્રેરણા મળે તથા ઘટકોમાં સંગઠનની ઉર્જાનો સંચાર થાય, સમાજનો દરેક વ્યક્તિ મહાસભાની પ્રવૃત્તિઓ વિષે જાણકારી મેળવે, ઘટકમાં કોઇ સમાજબંધુ મુશ્કેલ પરિસ્થિતિમાં હોય તો તેને જરૂરી મદદ અને સાંત્વના મળી રહે, ઘટકે ઘટકે સમાજભવનો ઉભા કરવામાં કોઇ અડચણો હોય તો તેની ચર્ચા કરી ઘટતું કરી શકાય અને ખાસ તો આપણી આવતી પેઢી આપણા બાળકોમાં સામાજીકતાનો સંચાર થાય, રાષ્ટ્રીય સ્તરના કોઇ પ્રશ્નો હોય તો મહાસભામાં તેની ચર્ચા કરી નિર્ણય લઇ શકાય. આવા અનેકવિધ ઉદ્દેશો સાથેની આ યાત્રામાં મને પુરી સફળતા મળી છે એમ કહીશ તો અસ્થાને નહીં ગણાય. દરેક પ્રાદેશિક વિસ્તારમાં સ્થાનિય પ્રાદેશિક સમિતિના પ્રમુખશ્રીઓની ટીમ, મહાસભાના હોદ્દેદારો, યુવા મંડળ અને મહિલા મંડળના હોદ્દેદારોએ સાથે રહી સમાજબંધુઓના પ્રત્યક્ષ દર્શન કરવાના મારા અભિયાનમાં મને સાથે અને સહકાર આપેલ છે.

મહાસભાના વરીષ્ઠ મહામંત્રી શ્રી વિનોદભાઇ મોહનલાલ ખોડિયાર - અંજાર દરેકે દરેક ઘટકમાં સાથે રહી સમાજબંધુઓને મહાસભાના કાર્યોની જાણકારી આપી, મંત્રી શ્રી સુરેશભાઇ ચૌહાણ - કોરબા એ આ યાત્રાના ફોટોગ્રાફ અને સમાચારો વોટ્સએપના માધ્યમથી દરેક સમાજબંધુઓ સુધી પહોંચાડવા માટે જહેમત ઉઠાવી તે બદલ તેઓશ્રીનો ધન્યવાદ સહ હાર્દિક આભાર વ્યક્ત કરૂં છું. 'સેતુ સમાજ સંદેશ'ની ટીમે પણ મહાસભા ઘટકોને આંગણે અંતર્ગત ઘટક પ્રમુખો, યુવા પ્રમુખો અને મહિલા પ્રમુખોના સન્માનની તસવીરો ઘરે ઘરે પહોંચાડવા જહેમત લીધી અને શ્રી રામ ગ્રુપ ઓફ કંપની - માધાપરે તેનું સૌજન્ય શુલ્ક આપ્યું તે બદલ સર્વેનો આભાર વ્યક્ત કરૂં છું. સમાજ સંગઠનને મજબુત બનાવવા માટેની આ યાત્રા દરમ્યાન હું અને મહાસભાની મારી ટીમ દ્વારા કોઇનું પણ દિલ દુભાયું હોય તો મહાન પર્યુષણ પર્વ નિમિત્તે અંતરથી ક્ષમા પ્રાર્થીએ છીએ.



Sanjivni A/c :- Shri K.G.K. Samaj Mahasabha - IFSC Code PUNB0654100 A/c. No. 6541000100020441 P.N.B. - ANJAR (Kutch-Guj.)

Office : C/o. Shantilal Gopalji & Sons, Railway Station Road, Po. Anjar (Kutch-Guj.) 370 110. Mob. 9825163288

'संजीवनी संकल्पधारी परिवार'

:: प्रतिमास રૂા. ૧૧૦૦૦ ના પ્લેટીનમ દાતાશ્રી ::

'संजीवनी सम्राट' समाजरत्न श्रीमान विनोदभाई परसोत्तमभाई सोलंकी परिवार - माधापर
(प्रमुख, श्री कच्छ गुर्जर क्षत्रिय समाज महासभा)
'संजीवनी सम्राट' मातृश्री पुष्पाबेन धारशीभाई गोविंदभाई चौहाण परिवार - नागपुर

:: प्रतिमास રૂા. ૫૦૦૦ ના પ્રિમિયમ દાતાશ્રી ::

श्री सुनिलभाई विश्रामभाई चावडा परिवार - हैद्राबाद
(उपप्रमुखश्री महासभा)
श्री भोगीलालभाई देवसीभाई चावडा परिवार - मुन्द्रा
(उपप्रमुखश्री महासभा)
स्व. श्री मणीलालभाई केशवजीभाई चावडा परिवार - रायपुर
(पूर्व प्रमुखश्री महासभा)
सी.એ. श्री मुकुन्दभाई पुरुषोत्तमभाई चौहाण परिवार - सुरत
श्री जीग्नेशभाई मगनलालभाई जेठवा परिवार - कल्याण
श्री राजेशभाई दयारामभाई राठोड परिवार - नैरोबी (आफ्रिका)
श्री संदिपभाई प्रभुलालभाई चावडा परिवार - पुना
श्री शीवलालभाई करसनभाई चावडा (मामाश्री) - जयपुर

:: प्रतिमास રૂા. ૨૧૦૦/૨૦૦૦/-ના માનદ્ દાતાશ્રી ::

कर्नल सत्येन डी. राठोडसर - अमदावाद
श्री भुपेशभाई श्यामसुंदरभाई चावडा - पूना
श्रीमती मीनाबेन अशोकभाई धारशीभाई टांक - नागपुर
स्व. माया़बेन लक्ष्मणभाई अरजणभाई परमार परिवार - आदीपुर
श्री राजेशभाई सूर्यकान्तभाई राठोड - टाटानगर
श्रीमती भावनाबेन उमेशभाई चौहाण - कुकमा
श्रीमती लेखाबेन (डो.) बकुलभाई चावडा सर - हैद्राबाद
श्री केशवजीभाई मूरजीभाई चावडा परिवार - रायपुर

:: प्रतिमास રૂા. ૧૫૦૦/૧૦૦૦/-ના સહયોગી દાતાશ્રી ::

प्रो. श्री गोपालभाई पी. चावडासर - हैद्राबाद
बी.जे. चौहाण એસોસિએટ્સ - आदीपुर
ब्र.कु. બાબુભાઈ અરજણભાઈ પરમાર - माधापर (उपप्रमुखश्री महासभा)
श्री लीलाधरभाई रतिलालभाई खोडियार - शहडोल (महाकौशल प्रा.प्रमुख)
श्रीमती अनसुयाबेन જેરામભાઈ પરમાર - कुकमा
श्री दयारामभाई परબતભાઈ चौहाण - विशाखापट्टनम
श्री रामજીભાઈ नानજીભાઈ જેઠવા परिवार - खડગપુર-બાલાઘાટ
श्री अनिलभाई पुरुषोत्तमभाई खोडियार परिवार - अंजार
श्रीमती બબિતાબેન વિજયભાઈ चौहाण - मुंबई
संजीवनी सरताज श्री जगदीशभाई राજાભાઈ राठोड परिवार - धनબાદ-લંડન
श्रीमती लेखाबेन गोविंदभाई टांक - मोरબી
श्री मनोहरभाई विरમભાઈ टांक - अमदावाद
श्री परेशभाई गोविंदभाई चौहाण - राજકોટ (उपप्रमुखश्री महासभा)
श्री नविनभाई प्रेमજીભાઈ यादव - माधापर (घटक प्रमुखश्री हाજાપર)
श्रीमती कोમલબેન મોહનભાઈ चौहाण - तराना ग्रुप - अमदावाद-लખનૌ
संजीवनी सरताज श्री प्रदिपभाई चत्रભુજભાઈ चौहाण - नागपुर

:: प्रति मास રૂા. ૫૦૦-૨૫૦/-ના સ્નેહી દાતાશ્રી ::

गं.स्व. मायाबेन भरतभाई वलमજીભાઈ वाढेर - अंजार
श्री प्रतिકભાઈ દિનેશભાઈ टांक - वरीજ महामंत्री अ.भा.युवा महामंडળ-अंજાર
श्री किशोरभाई वालજીભાઈ परमार - धनबाद (प्रमुख कोलફીલ્ડ प्रा.)
श्री विજયભાઈ प्राગજીભાઈ पढियार - अंजार
श्री विनोदभाई अमरशीभाई राठोड परिवार (खंभरा) अंजार
श्री निशांतभाई निलेशभाई राठोड - हैद्राबाद
श्री गीरीशभाई पुरुषोत्तमभाई चावडा - राजनांदगांव
श्री प्रકાશભાઈ हीरજીભાઈ टांक - राजनांदगांव
श्रीमती भूમિકાબેન નિતિનભાઈ माधवજીભાઈ वરૂ - राઉરકેલા
श्री અરૂણકુમાર कांतिलालभाई चौहाण परिवार - माधापर
कु. ईशा राजेशभाई नरेन्द्रभाई चौहाण परिवार - हैद्राબાદ
श्री જયનેન્દ્રભાઈ कांतिलालभाई जेठवा - जબલપુર

(**विनंती :** उपरोक्त दाताश्रीओना नाम, गाम, रकम, विगत वगेरेमां जो कंई विसंगतता जणाय तो ध्यान दोरवा विनंती.)

(**नोंध :** उपरोक्त योजना हेठळ सहयोग राशी चालु न राखवाना संजोगोमां त्वरीत जाण करवा विनम्र विनंती.)



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

અભિલાષા-૫

।। શિક્ષણ દાન એજ મહાદાન ।।

શ્રી વિનોદભાઈ ચૌહાણ
પ્રભારીશ્રી

સંપર્ક : 'મુક્તાંગન', પ્લોટ નં. ૧૪૬ થી ૧૪૮/બી, યોગેશ્વરધામ, ન્યુ M.E.S. રોડ, R.T.O. રીલોકેશન પાસે, ભુજ (કચ્છ) ભુજ (કચ્છ)
મો. ૯૮૭૯૧ ૫૦૧૧૩ E-mail : vinodchauhan48@yahoo.in

Abhilasha A/c :- Shri K.G.K. Samaj Mahasabha - A/c. No. 30646325251 S.B.I. - Katcheri Branch, Raipur (C.G.) IFSC Code : SBIN0003314

નમસ્કાર... જય સમાજ... મહાસભા અભિલાષા સમિતિ દ્વારા તા. ૧/૪/૨૦૨૬ થી તા. ૩૧/૭/૨૦૨૬ સુધી કુલે ૨૦ છાત્રોને રૂા. ૨,૪૦,૦૦૦ જેટલી શિક્ષણ સહાય આપવામાં આવેલ છે. જે આપણા સમાજના શિક્ષણપ્રેમી અને ઉદારદિલ દાતાશ્રીઓને આભારી છે.



દાનદાતાશ્રીઓના આ ક્રમમાં આપણે 'સેલ્યુટ' કરીશું અભિલાષા સમિતિ પાસેથી શિક્ષણ સહાય મેળવી... ઉચ્ચ ડીગ્રી પ્રાપ્ત કરી આર્થિક રીતે પગભર થનાર **શ્રી નમ્રતાબેન નરેન્દ્રભાઈ ચૌહાણ – પુના** (મુળ ગામ - કુકમા)ને... જેમણે સતત ત્રીજી વખત રૂા. ૩૦,૦૦૦ (ત્રીસ હજાર) જેટલું માતબર દાન આપી પોતાની સામાજીક ફરજ બજાવી છે. પિતાશ્રી નરેન્દ્રભાઈ ચૌહાણની પ્રેરણાથી નિયમિત રીતે દાન આપનાર નમ્રતાબેનની લાગણી છે કે સમાજે મને સમયસર મદદ કરી... હવે મારે સમાજને મદદ કરવી જોઈએ. સમાજથી શિક્ષણ સહાય મેળવીને જીવનમાં સ્થાયી થયેલ યુવા-યુવતીઓ માટે નમ્રતાબેન ચૌહાણનું યોગદાન મિશાલરૂપ છે. આવી અનોખી ઉદારતા દર્શાવનાર નમ્રતાબેનનો આ સમિતિ ખુબ ખુબ આભાર માને છે તથા જીવનમાં સ્થાયી થયેલા અન્ય છાત્રો તેમનાથી પ્રેરણા લે તેવી આશા રાખે છે.



આપણા સમાજના સન્માનનિય વડીલ અને જયપુર ઘટક તથા રાજસ્થાન પ્રાદેશિકના પૂર્વ પ્રમુખ... ઉદારદીલદાતા **શ્રી શિવલાલભાઈ કરશનભાઈ ચાવડા** તરફથી તેમના પૌત્ર ચિ. કરન ના ચિ. જ્યોતિ સાથે થયેલ શુભ લગ્નની ખુશાલીમાં (તા. ૭/૭/૨૬) સમાજના અન્ય સેવા કાર્યો સાથેમહાસભા અભિલાષા સમિતિને પણ રૂા. ૧૧,૦૦૦/- નું ખુશાલી દાન પ્રાપ્ત થયું. નવદંપતિને લગ્નજીવનની હાર્દિક શુભકામના સાથે ''શિવલાલ મામા'' તથા તેમના પરિવારનો આ સમિતિ હાર્દિક આભાર માને છે.



આ ક્રમમાં મુળ ગામ રેહા હાલે માધાપર નિવાસી **સૌ. વૈશાલીબેન તથા શ્રી જીતેન્દ્રભાઈ ભવાનભાઈ વેગડ** તરફથી તેમની સુપુત્રી ચિ. રીચા ના ચિ. સમર્થ સાથે થયેલ શુભ લગ્ન (તા. ૯/૭/૨૦૨૬)ની ખુશાલીમાં રૂા. ૫,૦૦૦ નું ખુશાલી દાન પ્રાપ્ત થયેલ છે. નવદંપતિને લગ્નજીવનની હાર્દિક શુભકામના સાથે વેગડ પરિવારનો હાર્દિક આભાર આ સમિતિ માને છે.

આ ઉપરાંત તા. ૧૬/૭ થી તા. ૧૫/૮/૨૬ સુધી આ સમિતિને દાન આપનાર નિમ્નદર્શિત દાતાશ્રીઓનો પણ આ સમિતિ ખુબ ખુબ આભાર માને છે. રૂા. ૧૧,૦૦૦ - 'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલી - માધાપર (માસિક), રૂા. ૬,૦૦૦ - શ્રી વલમજીભાઈ પ્રેમજીભાઈ વાઘેલા - આદિપુર (વાર્ષિક), રૂા. ૫,૦૦૦ - શ્રી અનિલભાઈ જીવરામભાઈ ચૌહાણ - કુમ્હારી (માસિક), રૂા. ૨૧૦૦ - ડૉ. શ્રી બકુલચંદ્ર ચાવડા - હૈદ્રાબાદ (માસિક), રૂા. ૨૧૦૦ - શ્રી બાબુલાલ સામજીભાઈ ચૌહાણ - માધાપર (માસિક), રૂા. ૧૦૦૦ - સ્વ. નિરંજનભાઈ દાનાભાઈ પરમારની સ્મૃતિમાં હ. શ્રી હિમાંશુ પરમાર - માધાપર, રૂા. ૫૦૦ - શ્રી અરૂણભાઈ કાંતિલાલભાઈ ચૌહાણ - માધાપર (માસિક), રૂા. ૫૦૦ - શ્રી હર્ષદભાઈ કેશવજી (માસિક), રૂા. ૫૦૦ - કુ. ઈશા રાજેશભાઈ ચૌહાણ - હૈદ્રાબાદ (માસિક).

- વિનોદ લીલાધર ચૌહાણ - ઉપપ્રમુખ અને પ્રભારી



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

મહિલા ઉત્કર્ષ

બહેનોની દરેક સમસ્યામાં એમને સાથ-સહકાર અને સ્નેહભર્યું માર્ગદર્શન

પ્રભારી : શ્રીમતી મીતાબેન અશોકભાઇ રાઠોડ **સહપ્રભારી : શ્રીમતી પુનમબેન મુકુન્દભાઇ ટાંક - રાયપુર**

રાઠોડ બિલ્ડીંગ, સોમાની હોસ્પીટલ સામે, ૨/૭ તિલકનગર, પો. લાતુર (મહા.) મો. ૯૦૯૬૫૯૮૯૪૪

જય સમાજ... ગૌરવવંતી માતૃસંસ્થા રાષ્ટ્રીય મહાસભાની મહિલા ઉત્કર્ષ સમિતિ દ્વારા બહેનોના આર્થિક ઉત્કર્ષ માટે સ્વયં રોજગાર તરફ પ્રેરિત કરીને આત્મનિર્ભર બનાવવાના ઉદ્દેશ સાથે "Learn & Earn" અંતર્ગત ૨૭ મો પ્રોજેક્ટ ''વાઇલ્ડ લાઇફ ફોટોગ્રાફી'' એક અનેરો-યુનિક પ્રોજેક્ટ તા. ૧૦-૦૮-૨૦૨૬ના રોજ બહેનોની બહોળી ઉપસ્થિતિમાં ઓડીશા પ્રાદેશિક અંતર્ગત આવતા ભુવનેશ્વર ઘટકના શ્રીમતી મમતાબેન પરમાર દ્વારા ખુબજ સફળતાપૂર્વક ઓનલાઇન લેવામાં આવેલ.

શ્રીમતી મમતાબેન શૈલેષભાઇ પરમારએ ભુવનેશ્વર



નિવાસી છે. તેઓ સ્વ. ધીરજલાલભાઇ પરમાર તથા સ્વ. ધનગૌરીબેન પરમારના પુત્રવધુ અને સ્વ. દિલીપભાઇ વિશ્રામભાઇ ચાવડા અને સ્વ. હંસાબેન ચાવડાના સુપુત્રી છે. શ્રીમતી મમતાબેન કહે છે કે સન ૨૦૧૨થી વાઇલ્ડ લાઇફ અને બર્ડ ફોટોગ્રાફીની શરૂઆત કરી હતી. શરૂઆતમાં એક મિત્રથી પ્રેરિત થઇને પક્ષીઓ પ્રત્યેનો પ્રેમ વધ્યો અને ૨૦૧૪માં પહેલો કેમેરો લીધો પછી આ સફર શરૂ થઇ. સમય સાથે હાઇ એન્ડ કેમેરા અને પ્રાઇમ લેન્સ અપનાવ્યા. જેનાથી અત્યંત સ્પષ્ટ તસવીરો મળવા લાગી. ભારતના વિવિધ જંગલોમાં ૧૦૦-૨૦૦ પ્રજાતીઓ જોયા બાદ તેને વ્યવસાયમાં ફેરવીને બર્ડીંગ ટુર્સનું આયોજન શરૂ કર્યું. આજે તેમની તસવીરો વિવિધ કંપનીઓ અને એન.જી.ઓ. દ્વરારા સ્મૃતિભેટ તથા કેલેન્ડર માટે ખરીદવામાં આવે છે.

શ્રીમતી મમતાબેન કહે છે કે તેમની આ સફર માત્ર દેશ પુરતી સિમિત ન રહેતા મલેશીયા, થાઇલેન્ડ અને ભૂતાન સેવા દેશો સુધી વિસ્તરી છે અને અત્યાર સુધીમાં તેમની પાસે ૭૦૦થી વધુ પક્ષીઓની પ્રજાતિઓનું ડોક્યુમેન્ટેશન છે. રાજ્ય સરકારના વન વિભાગ દ્વારા પક્ષી ગણતરી અને સર્વેક્ષણ માટે પણ તેમને આમંત્રિત કરવામાં આવ્યા હતા. હાલમાં તેઓ ફ્રીલાન્સ ફોટોગ્રાફી, વાઇલ્ડલાઇફ ડોક્યુમેન્ટીંગ અને 'ઇ-બર્ડ' પોર્ટલ પર ઓડિશા રાજ્ય માટે રિવ્યુઅર તરીકે સેવા આપે છે. આ આપણા સમાજ માટે ખુબજ ગૌરવની વાત છે.

શ્રીમતી મમતાબેન કહે છે કે આ સફર દરમિયાન મને અધ્યક્ષા શ્રીમતી મીતાબેન રાઠોડ દ્વારા ''મહાભા મહિલા ઉત્કર્ષ સમિતિ'' સાથે જોડાઇને "Learn & Earn" અંતર્ગત ૨૭મા પ્રોજેક્ટ માટે કામ કરવાની અદ્‌ભૂત તક મળી. આ ઓનલાઇન વર્કશોપમાં મમતાબેને (1) How to do wildlife photography (2) How to make wildlife as professional (3) What is the scope in wildlife (4) Media& Publishing (5) Conservation & Research (6) Stock Photography (7) Portfolio specialization. આ બધીજ બાબતોમાં ખુબજ વિસ્તારપૂર્વક ચર્ચા કરી માર્ગદર્શન આપેલ હતું.

શ્રીમતી મમતાબેન કહે છે કે મહાસભાની મહિલા ઉત્કર્ષ સમિતિ વિવિધ પ્રકારના પ્રોજેક્ટસ અને અનેકવિધ વસ્તુઓ શીખવવાની તાલીમ દ્વારા મહિલાઓને આર્થિક રીતે સક્ષમ અને સ્વનિર્ભર બનવામાં ખુબજ મોટો સહકાર આપે છે, જે મહિલાઓના ઉત્થાન માટે અત્યંત આશીર્વાદરૂપ અને લાભદાયી સાબિત થઇ રહ્યું છે. હું શ્રીમતી મીતાબેન તથા સમસ્ત ટીમનો હૃદયપૂર્વક આભાર માનું છું. પક્ષીઓને નિહાળવાથી જે અદ્‌ભૂત ધૈર્ય, માનસિક શાંતિ અને પરમ આનંદને લીધે મમતાબેન કહે છે કે તેમની સફર અહીં અટકવાની નથી સતત જારી રહેશે.

મહાસભા મહિલા ઉત્કર્ષ સમિતિ શ્રીમતી મમતાબેન પરમાર જેવા ઉચ્ચ પ્રતિભાશાળી, પરિવાર અને સમાજને ગૌરવ અપાવનાર, વન્યજીવ ફોટોગ્રાફીમાં જ્ઞાન ધરાવતા, ખુબજ ધૈર્ય અને સંયમ ધરાવતા કર્મઠ, પ્રેમાળ-લાગણીશીલ, સમાજસેવાની ભાવનામાં સમર્પિત વ્યક્તિત્વ ધરાવતા સમાજની બહેનોને એક અનેરો યુનિક પ્રોજેક્ટ આપનાર મમતાબેનને હૃદયથી સેલ્યુટ આપી શબ્દસુમનોથી બિરદાવી હાર્દિક અભિનંદન આપી તેમના ઉજ્વલ જીવનમાં ઉતરોત્તર પ્રગતિ કરે, સફળતાના નવા શિખરો સર કરે તેવી પ્રભુચરણોમાં પ્રાર્થના કરી ખુબ ખુબ ધન્યવાદ આપે છે. અસ્તુ... જય સમાજ...

- અધ્યક્ષા : શ્રીમતી મીતાબેન રાઠોડ - લાતુર



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

અન્નપુર્ણા - ૧

।। અન્નદાન મહાદાન ।।



પ્રભારી :
શ્રી શાંતિલાલ પ્રેમજીભાઈ જેઠવા
અંજાર (કચ્છ) મો. ૯૮૯૮૨૯૬૯૦૦

સહપ્રભારી :
શ્રી વિનોદભાઈ શાંતિલાલ જેઠવા
અંજાર (કચ્છ) મો. ૯૮૨૫૧૬૩૨૮૮

Annpurna A/c :- Shri K.G.K. Samaj Mahasabha - IFSC Code PUNB0654100 A/c. No. 6541000100020441 P.N.B. - ANJAR (Kutch-Guj.)

'અન્નપુર્ણા સંકલ્પધારી પરિવાર'

:: પ્રતિમાસ રૂા. ૬૦૦૦/૫૦૦૦ ના પ્રિમિયમ દાતાશ્રી ::

શ્રી દિપેશભાઈ મગનલાલભાઈ જેઠવા પરિવાર	કલ્યાણ-યુએસએ	
શ્રીમતી સુરભીબેન મનોહરભાઈ વિરમભાઈ ટાંક પરિવાર	અમદાવાદ	
શ્રી સુભાષભાઈ રતિલાલભાઈ ચાવડા પરિવાર	ગોંદિયા-નાગપુર-વડોદરા	
'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી પરિવાર	માધાપર	(પ્રમુખશ્રી મહાસભા)
શ્રી અનિલભાઈ જીવરામભાઈ ચૌહાણ પરિવાર	કુમ્હારી	(ઉપપ્રમુખશ્રી મહાસભા)
શ્રીમતી રૂચિતાબેન જીગ્નેશભાઈ મગનલાલ જેઠવા	કલ્યાણ	

:: પ્રતિમાસ રૂા. ૨૦૦૦/૧૫૦૦/- ૧૦૦૦/- ના માનદ્ દાતાશ્રી ::

શ્રી શિવલાલભાઈ કરસનભાઈ ચાવડા પરિવાર	જયપુર (રાજ.)	(મામાશ્રી)
શ્રી શાંતિલાલ પ્રેમજીભાઈ જેઠવા પરિવાર	અંજાર	(પ્રભારી - અન્નપુર્ણા યોજના)
શ્રીમતી મીતાબેન અશોકભાઈ રાઠોડ	લાતુર	(પ્રભારી - મહિલા ઉત્કર્ષ સમિતિ મહાસભા)
ડૉ. શ્રી કાંતિલાલભાઈ પુરૂષોત્તમભાઈ ચાવડા સર (એમ.એસ.)	જયપુર (રાજ.)	(પ્રમુખશ્રી રાજસ્થાન પ્રાદેશિક સમિતિ)
'નારીરત્ન' શ્રીમતી કંચનબેન શાંતિલાલભાઈ જેઠવા	અંજાર	હ. શ્રી શાંતિલાલભાઈ જી. જેઠવા - અંજાર
શ્રીમતી રસિલાબેન નાનાલાલભાઈ સોલંકી	અંજાર	
માતૃશ્રી પ્રાણકુંવરબેન કાંતિલાલભાઈ રાઠોડ	દુર્ગ	હ. સુપુત્રી શ્રીમતી મીનાબેન જયંતભાઈ રાઠોડ - અંજાર
શ્રી ભુપેન્દ્રભાઈ ચંદ્રકાંતભાઈ ચાવડા પરિવાર	રાયપુર	
ગં.સ્વ. ઉર્મિલાબેન અનિલભાઈ કેશવજીભાઈ ટાંક પરિવાર	અંજાર	હ. શ્રી સુરેશભાઈ અનિલભાઈ ટાંક - અંજાર
માતૃશ્રી કસ્તુરીબેન સૌભાગ્યલાલભાઈ ચૌહાણ (સિનુગ્રા)	અંજાર	હ. શ્રી ઉમેશભાઈ એસ. ચૌહાણ - અંજાર
શ્રીમતી મીનાબેન અશોકભાઈ ધારશીભાઈ ટાંક પરિવાર	નાગપુર	હ. શ્રી રાઘવભાઈ અશોકભાઈ ટાંક - નાગપુર
ગં.સ્વ. વંદનાબેન રસીકભાઈ ટાંક (પૂર્વ પ્રમુખ અ.ભા.મ.મહામંડળ)	બાલાઘાટ	

:: પ્રતિ માસ રૂા. ૫૦૦/-ના સહયોગી દાતાશ્રી ::

સ્વ. માતૃશ્રી નયનાબેન પ્રાગજીભાઈ ધનજીભાઈ પઢિઆર પરિવાર	અંજાર	હ. શ્રી અજયભાઈ પઢિઆર
સ્વ. નટવરલાલભાઈ ભનુભાઈ પરમાર	અંજાર	હ. શ્રી પરેશભાઈ, શ્રી ગિરિશભાઈ પરમાર
શ્રી ભરતભાઈ જેઠાલાલભાઈ રાઠોડ	માધાપર	પ્રમુખશ્રી માધાપર યુવા મંડળ
શ્રી દિપકભાઈ કાંતિલાલભાઈ ચૌહાણ પરિવાર	માધાપર	
શ્રી પ્રતિકભાઈ દિનેશભાઈ ટાંક	અંજાર	વરીષ્ઠ મહામંત્રીશ્રી, અ.ભા.યુવા મહામંડળ
માતૃશ્રી શાન્તાબેન સુર્યકાંતભાઈ વેગડ પરિવાર	અંજાર	હ. શ્રી પ્રવિણભાઈ સુર્યકાન્તભાઈ વેગડ
શ્રી અરૂણભાઈ કાંતિલાલભાઈ ચૌહાણ	માધાપર	
ઈશા રાજેશભાઈ નરેન્દ્રભાઈ ચૌહાણ પરિવાર	હૈદ્રાબાદ	

(**વિનંતી :** ઉપરોક્ત દાતાશ્રીઓના નામ, ગામ, રકમ, વિગત વગેરેમાં જો કંઈ વિસંગતતા જણાય તો ધ્યાન દોરવા વિનંતી.)

(**નોંધ :** ઉપરોક્ત યોજના હેઠળ સહયોગ રાશી ચાલુ ન રાખવાના સંજોગોમાં ત્વરીત જાણ કરવા વિનમ્ર વિનંતી.)

પ્રાદેશિક સમિતિ તથા ઘટકોના સમાચાર

કચ્છ પ્રાદેશિક સમિતિ



કચ્છ પ્રાદેશિક અંતર્ગતના ઘટક, યુવા મંડળ, મહિલા મંડળ ના પ્રમુખ અને મંત્રીઓ, મહાસભાના પદાધિકારીશ્રીઓ, અ.ભા. મહિલા મંડળ તથા યુવા મંડળના પદાધિકારીશ્રીઓ, કચ્છ પ્રાદેશિક, મહિલા પ્રાદેશિક તથા યુવા પ્રાદેશિકના પદાધિકારીશ્રીઓ તેમજ સંપર્ક સારથીઓને, દ્વારકા અર્ધવાર્ષિક મિટિંગમાં ''જોડી જંકશન ઓન લાઇન સગપણ સોલ્યુશન'' નામે લોકાપર્ણ કરવામાં આવેલ એપ બાબતે વિસ્તૃત માહિતી અને જરૂરી માર્ગદર્શન મળી રહે તે હેતુથી શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા મેરેજ બ્યુરો સમિતિની જોડી જંકશન સમિતિ પ્રેરિત અને કચ્છ પ્રાદેશિક સમિતિ - દ્વારા આયોજિત તથા અંજાર ઘટકના સ્નેહમય આમંત્રણથી અંજાર સમાજ ભવન મધ્યે તા. ૦૨.૦૮.૨૦૨૬, રવિવારે એક કાર્ય શિબિરનું આયોજન કરવામાં આવેલ હતું.

સભાના પ્રારંભે પ્રાદેશિક સમિતિ પ્રમુખશ્રી બાબુભાઈ ચૌહાણ, ઉપસ્થિત મહાસભાના પ્રમુખ આદ. સમાજરત્ન શ્રી વિનોદભાઈ સોલંકી, વરિષ્ઠ ઉપપ્રમુખશ્રી ડો.મનોજભાઈ સોલંકી, ઉપપ્રમુખો શ્રી વિનોદભાઈ ચૌહાણ, શ્રી વિનોદભાઈ જેઠવા, બ્ર.કુ.શ્રી બાબુભાઈ પરમાર,શ્રી બલરામભાઈ જેઠવા,અંજાર ઘટક પ્રમુખ વિનોદભાઈ ખોડીયાર, અ.ભા.મ.મંડળના ચેરમેન અને મેરેજ બ્યુરો અધ્યક્ષા શ્રીમતી અમિતાબેન સોલંકી, મહિલા પ્રાદેશિક પ્રમુખ શ્રીમતી રીટાબેન ચૌહાણ, અ.ભા.મહિલા મંડળના વરિષ્ઠ ઉપપ્રમુખ પુષ્પાબેન ટાંક, અ.ભા. યુવા મંડળના વરિષ્ઠ મહામંત્રી પ્રતીકભાઈ ટાંક સાથે અન્ય મહાનુભાવો દ્વારા દિપ પ્રાગટ્ય કરી, શ્રીરામ સ્તુતિ સાથે કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવ્યો હતો.

પ્રાદેશિક સમિતિ વતિથી મહામંત્રીશ્રી અનિલભાઈ ચૌહાણ દ્વારા ઉપસ્થિત સૌ મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત સન્માન કરવામાં આવેલ તથા મહાનુભાવોનું પુષ્પગુચ્છ વડે પણ સન્માન કરાવેલ,અંજાર ઘટક વતી મહામંત્રીશ્રી વિનોદભાઈ જેઠવા દ્વારા પણ ઉપસ્થિત સૌનુ અંજાર ઘટક વતિથી સ્વાગત સન્માન કરવામાં આવેલ. શ્રી અનિલભાઈ ચૌહાણે આજના સેમીનારમાં હોદેદારોને માટે આવરી લીધેલ વિષયોની જાણકારી અને વક્તાઓનો પરિચય આપેલ. સેમીનારનો હેતુ અને ઉદ્દેશ બાબતે આ સમિતિના સહ પ્રભારી અને મહાસભા ઉપપ્રમુખ શ્રી વિનોદભાઈ જેઠવાએ ઓનલાઇન એપની વિગતવાર જાણકારી આપી અને આ એપમાં સમગ્ર ભારતભરમાંથી સૌ લાયક પાત્રોને જોડાવા અપીલ કરેલ.

મેરેજ બ્યુરો અધ્યક્ષા શ્રીમતી અમિતાબેન સોલંકીએ પણ આ ઓનલાઇન સગપણ સોલ્યુશન એપનો દરેક ઘટકોમા પ્રચાર પ્રસાર થાય અને વધુમા વધુ પાત્રો જોડાય તે માટે સૌ એ સહિયારા પ્રયત્નો કરવા જણાવેલ હતું. મહાસભા ઉપપ્રમુખશ્રી અને સમિતિના પ્રભારી તથા આજના કાર્યક્રમના ભોજન દાતા શ્રી ભોગીલાલ દેવશીભાઈ ચાવડાની આકસ્મિક અનુપસ્થિતિમા મહાસભા મહામંત્રીશ્રી વિનોદભાઈ પઢિયાર દ્વારા ઓન લાઇન એપની ડેટા એન્ટ્રી તથા અન્ય જરૂરી માહિતી માટે માર્ગદર્શન આપવામા આવેલ હતું. મહિલા પ્રાદેશિક પ્રમુખ શ્રીમતી રીટાબેન ચૌહાણ દ્વારા સૌ સંપર્ક સારથીઓને પણ આ કાર્ય માટે સહકાર આપવા અને ઘટક લેવલે ઉપયોગી થવા જણાવવામાં આવેલ.

શ્રી અજયભાઈ પઢિયાર - અંજાર, શ્રી પંકજભાઈ ચૌહાણ - કુકમા, શ્રીમતી ખ્યાતિબેન ચૌહાણ - નાગલપુર, શ્રી વિજયભાઈ પઢિયાર - અંજાર, શ્રીમતી પુષ્પાબેન ટાંક અને શ્રી જીવરામભાઈ ટાંક - અંજાર, શ્રી વિનોદભાઈ ચૌહાણ - ભુજ દ્વારા આ એપ માટે જરૂરી સુચનો પણ આપવામાં આવ્યા હતા.



મહાસભા ઉપપ્રમુખો બ્ર.કુ.શ્રીબાબુભાઈ પરમાર,શ્રી વિનોદભાઈ ચૌહાણ તથા વરિષ્ઠ મહામંત્રી અને અંજાર ઘટક પ્રમુખ શ્રી વિનોદભાઈ ખોડીયાર દ્વારા પણ ઉપયોગી માર્ગદર્શન આપવામાં આવેલ હતું. મહાસભા વરિષ્ઠ ઉપપ્રમુખશ્રી ડો. મનોજભાઈ સોલંકીએ કચ્છ પ્રાદેશિકની આવી સુંદર પહેલ બદલ ધન્યવાદ આપી પોતા તરફથી પણ કેટલાક સુચનો કર્યા અને આ સ્કીમને સફળ બનાવવા તથા વધુમાં વધુ પાત્રો લાભ લે જેથી દરેકને પોતાના પસંદગીના પાત્રો સહેલાઈથી મળી શકે એવી શુભેરછાઓ આપેલ હતી. કાર્ય શિબિર દરમિયાન ઉપસ્થિત થએલ પ્રશ્નો અને સૂચનો બાબતે સહ પ્રભારી શ્રી વિનોદભાઈ જેઠવા દ્વારા વિગતવાર જાણકારી આપી અને સુચનો બાબતે જરૂરથી વિચારવાની હૈયાધારણ આપેલ હતી.

મહાસભા પ્રમુખશ્રી સમાજરત્ન વિનોદભાઈ સોલંકીજીએ પણ આવા સમાજ ઉપયોગી કાર્યોના સુચારૂ અમલ અને મુશ્કેલીઓના નિવારણ માટે કચ્છ પ્રાદેશિક સમિતિની પહેલ બદલ ધન્યવાદ આપી,સમાજમાં સળગતી સગપણ સમસ્યાના સમાધાન માટે આપણા સૌના સામૂહિક પ્રયાસ જરૂરી હોવા પર ભાર મૂકેલ અને મહાસભા સમાજ હિતના આવા કોઈપણ પ્રયાસ માટે હમેંશા કટિબધ્ધ હોવાનું જણાવેલ હતું.

પ્રમુખ સ્થાનેથી પ્રાદેશિક સમિતિના પ્રમુખશ્રી બાબુભાઈ ચૌહાણે આવા સરસ અને ઉપયોગી કાર્યક્રમથી સમાજમાં સંગઠન મજબૂત થાય છે અને આવા કાર્યો માટે વિસ્તૃત માર્ગદર્શન મળેછે. કચ્છ પ્રાદેશિક સમિતિને આવા સુંદર કાર્યક્રમના આયોજન બાબતે પ્રેરિત કરવા બદલ જોડી જંકશન સમિતિ તથા સમાજ મહાસભાને ધન્યવાદ આપેલ અને અંજાર ઘટકને પણ આવા સુંદર આયોજનમા સહકાર આપવા બદલ આભાર વ્યક્ત કરેલ અને દરેક વક્તાઓને પણ સુંદર માહિતીના પ્રદાન માટે ધન્યવાદ આપેલ હતા.

ઉપસ્થિત સૌના માટે બપોરનુ ભોજન મહાસભા ઉપપ્રમુખશ્રી અને સમિતિના પ્રભારી શ્રી ભોગીલાલભાઈ ચાવડા - મુંદ્રા તરફથી આયોજિત કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમમાં આમંત્રિત મહાનુભાવો,દરેક ઘટકોમાંથી ત્રણેય પાંખના હોદેદારો,નિયુક્ત સંપર્ક સારથી બહેનો/ભાઈઓ, ઉપસ્થિત રહેલ હતા. અંતમાં પ્રાદેશિક મહામંત્રી શ્રી અનિલભાઈ ચૌહાણ દ્વારા સૌ મહાનુભાવો તથા ભાગ લેનાર તમામ હોદેદારો, અંજાર ઘટક, મહિલા મંડળ, યુવા મંડળ તેમજ આ કાર્યક્રમને સફળ બનાવવા માટે જહેમત લેનાર શ્રી રાજેશભાઈ ટાંક, શ્રી શાંતિલાલભાઈ જેઠવા, શ્રી રાકેશભાઈ ટાંક સહિત તમામનો કચ્છ પ્રાદેશિક સમિતિ વતીથી આભાર વ્યક્ત કરી,પ્રમુખશ્રીની અનુમતિથી કાર્યક્રમ પૂર્ણ જાહેર કરેલ અંતમાં રાષ્ટ્રગીતના ગાન સાથે સૌ છુટા પડેલ.

કેંજોરગઢ ઘટક

કેંજોરગઢ ઘટક દ્વારા પવિત્ર પુરુષોત્તમ માસના અવસરે ઓડિશાની ગંગા તરીકે પ્રસિદ્ધ પવિત્ર વૈતરણી નદીમાં સ્નાન તથા ભારતના ૫૧ શક્તિપીઠોમાંના એક પવિત્ર બીરજાક્ષેત્ર ખાતે માતા બિરજાના દર્શન માટે ભવ્ય ધાર્મિક યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. તા. ૧૨.૬.૨૦૨૬ના રોજ વહેલી સવારે ૫:૦૦ વાગ્યે આશરે ૮૦ જેટલા વડિલો, ભાઈઓ, બહેનો તથા બાળકો ઉત્સાહભેર યાત્રા માટે પ્રસ્થાન કર્યું. માર્ગમાં ચા-નાસ્તો કરીને સવારે ૯:૦૦ વાગ્યા સુધી જાજપુર પહોંચ્યા. ત્યાં સૌએ પવિત્ર વૈતરણી નદીમાં સ્નાન કરી પૂજા-અર્ચના અને ધાર્મિક વિધિઓ સંપન્ન કરી. ત્યારબાદ યાત્રાળુઓએ આસપાસ આવેલા વિવિધ મંદિરો અને ધાર્મિક સ્થળોના દર્શન કરી આધ્યાત્મિક લાભ મેળવ્યો તેમજ મંદિરનો પ્રસાદ ગ્રહણ કર્યો. બપોર બાદ સૌએ માતા બિરજાના દિવ્ય દર્શન કર્યા. આ પવિત્ર સ્થાન નાભિ ગયા





તરીકે પણ ઓળખાય છે, જેનું હિન્દુ ધર્મમાં વિશેષ મહત્વ છે. સાંજે ૫:૦૦ વાગ્યે પરત ફરતી વખતે સૌએ તારિણી માતાના દર્શન તથા સાંજની આરતીનો લાભ લીધો. દર્શન પૂર્ણ કરીને તમામ યાત્રાળુઓ સુખદ અને આનંદમય અનુભવો સાથે કેંજોરગઢ પરત ફર્યા. આ સમગ્ર યાત્રામાં સૌએ ખૂબ જ શ્રદ્ધા, ભક્તિ અને ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. તમામના સહયોગથી આ ધાર્મિક કાર્યક્રમ સફળ અને યાદગાર બન્યો.

દર વર્ષની જેમ આ વર્ષે પણ તા. ૧૫.૮.૨૦૨૬ના સ્વાતંત્ર્ય દિવસના અવસર પર સમાજવાડીમાં ધ્વજવંદન કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. મુખ્ય અતિથિ તરીકે કાંતાબેન વલમજીભાઈ પઢિયારના હસ્તે ધ્વજારોહણ કરવામાં આવેલ હતું. ઘટક પ્રમુખ શ્રી રાજેશભાઈ શિવલાલ પરમાર, મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી રેખાબેન જાદવજી યાદવ તથા યુવક મંડળ મંત્રી શ્રી દેવેનભાઈ મુકુંદભાઈ સોલંકીએ પુષ્પગુચ્છ આપી તથા સાલ ઓઢાડી અતિથિનું સ્વાગત કર્યું હતું. ત્યારબાદ અતિથિના હસ્તે ધ્વજારોહણ કરવામાં આવેલ હતું. સૌએ રાષ્ટ્રગીત ગાયું હતું. સ્વ. પોપટલાલ દેવરામભાઇ રાઠોડની પ્રતિમૂર્તિને અતિથિએ પુષ્પ અર્પણ કરી શ્રદ્ધાંજલિ આપી હતી..

ઘટક મંત્રી શ્રી મનોજભાઈ પુરુષોત્તમભાઈ ચાવડાએ અતિથિ તથા ઉપસ્થિત સૌ મહાનુભાવોને આ કાર્યક્રમમાં સ્વાગત કર્યું હતું. તે પછી શ્રીમતી રીતાબેન કિશોરભાઈ રાઠોડ, અંશ રાજેશભાઈ રાઠોડ તથા વંશિકા રાજીવ ભાઈ યાદવ એ ઉદ્‌બોધન આપ્યું હતું તથા દેશભક્તિ ગીત ગાયું હતું. યુવક મંડળ મંત્રી શ્રી દેવેનભાઈ, મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી રેખાબેન તથા ઘટક પ્રમુખ શ્રી રાજેશભાઈએ પોતપોતાનું ઉદ્‌બોધન આપ્યું હતું. ત્યારબાદ મુખ્ય અતિથિ કાન્તાબેન એ પોતાનું ઉદબોધન આપતા તેમને અતિથિ તરીકે આમંત્રિત કરવા બાદલ આભાર વ્યક્ત કર્યો હતો. અંતમાં મંત્રી શ્રી મનોજભાઈ સૌ મહાનુભાવોનો આભાર વ્યક્ત કર્યો હતો. ત્યારબાદ સૌ અલ્પાહાર લઈ છૂટા પડ્યા હતા.

માધાપર ઘટક



માધાપર ઘટકની સામાન્ય સભા તા. ૧૨-૦૭-૨૦૨૬, રવિવારના રોજ સાંજે ૬.૦૦ કલાકે સમાજ ભવન મધ્યે ઘટક પ્રમુખ શ્રી જયંતીલાલભાઇ વલમજીભાઇ વાઘેલાના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવેલ હતી. કાર્યક્રમનો પ્રારંભ મંચસ્થ મહાનુભાવો દ્વારા દીપ પ્રાગટ્ય કરી રામસ્તુતિનું સામુહિક પઠન કરવામાં આવેલ હતું. ત્યાર બાદ સ્વ. મહેન્દ્રભાઇ વલમજીભાઇ વરૂ તેમજ માધાપર ઘટકમાં અવસાન પામેલ સમાજબાંધવોને બે મિનીટ મૌન પાળી શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. ત્યાર બાદ શાબ્દિક સ્વાગત બાદ સહમંત્રી શ્રી દિનેશભાઇ ચાવડાએ ગત મીટીંગની મિનિટ્સનું વાંચન કર્યું જેનું સર્વાનુમતે બહાલી આપવામાં આવી હતી. ત્યાર બાદ વાર્ષિક હિસાબો સહમંત્રી શ્રી દિનેશભાઇ ચાવડા દ્વારા રજુ કરવામાં આવેલ. જેમાં વર્ષ દરમ્યાન રૂા. ૯,૦૦,૦૦૦ની બચત થયેલ હતી. જેના માટે સૌએ અભિનંદન આપ્યા હતા અને સર્વાનુમતે મંજુર કરવામાં આવેલ હતા. ત્યાર બાદ વર્ષ દરમ્યાન થયેલ પ્રવૃત્તિ અને પ્રગતિનો અહેવાલ સહમંત્રી શ્રી દિનેશભાઇ ચાવડા દ્વારા રજુ કરવામાં આવેલ હતો. અહેવાલમાં વર્ષ દરમ્યાન સારી પ્રવૃત્તિઓ થયેલી છે. રાબેતા મુજબની પ્રવૃત્તિઓ ઉપરાંત રાહત ભાવે નોટબુક વિતરણના વાર્ષિક પ્રોજેક્ટ તેમજ નિઃશુલ્ક સુવર્ણપ્રાશનના કેમ્પ દર માસે શરૂ કરવામાં આવેલ છે. જેના માટે સૌએ આનંદ વ્યક્ત કરી પ્રમુખશ્રી તથા કારોબારીને અભિનંદન આપ્યા હતા. સ્વ. મહેન્દ્રભાઇ વલમજીભાઇ વરૂનું અવસાન થયેલ હોવાથી તેમનુ નામ મહાસભાના ઘટકોના પ્રતિનિધિઓના નામમાં સામેલ હતું પરંતુ અવસાન બાદ તેમના નામના સ્થાને અન્ય સભ્યનું નામ મહાસભાના પ્રતિનિધિ તરીકે સમાવેશ કરવાનું હોવાથી શ્રી યજ્ઞેશ ચૌહાણનું નામ સર્વાનુમતે મંજુર કરવામાં આવેલ.

ત્યાર બાદ પ્રમુખશ્રીની અનુમતિથી રજુઆતમાં ઠાકર મંદિરના આગામી પાટોત્સવ માગસર સુદ પાંચમના કથાના આયોજનની રજુઆત કરવામાં આવી હતી. જેને સર્વ સંમતિથી સ્વીકારવામાં આવી અને કથાના મુખ્ય યજમાન મહાસભાના પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકીની જાહેરાત સૌ લોકોએ વધાવી લીધી હતી. ત્યાર બાદ મહાસભાના પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી,

મહાસભાના વરીષ્ઠ ઉપપ્રમુખ ડૉ. શ્રી મનોજભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી, મહાસભાના ઉપપ્રમુખ બ્ર.કુ. શ્રી બાબુભાઇ અરજણભાઇ પરમાર, કચ્છ પ્રાદેશિક પ્રમુખ શ્રી બાબુલાલભાઇ સામજીભાઇ ચૌહાણ, માધાપર ઘટક સલાહકાર શ્રી ચમનભાઇ માધવજીભાઇ ચૌહાણ, મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી તારાબેન રમેશભાઇ ટાંક અને યુવા મંડળ પ્રમુખ શ્રી ભરતભાઇ જેઠાલાલ રાઠોડે પ્રાસંગીક પ્રવચન આપેલ હતું. ત્યાર બાદ ઘટક પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે, ડિસેમ્બર-૨૦૨૬ના મહાસભાના વાર્ષિક અધિવેશન માટે માધાપર ઘટક તરફથી આમંત્રણ આપવામાં આવેલ હતું તે દ્વારકા મધ્યે થયેલ મહાસભાની અર્ધવાર્ષિક બેઠકમાં સ્વીકૃતિ મળેલ છે જેનો માધાપર ઘટકને આનંદ છે. સાથે વર્ષ દરમ્યાન થયેલ પ્રવૃત્તિ અને પ્રગતિ માટે ઘટકના કારોબારી સભ્યોની મહેનત અને સાથ-સહકાર મને મળેલ છે. સાથે મહિલા મંડળ, યુવા મંડળ અને યુવતી મંડળના સભ્યોએ પણ સાથ-સહકાર આપેલ છે.

સામાન્ય સભામાં સમાજ અગ્રણી શ્રી ગજેન્દ્રભાઇ વાઘેલા અને દામજીભાઇ વરૂ અને સમાજના ભાઇઓ-બહેનો હાજર રહેલ તેમનો આભાર માનવામાં આવેલ હતો. મીટીંગની સફળતા માટે ઘટક મંત્રી શ્રી દિપકભાઇ નરસિંહભાઇ ચૌહાણણ, શ્રી કમલેશભાઇ મુરજીભાઇ પરમાર, શ્રી ગિરીશભાઇ હીરજીભાઇ ચૌહાણ, શ્રી હિરેનભાઇ હરિલાલભાઇ ચૌહાણ તથા યુવા મંડળ, મહિલા મંડળ, યુવતી મંડળ દ્વારા જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમનું સંચાલન માધાપર ઘટકના સહમંત્રી શ્રી દિનેશભાઇ નરેન્દ્રભાઇ ચાવડાએ કરેલ હતું. સામાન્ય સભા બાદ અલ્પાહારનું આયોજન રાખેલ હતું.



માધાપર ઘટક દ્વારા સીનીયર સિટીઝન બોક્સ ક્રિકેટ ટુર્નામેન્ટ-૨૦૨૬નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ટુર્નામેન્ટની મેચ ઘટક પ્રમુખ શ્રી જયંતિલાલભાઇ વાઘેલાના અધ્યક્ષ સ્થાને તા. ૧૮-૦૭-૨૬, શનિવારના સાંજે ૭.૦૦ કલાકે પાવર પ્લે ગ્રાઉન્ડ મધ્યે રાખવામાં આવેલ હતી. મહાસભાના પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી તથા મહાનુભાવોના હસ્તે દીપ પ્રાગટ્ય કરી સીનીયર સિટીઝન બોક્સ ક્રિકેટ ટુર્નામેન્ટની શરૂઆત કરવામાં આવી હતી.

આ પ્રસંગે મહાસભાના પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ સોલંકી, મહાસભાના વરીષ્ઠ ઉપપ્રમુખ ડૉ. મનોજભાઇ સોલંકી, અ.ભા.મ. મહામંડળના ઉપપ્રમુખ શ્રીમતી નીતાબેન વિનોદભાઇ સોલંકી, કચ્છ પ્રા. પ્રમુખ બાબુભાઇ ચૌહાણ, મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી તારાબેન ટાંક, યુવા મંડળ પ્રમુખ શ્રી ભરતભાઇ રાઠોડ તેમજ સમાજના ભાઇઓ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

આ ટુર્નામેન્ટમાં માધાપર ઘટકના સિનીયર સીટીઝનના ભાઇઓની કુલ ૭ ટીમો અને સિનીયર સીટીઝન બહેનોની કુલ ૩ ટીમોએ ભાગ લીધો હતો. સિનીયર સીટીઝનના ભાઇઓમાં ફાઇનલ મેચ ટીમ સદ્‌ભાવના અને બજરંગ ઇલેવન વચ્ચે રમાઇ હતી જેમાં બજરંગ ઇલેવન ટીમનો વિજય થયેલ હતો. ત્યાર બાદ



સિનીયર સીટીઝનના બહેનોમાં ફાઇનલ મેચ અહલ્યાબાઇ અને લક્ષ્મીબાઇ વચ્ચે રમાઇ હતી. જેમાં અહલ્યાબાઇ ટીમનો વિજય થયેલ હતો.

ત્યાર બાદ દરેક સભ્યોને મેડલ આપી સન્માનીત કરવામાં આવેલ હતા. ત્યાર બાદ સિનીયર સીટીઝન ભાઇઓમાં રનર્સ અપ ટીમ ટીમ સદ્‌ભાવના અને વિજેતા ટીમ બજરંગ ઇલેવનને મહાસભાના પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ સોલંકીના હસ્તે ટ્રોફી આપવામાં આવેલ હતી. ત્યાર બાદ સિનીયર બહેનોમાં રનર્સઅપ ટીમ લક્ષ્મીબાઇ અને વિજેતા ટીમ અહલ્યાબાઇને માધાપર ઘટક પ્રમુખ શ્રી જયંતિભાઇ વાઘેલાના હસ્તે ટ્રોફી આપવામાં આવેલ હતી. આ પ્રસંગે 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ



સોલંકીએ જણાવ્યું હતું કે, હાર-જીત રમતનો ભાગ છે તેનાથી હતાશ થવાની જરૂર નથી તેવી જ રીતે જીવનમાં પણ કોઇપણ મુશ્કેલી આવે તો હતાશ થયા વગર તેની સામે ઝઝુમવું જોઇએ. ત્યાર બાદ ઘટક પ્રમુખ શ્રી જયંતીભાઇ વાઘેલા, કચ્છ પ્રા. પ્રમુખશ્રી બાબુભાઇ ચૌહાણ, વગેરેએ પ્રાસંગીક ઉદ્‌બોધન આપેલ હતું. ટુર્નામેન્ટને સફળ બનાવવા દીપકભાઇ ચૌહાણ, ચેતન ચૌહાણ, કિરણ ચૌહાણ, હિરેન ચૌહાણ, ભરત રાઠોડએ જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમનું સંચાલન યુવા મંડળના પ્રમુખ શ્રી ભરત રાઠોડે કરેલ હતું.

તા. ૧૫-૦૮-૨૦૨૬ના ૮૦મા સ્વાતંત્ર દિવસના સવારે ૯ કલાકે ઘટક પ્રમુખ શ્રી જયંતિલાલભાઇ વાઘેલાના અધ્યક્ષ સ્થાને ધ્વજવંદન રાખવામાં આવેલ. જેમાં માધાપર ઘટકના મંત્રી શ્રી દિપકભાઇ નરસિંહભાઇ ચૌહાણના વરદ હસ્તે ધ્વજવંદન કરવામાં આવેલ. જેમાં મહાસભાના પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ સોલંકી, મહાસભાના વરીષ્ઠ ઉપપ્રમુખ ડૉ. શ્રી મનોજભાઇ સોલંકી, કચ્છ પ્રા. પ્રમુખ શ્રી બાબુભાઇ ચૌહાણ, માધાપર ઘટક, મહિલા મંડળ, યુવા મંડળ, યુવતી મંડળના હોદ્દેદારો તેમજ સમાજના અગ્રણીઓ તથા સમાજના ભાઇઓ-બહેનો ઉપસ્થિત રહેલ. મહાસભાના પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ સોલંકીએ જણાવ્યું હતું કે, આપણા સમાજના ભાઇઓએ રાષ્ટ્ર માટે કાર્ય કરેલ છે. જેમાં રેલ્વે બ્રીજોનું બાંધકામ કરેલ છે. તેનાથી પ્રેરણા લઇ સમાજની સાથે રાષ્ટ્રહીત માટે કાર્ય કરવું જોઇએ. નુતન કેળવણી મંડળના સંચાલિત બાળ સંસ્કારકેન્દ્રોના બાળકોએ સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરેલ હતો અને દાતાશ્રીઓ દ્વારા બાળકોને પ્રોત્સાહિત કરેલ હતા. સુર સંગમ કરાઓકે ગ્રુપ દ્વારા દેશભક્તિના ગીતો રજુ કરેલ હતા. કાર્યક્રમનું સંચાલન સહમંત્રી શ્રી દિનેશભાઇ ચાવડાએ કર્યું હતું.

માધાપર ઘટકના તેજસ્વી વિદ્યાર્થીઓ માટે સરસ્વતી સન્માન કાર્યક્રમ ઘટક પ્રમુખ શ્રી જયંતીલાલભાઇ વલમજીભાઇ વાઘેલાના અધ્યક્ષ સ્થાને તા. ૧૫-૦૮-૨૦૨૬ના રોજે યોજવામાં આવેલ. કાર્યક્રમની શરૂઆત ઘટક પ્રમુખશ્રી તથા અતિથિ વિશેષ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ સોલંકી અને મહાનુભાવોના હસ્તે દીપ પ્રાગટ્ય કરી કરવામાં આવેલ. ત્યાર બાદ સમાજના કે.જી.થી ધોરણ ૧૨ અને ઉચ્ચ અભ્યાસ કરતા વર્ષ ૨૦૨૫-૨૬માં ઉત્તિર્ણ થયેલ કુલ ૨૮૫ વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવેલ અને દરેક ધોરણમાં ૧ થી ૫ નંબર તેમજ અન્ય તમામને આશ્વાસન ઇનામ આપવામાં આવેલ હતા અને વિશિષ્ટ સિદ્ધી પ્રાપ્ત કરનારને મોમેન્ટો અને શાલ ઓઢાડી સન્માનીત કરવામાં આવેલ હતા. મહાસભાના પ્રમુખશ્રીએ વિદ્યાર્થીઓ અને વાલીઓને શિક્ષણ ઉપયોગી માર્ગદર્શન આપેલ હતું. પ્રમુખ સ્થાનેથી શ્રી જયંતિલાલભાઇ વાઘેલાએ કાર્યક્રમ માટે આર્થિક સહયોગ આપનાર તમામ દાતાશ્રીઓ તથા કાર્યક્રમ માટે સહયોગ આપનાર તમામનો આભાર માનેલ હતો તેમજ વિદ્યાર્થીઓને જીવનમાં પ્રગતિ માટે શુભેચ્છા પાઠવી હતી.

સરસ્વતી સન્માન સમારોહમાં કુલ ૧,૨૦,૦૦૦ના ઇનામો આપવામાં આવેલ હતા. દાતાઓ તરફથી કુલ રૂા. ૯૪,૫૫૧નું અનુદાન પ્રાપ્ત થયેલ હતું. ઉપસ્થિત આગેવાનો તરફથી વિદ્યાર્થીઓને શિક્ષણ તેમજ અન્ય વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લઇ સમાજનું ગૌરવ વધારવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. આ કાર્યક્રમમાં મહાસભાના પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ



સોલંકી, ઉપપ્રમુખ ડૉ. મનોજભાઇ સોલંકી, ઉપપ્રમુખ શ્રી બાબુભાઇ પરમાર, કચ્છ પ્રા. પ્રમુખ શ્રી બાબુભાઇ ચૌહાણ, ઘટક સલાહકાર શ્રી ચમનભાઇ ચૌહાણ, ઘટકના ઉપપ્રમુખ શ્રી બ્રિજેશભાઇ ગોહિલ, ખજાનચી શ્રી મનોજભાઇ ટાંક, અ.ભા.મ. મહામંડળ ઉપપ્રમુખ શ્રીમતી નીતાબેન સોલંકી, મ.મંડળ પ્રમુખ શ્રીમતી તારાબેન ટાંક, યુવા મંડળ પ્રમુખ શ્રી ભરતભાઇ રાઠોડ તેમજ ઘટક, મહિલા મંડળ, યુવા મંડળ, યુવતી મંડળના હોદ્દેદારો અને સભ્યો અને સમાજબંધુઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા. કાર્યક્રમને સફળ બનાવવા મંત્રી શ્રી દિપકભાઇ ચૌહાણ, સહંમત્રી શ્રી દિનેશભાઇ ચાવડા, શિક્ષણ સમિતિના શ્રી અમિતભાઇ ચૌહાણ અને શ્રી કૌશલભાઇ પરમાર, કા.સભ્ય શ્રી ચેતનભાઇ ચૌહાણ, શ્રી કિરણભાઇ ચૌહાણ, શ્રી દર્શનભાઇ પરમાર, શ્રી નિખિલભાઇ ટાંક, શ્રી ગિરીશભાઇ ચૌહાણ અને શ્રી રાજેશભાઇ ચાવડાને જહેમત ઉઠાવી હતી. અંતમાં સમુહ રાષ્ટ્રગાન કરવામાં આવેલ હતું. કાર્યક્રમ બાદ ભોજનની વ્યવસ્થા રાખવામાં આવેલ હતી. ઉપસ્થિત તમામનો શ્રી અમિતભાઇ ચૌહાણે આભાર વ્યક્ત કર્યો હતો. કાર્યક્રમનું સંચાલન ઘટકના સહમંત્રી શ્રી દિનેશભાઇ ચાવડાએ કરેલ હતું.

માધાપર ઘટક દ્વારા સમાજ ભવન મધ્યે તા. ૧૫-૦૭-૨૬, બુધવારના ૧૯મો કેમ્પ, તા. ૧૧-૦૮-૨૦૨૬, મંગળવારના ૨૦મો કેમ્પ, તા. ૭-૦૯-૨૦૨૬ના ૨૧મો રોજ સુવર્ણ પ્રાશન ઔષધિ પીવડાવવાનો યોજવામાં આવેલ હતો. જેમાં સર્વે સમાજના ૧૫ વર્ષ સુધીના બાળકોને સુવર્ણપ્રાશનના ટીપા નિઃશુલ્ક પીવડાવવામાં આવેલ હતા. પુષ્ય નક્ષત્રના દિવસે માધાપર ઘટકના પ્રમુખ શ્રી જયંતિલાલભાઇ વાઘેલાના માર્ગદર્શન હેઠળ શ્રી ગિરીશભાઇ ચૌહાણ અને શ્રી રાજેશભાઇ ચાવડાએ જહેમત ઉઠાવી હતી અને તેમના હસ્તે બાળકોને ટીપા પીવડાવવામાં આવ્યા હતા.

વડોદરા ઘટક



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ ટ્રસ્ટ વડોદરા ઘટક દ્વારા કચ્છી નવા વર્ષ એટલે કે ''અષાઢી બીજ સ્નેહમિલન''નું આયોજન તા. ૧૬-૭-૨૦૨૬, ગુરૂવારના રોજ સમાજભવન મધ્યે કરવામાં આવ્યું હતું. જેમાં વડોદરા ઘટકના સભ્યો આનંદભેર કાર્યક્રમમાં મોટી સંખ્યામાં સામેલ રહી પરસ્પર એકબીજાને નવા વર્ષના અભિનંદન પાઠવ્યા હતા. આ વખતે ઘટક દ્વારા મહિલા મંડળ અને યુવા મંડળને સાથે રાખી સાંસ્કૃતિક સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૩ વર્ષથી લઇને મોટી ઉંમરના વડીલોએ પણ સ્પર્ધામાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. લગભગ ૪૫ જેટલા સ્પર્ધકોએ આ સ્પર્ધામાં ભાગ લઇ ૩૦ જેટલી કૃતીઓ પ્રસ્તુત કરી હતી. જેમાં ફિલ્મી ટીતો, ક્લાસીકલ, વેસ્ટર્ન અને પારંપરીક ભારતીય નૃત્ય જેવા વિવિધ ડાન્સ સાથે મળીને પ્રસ્તુત કર્યા હતા. ઉપસ્થિત સર્વે સમાજબાંધવો અને ભુલકાઓએ દરેક નૃત્યને ખુબજ સારી રીતે મોટીવેટ કરી આનંદ માણ્યો હતો. ઉપસ્થિત જજ સાહેબ પણ દરેક પ્રસ્તુતી જોઇને આનંદ વિભોર થયા હતા. મંચસ્થ ઘટકની ત્રણેય પાંખોના હોદ્દેદારોએ દરેક વર્ગમાં વિજય થયેલ સ્પર્ધકોને ઇનામો આપીને સન્માનીત કર્યા હતા. ત્યાર બાદ સૌ સમાજબાંધવો સાથે મળી કચ્છી જમણ સાથે લાપસીનો આનંદ



લીધો હતો. આખાય કાર્યક્રમની નોંધ કચ્છના અગ્રણી સમાચારપત્ર કચ્છમિત્ર અને સંદેશ અખબારમાં પણ તેની નોંધ લીધેલ હતી.

તેવી જ રીતે ગત વર્ષની જેમ આ વર્ષે પણ ગૌરી વ્રતના જાગરણ નિમિત્તે સમાજ ભવન મધ્યે નાની બાળાઓ અને યુવતીઓ માટેનું આયોજન ઘટક સહમંત્રી શ્રી અશ્વીનભાઇ સોલંકીના વડપણ હેઠળ કરવામાં આવ્યું હતું. સમગ્ર અષાઢીબીજના સાંસ્કૃતિક સ્પર્ધાનું આયોજનની જવાબદારી યુવા મંડળ અને મહિલા મંડળના સભ્યો પલ્લવીબેન ચાવડા અને કુંજલ રાઠોડ દ્વારા ઉઠાવવામાં આવી હતી.

સિનુગ્રા ઘટક

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ સિનુગ્રા ઘટક દ્વારા સરસ્વતી સન્માન તથા સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરેલ. આ કાર્યક્રમ તા. ૧૧-૦૭-૨૦૨૬, શનિવારના રોજ સમાજવાડી મધ્યે મહિલા મંડળ તથા યુવા મંડળના સહયોગથી બહુજ સરસ આયોજન કરેલ. જેમાં સમાજના નાના ભુલકાઓથી લઇને કોલેજ સુધીના બધાજ ધોરણના વિદ્યાર્થીઓને ઇનામો આપી પ્રોત્સાહિત કરેલ. સાથે સાથે અલગ અલગ ક્ષેત્રમાં વિશિષ્ટ સિદ્ધી પ્રાપ્ત કરેલ બાળકોનું પણ સન્માન કરેલ. કાર્યક્રમની શરૂઆત ઘટકના નવનિર્વાચીન પ્રમુખ શ્રી ભૂમિતભાઇ, મહિલા મંડળ પ્રમુખશ્રી ઇન્દુબેન, યુવા મંડળ પ્રમુખ શ્રી મિલનભાઇ તથા દાતાઓના હસ્તે દીપ પ્રાગટ્યથી કરેલ. આ કાર્યક્રમના મુખ્ય દતા બન્સીતાબેન હરીશભાઇ ટાંક તરફથી સારો સહયોગ મળેલ.



બહોળી સંખ્યામાં ઉપસ્થિત સમાજબંધુઓની હાજરીમાં નાના ભુલકાઓએ સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરેલ. જેઓને સર્વે દાતાઓએ સારી એવી સહયોગ રાશીથી પ્રોત્સાહીત કરેલ. કાર્યક્રમ દરમ્યાન યુવા મંડળના ઉત્સાહીત યુવાનો દ્વારા એક પ્રશ્ન મંચનું આયોજન કરેલ. જેમાં સૌનું સારૂં મનોરંજન કરેલ. કાર્યક્રમના અંતમાં ઘટક પ્રમુખશ્રી ભુમીતભાઇ દ્વારા સમાજના સર્વે દાતાઓનો શાબ્દિક આભાર માનેલ. ત્યાર બાદ અલ્પાહારનો આનંદ માણી સૌ છુટા પડેલ.

વર્ધા ઘટક

તા. ૦૫/૦૮/૨૬ ના રોજ ગાંધીજી અને વિનુભાજીના ધરતી વર્ધા ઘટકના આંગણે મહાસભાના આદરણીય પ્રમુખ સમાજરત્ન શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી, મહાસભાના પુર્વ પ્રમુખશ્રી સલાહકાર શ્રી યોગેશભાઈ મગનભાઈ ચાવડા, વરિષ્ઠ મહામંત્રી શ્રી વિનોદભાઈ મોહનલાલ ખોડિયાર, મહાસભા ઉપપ્રમુખ શ્રી નિખિલભાઇ ધનજીભાઈ ચૌહાણ, અ.ભા.મહિલા મહામંડળ પ્રમુખશ્રી શ્રીમતી ગીતાબેન નટવરલાલભાઈ ચૌહાણ, અ.ભા.યુવા મહામંડળ પ્રમુખશ્રી ગૌરવભાઈ જગદીશભાઈ ટાંક, વિદર્ભ પ્રાદેશિક પ્રમુખશ્રી





જીતેન્દ્રભાઈ રણજીતભાઈ પરમાર, વિદર્ભ પ્રા.મહિલા મંડળ પ્રમુખ સંજલીબેન મહેશભાઇ ચૌહાણ, વિદર્ભ પ્રા.મહામંત્રી મીતેશભાઈ કરસનભાઈ પરમાર સાથે વર્ધા ઘટકની શુભેચ્છા મુલાકાત લેવામાં આવેલ ઘટક તથા મહિલા મંડળ, યુવા મંડળ દ્વારા મહેમાનોનું ફુલહાર, શાલ તથા મોમેન્ટો ચરખો આપી સન્માન કરવામાં આવ્યું હતું.

ઘટક પ્રમુખશ્રી દ્વારા ઘટકના કાર્યોની વિસ્તૃત જાણકારી પ્રસ્તુત કરવામાં આવેલ, મહાસભા દ્વારા વર્ધા ઘટક પ્રમુખ આદરણીય શ્રી હરીશભાઈ વલ્લભભાઈ પરમાર, મ.મ.પ્રમુખ શ્રીમતી જ્યોતિબેન પ્રેમભાઈ જેઠવા, યુવા મંડળ પ્રમુખ પ્રશાંત સતિશભાઈ જેઠવાનું શાલ ઓઢાડી અને નિશ્ચિત રાશિનું કવર આપી સન્માન કરવામાં આવેલ હતું. મહાસભા દ્વારા ઘટકના

વડીલશ્રી નરેન્દ્રભાઇ દેવરામભાઈ જેઠવા, વડીલશ્રી જગદીશભાઈ જયંતિલાલ ભાઈ ચૌહાણનું સન્માન કરવામાં આવેલ

શ્રી વિનોદભાઇ મોહનલાલ ખોડીયાર દ્વારા લાગણીસભર ઉદબોધન આપી સમાજને પ્રગતિના પંથે આગળ લઈ જવા માટેની રૂપરેખાની જાણકારી સમાજ બાંધવોને આપી હતી. સ્નેહ ભોજનનો સૌએ આનંદ લીધો હતો. ઘટકના સર્વ સમાજ બાંધવો બહોળી સંખ્યામાં ઉપસ્થિતી આપી હતી. સમાજના મંત્રીશ્રી પ્રેમભાઇ જેઠવા એ બધાનો આભાર માન્યો હતો.

બાલાઘાટ ઘટક





બાલાઘાટ ઘટકમાં મહાસભા ઘટકના આંગણે ૦૭/૦૮/૨૦૨૬ ના દિવસે કાર્યક્રમ ઉજવવામાં આવ્યો. મહાસભા પ્રમુખ સમાજરત્ન શ્રી વિનોદભાઈ પુરુષોત્તમભાઈ સોલંકીજી, અખિલ ભારતીય મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી ગીતાબેન નટવરભાઈ ચૌહાણ, યુવા મંડળ પ્રમુખ શ્રી ગૌરવભાઈ જગદીશભાઈ ટાંક એમના સાથે વિદર્ભ પ્રાદેશિક પ્રમુખ શ્રી જીતેન્દ્રભાઈ રણજીતભાઈ પરમાર, મહાસભાના વરીષ્ઠ મહામંત્રી શ્રી શ્રી વિનોદભાઈ મોહનલાલ ભાઈ ખોડીયાર, વિદર્ભ પ્રાદેશિક મંત્રી શ્રી મિતેશભાઇ કરસનભાઈ પરમાર, વિદર્ભ પ્રાદેશિક યુવા મંડળ પ્રમુખ શ્રી નિતેશ સુરેશભાઈ ચૌહાણ એવમ અન્ય પદાધિકારીઓનો બાલાઘાટ ભૂમિ પર આગમન થયો હતો.

આદરણીય સદસ્યો માટે એક સુંદર મજાનું સ્વાગત ગીત શ્રીમતી નમ્રતાબેન રસિકભાઈ રાઠોડ અને એમના સાથે શ્રીમતી દીપિકાબેન કમલેશભાઈ ટાંક દ્વારા પ્રસ્તુત કરવામાં આવ્યું. ત્યારબાદ મંચ પર ઉપસ્થિત સર્વે અતિથિઓનું સ્વાગત બેલા વર્તમાનમાં પદસ્ત પદાધિકારીઓ દ્વારા સર્વેનો સન્માન કરવાનો અવસર અમને મેળવ્યો. બાલાઘાટ ઘટક પ્રમુખ સી.એ દર્શન દર્શનભાઈ યોગેશભાઈ રાઠોડ દ્વારા આવેલા ગણમાન્ય અતિથિઓ માટે મધુર સ્વાગત શબ્દો કહેવામાં આવ્યા. મહાસભા પ્રમુખ દ્વારા ઘણી સારી જાણકારીઓ સભામાં ઉપસ્થિત સર્વે સદસ્યોને જાણવામાં આવી. અખિલ ભારતીય મહિલા મંડળ પ્રમુખ ગીતાબેન નટવરભાઈ ચૌહાણ દ્વારા મહિલા ઉદ્યમી એવોર્ડ શ્રીમતી સોનલબેન અરૂણભાઇ જેઠવા એવમ શ્રીમતી ક્રિપીબેન કપિલભાઈ જેઠવાને આપવામાં આવ્યુ. શ્રીમતી ગીતાબેન નટવરભાઈ ચૌહાણ દ્વારા અખિલ ભારતીય મહિલા મંડળ માં ચાલેલા ઘણા પ્રોગ્રામ અને પ્રોજેક્ટની જાણકારી પણ તેમના દ્વારા સભામાં ઉપસ્થિત સર્વે સદસ્યોને જાણવામાં આવી. અંતે રાષ્ટ્રગાન ના સાથે સભાનું સમાપન કરવામાં આવ્યું.

ભુવનેશ્વર ઘટક



આજે તારીખ ૧૫ ઓગસ્ટ ૨૦૨૬ના મીટીંગ રાખવામાં આવી હતી. ભુવનેશ્વર ઘટકના સ્થાપના દિવસ અને સ્વતંત્રતા દિવસ ઉજવણી કરવા આવ્યું હતું. તેમાં સમસ્ત પરિવારો ઉપસ્થિત રહ્યા હતા. સર્વ પ્રથમ મુખ્ય મહેમાન શ્રીમતી સુનીતાબેન લલિતભાઈ વેગડ અને શ્રી મુકેશભાઈ રઘુભાઈ પરમારે દિપ પ્રાગટ્ય કરેલ હતું. ત્યાર બાદ ભુવનેશ્વર ઘટકના બહેનોએ ગણેશ વંદના કરી, ત્યારબાદ ધ્વજ ફરકાવવામાં આવેલ અને રાષ્ટ્રગાન ગાવામાં આવેલ. મુખ્ય મહેમાનના ઉદબોધન પછી બે મિનિટનો મૌન રાખવામાં આવેલ હતું. ઘટક અને મહિલા મંડળની ચૂંટણી કરવામાં આવી હતી તેમાં સર્વ સહમતી થી શ્રી અતુલભાઈ ખુશાલભાઈ ચાવડા ઘટક પ્રમુખ, શ્રી મહેન્દ્રભાઈ



ચૌહાણ ઉપપ્રમુખ, મનીષભાઈ વ્રજલાલ ભાઈ વાઘેલા મંત્રી અને હિતેશભાઈ ચૌહાણ ખજાનચી નિયુક્તી કરવામાં આવેલ હતી.

મ.મં. પ્રમુખ શ્રીમતી કવિતાબેન અતુલભાઇ ચાવડા ,ઉપપ્રમુખ શ્રીમતી પ્રીતિબેન મહેન્દ્રભાઈ ચૌહાણ, મંત્રી શ્રીમતિ મમતાબેન શૈલેષભાઈ પરમાર અને ખજાનચી શ્રી નિશાબેન ચાવડા નિયુક્ત કરવામાં આવેલ હતી. જમવાની વ્યવસ્થા અને હાઉસી ગેમ રમવામાં આવી રહી હતી. એમાં સુનીતાબેન અને મમતાબેન પરમાર ખૂબ સહયોગ કર્યો હતો. દિવસ ખુબ આનંદ અને ઉત્સાહથી ગયો. જટની ગામથી ૧૦ ઘરના પરિવાર ભુવનેશ્વર ઘટકમાં સંમિલિત કરી રહ્યા છે. બધા ભાઈ-બહેનોને ભુવનેશ્વર ઘટકના ભાઈ બહેનોએ સ્વાગત કર્યું છે. જટનીના શ્રી જીતેન્દ્રભાઈ રઘુભાઈ પરમાર તેના માટે આભાર વ્યક્ત કરેલ.

કુકમા ઘટક



કુકમા ઘટક દ્વારા તા. ૧૫-૦૮-૨૦૨૬ના રોજ વિદ્યાર્થી ઉત્કર્ષના કાર્યને વેગ આપવા તથા વિદ્યાર્થીઓને સન્માનવા માટે સરસ્વતી સન્માન સમારોહ ઘટક પ્રમુખ શ્રી કેતનભાઇ એચ. ચૌહાણના અધ્યક્ષ સ્થાને આયોજીત કરવામાં આવેલ. જેમાં નર્સરીથી એમ.બી.બી.એસ. અને વિશેષ સિદ્ધી સુધીના ૧૦૫ વિદ્યાર્થીઓને ઉપયોગી ગીફ્ટ સાથે સર્ટીફીકેટ આપવામાં આવેલ. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય સાથે કરવામાં આવેલ. ત્યાર બાદ માતા સરસ્વતીને સંગીતમય ભાવ અર્પણ કરવામાં આવેલ. નાની બાળાઓ દ્વારા સુંદર મજાની માતાજીની નૃત્ય



સાથે સ્તુતિ રજુ કરેલ. આ કાર્યક્રમમાં પધારેલ ગામના સરપંચ શ્રી રસીલાબેન રાઠોડ, ઘટકના પૂર્વ પ્રમુખ શ્રી મુકુંદભાઇ પરમાર, મોહનભાઇ ચૌહાણ, મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી શોભનાબેન, યુવા મંડળ પ્રમુખ શ્રી ઉત્તમભાઇ, સિનિયર સિટીઝન પ્રમુખ શ્રી નરેશભાઇ તથા ઉપસ્થિત સૌ સમાજબંધુઓ અને બાળકોનું ઘટક

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ (ઓખા મંડળ) ટ્રસ્ટ, દ્વારકા

તીર્થધામ દ્વારકા મુકામે આપણી ધર્મશાળામાં આપને આવકાર છે. આપના આગમનની તારીખ અને સમય અઠવાડીયા પહેલા ફોન દ્વારા જણાવશો તો વિશેષ અનુકુળતા રહેશે. ધાર્મિક કે સામાજિક પ્રસંગો માટે ચાર મહિના પહેલાં સંપર્ક કરવો જરૂરી છે.

ખાસ નોંધ : સરકારી નિયમ મુજબ, યાત્રીએ પોતાનું આઇકાર્ડ સાથે રાખવું ફરજિયાત છે. ફોન કરનારે પ્રથમ પોતાની ઓળખ વતન-ગામ સાથે આપવી જરૂરી છે.

સરનામું : કચ્છી સમાજ ભવન, ગોમતી રોડ, રામેરામ ધર્મશાળા પાસે, દ્વારકા - ૩૬૧૩૩૫
મેનેજર : ૮૯૮૦૦૫૮૧૫૬

ફોનથી બુકીંગ કરવા માટેનો સમય :
સવારે ૧૦.૦૦ થી ૧.૦૦ વાગ્યા સુધી, **સાંજે** ૫.૦૦ થી ૮.૦૦ સુધી
ચેકઈન ટાઇમ : સવારે ૯.૦૦, **ચેકઆઉટ ટાઇમ :** બીજા દિવસે સવારે ૯.૦૦

મંત્રી શ્રી દિલીપભાઇ ટાંકએ પ્રાસંગીક સ્વાગત કરેલ હતું.

પ્રાસંગીક ઉદ્‌બોધનમાં મુકુંદભાઇ તથા મોહનભાઇએ સમગ્ર કાર્યક્રમને બિરદાવેલ સાથે નાનાથી મોટા વિદ્યાર્થીઓના ઉજ્જવલ ભવિષ્ય માટે શુભકામના આપેલ.વિદ્યાર્થી પ્રતિવભા માટે ડૉ. દેવાંશી પિયુષભાઇ ટાંકએ ઘટક દ્વારા થતી આ પ્રવૃત્તિને બિરદાવી હતી અને ઉપસ્થિત સૌ વિદ્યાર્થીઓને ફળની આશા રાખ્યા વગર નિઃસ્વાર્થ ભાવે મહેનત કરવા જણાવેલ હતું. શ્રી જયસુખભાઇ પરમાર તથા ઇનામ મેળવનાર સૌ વિદ્યાર્થીઓને નોટબુક અને બોલપેનનું વિતરણ કરવામાં આવેલ હતું. કાર્યક્રમના અંતમાં ઘટક પ્રમુખ શ્રી કેતનભાઇએ પોતાના વકતવ્યમાં ઘટકની નવનિયુક્ત ટીમપર વિશ્વાસ રાખીને રૂા. ૬૨ હજાર જેટલા માતબર અનુદાન આપવા બદલ સૌ દાનદાતાશ્રીઓનો આભાર વ્યક્ત કરેલ હતો. કુકમા ગામ પાસેની આશાપુરા પરફોકલે કંપની દ્વારા સમાજના શૈક્ષણિક ઉત્થાન માટેના આયોજન માટે રૂા. ૧૧,૦૦૦ના અનુદાન બદલ કંપનીનો આભાર વ્યક્ત કરેલ હતો. ઘટક દ્વારા આયોજીત તૃતિય ૨૦૮ શ્રીમદ્‌ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞના ઐતિહાસીક આયોજન અંગે વિસ્તૃત માહિતી આપેલ હતી સાથે ઘટકના સૌ સદસ્યોને યથા યોગ્ય અનુદાન આપવા માટે પહેલ પણ મુકેલ હતી. ઇનામ પ્રાપ્ત કરેલા સૌ વિદ્યાર્થીઓને હૃદયપૂર્વકના અભિનંદન પાઠવી અને જેમને ઇનામ પ્રાપ્ત નથી થયેલ એવા વિદ્યાર્થીઓને આગલ વર્ષે મહેનત કરી અને ઇનામ પ્રાપ્ત થાય તેવા પ્રયાસો કરવા જણાવેલ હતું.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન ઘટક ઉપપ્રમુખ શ્રી ઉમેશભાઇ ચૌહાણ, સહમંત્રી શ્રી ઉમંગભાઇ પરમાર, સરસ્વતી સન્માન સમિતિ સંયોજક શ્રી પિયુષભાઇ ટાંક દ્વારા કરવામાં આવેલ હતું. મંત્રી શ્રી દિલીપભાઇ ટાંક, ઘટક પ્રચાર-પ્રસાર સંયોજક શ્રી અંકિતભાઇ ચૌહાણ, ભાવિકભાઇ ચૌહાણ, પાર્થભાઇ પરમાર, પંકજભાઇ ચૌહાણ, યોગેશભાઇ ટાંક, પાર્થભાઇ પરમાર, પિયુષભાઇ સોલંકી, અરવિંદભાઇ ચૌહાણ સાથે ઘટક કારોબારી ટીમએ વ્યવસ્થા સંભાળી હતી. કાર્યક્રમના અંતમાં રાષ્ટ્રગાન ગાઇ અને અલ્પાહાર કરીને કાર્યક્રમને પૂર્ણ ઘોષિત કરવામાં આવેલ.

ભિલાઇ ઘટક

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ ભિલાઇ ઘટકના સત્ર ૨૦૨૬-૨૮ના હોદ્દેદારો અને કારોબારી સભ્યોની વરણી કરવામાં આવી હતી. જેમાં સંરક્ષક : શ્રી અર્જુનલાલભાઈ રણછોડભાઈ રાઠોર (ગુરુજી), વરિષ્ઠ સલાહકાર : શ્રી દિલીપભાઈ જયંતિભાઈ મારુ, સલાહકારો : શ્રી હેમંતભાઈ હરિલાલભાઈ ચૌહાન, શ્રી યશવંતભાઈ ચીમનભાઈ ચાવડા, શ્રી મનીષભાઈ મનોહરલાલભાઈ વાઢેર, ઉપપ્રમુખો - શ્રી દેવેન્દ્રભાઈ ભીમજીભાઈ ચૌહાન, શ્રી મુકેશભાઈ રતિલાલભાઈ ચૌહાન, મંત્રી - શ્રી પવનભાઈ ભગવાનજીભાઈ પરમાર, સહમંત્રી - શ્રી કેતનભાઈ શમ્ભુભાઈ યાદવ, કોષાધ્યક્ષ - શ્રી દિપકભાઈ મનોહરભાઈ પરમાર, સહ કોષાધ્યક્ષ - શ્રી અશ્વિનભાઈ વિશ્રામભાઈ ચૌહાન તથા અન્ય પ્રભારીઓ તેમજ ૬ કારોબારી સભ્યોની વરણી કરવામાં આવી હતી.

શ્રી કમધજીયા રાઠોડ પરિવાર - નાગલપર

સર્વે પરિવારના ગોઠી ભાઈ-બહેનોને સહર્ષ જણાવવાનું કે દર વર્ષની જેમ આ વર્ષે પણ વિ. સવંત ૨૦૮૨, આસો નવરાત્રિમાં આપણા માતાજીના સ્થાનક માં આઠમનો હવન તથા નોમનાં સમુહ નૈવૈધનું આયોજન રાખવામાં આવેલ છે. તે મુજબ **તા. ૧૯/૧૦/૨૬ ને સોમવારે આસો સુદ – ૮ નાં દિવસે માતાજીનો હવન તેમજ સમૂહ પ્રસાદ રાખેલ છે. તથા તા.૨૦/૧૦/૨૬ ને મંગળવારે આસો સુદ – ૯ નાં સમુહ નૈવૈધ તથા કાંબી છોડવાનું આયોજન તથા નૈવૈધનો સમુહપ્રસાદ રાખવામાં આવેલ છે.** આ બંને દિવસે ગામ તથા પરગામ વસતા સૌ ગોઠી ભાઈઓને મહાપ્રસાદ લેવા ભાવભર્યું આમંત્રણ છે. જે ગોઠી ભાઈઓને આઠમનાં દિવસે હવનમાં બેસવાની ઇચ્છા હોય તેમણે વહેલી તકે નીચે આપેલ ફોન નંબર પર જાણ કરશો.

પંકજ પ્રાગજીભાઈ. - ૯૮૨૫૨૯૩૧૧૪
પંકજ શિવલાલભાઈ. - ૯૮૨૫૬૪૪૪૯૬
નરભેરામ ખીમજીભાઈ - ૮૧૪૧૨૩૨૬૩૭

માતાજી ના બેંક એકાઉન્ટ નંબર

761110005188

IFSC code BARB0BGGBXX (Fifth Character is Zero)

સૌ જય નય

Cell : 94242 12886

શ્રી હંસરાજભાઈ વૃજલાલભાઈ રાઠોડ

સેવા નિવૃત્ત – એચ.ઓ.ડી. જલ સંસાધન વિભાગ, સભ્ય – છત્તીસગઢ ઑબ્રિટ્રેશન ટ્રીબ્યુનલ

પૂર્વ પ્રમુખ – શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ સેવા ટ્રસ્ટ

રાયપુર (છ.ગ.)

શ્રીમતી અનુસૂયાબેન હંસરાજભાઈ રાઠોડ

શ્રી યતિનકુમાર હંસરાજભાઈ રાઠોડ
(IRSE) CHIEF ENGR. SEC Rly. Nagpur
METRO PHASE - II G.M. (Design)

શ્રીમતી હીનાબેન યતિનકુમાર રાઠોડ

શ્રી આર્યન યતિનકુમાર રાઠોડ Bangalore
(B.Tech. Comp.Sc.- IIT (Gauhati-Assam)
Occupation : Designer - I in NUTANX
U.S. Based Co-oncloud Computing

શ્રી ક.ગુ.ક્ષ. સમાજ અખિલ ભારતીય મહિલા મહામંડળ

નારી દર્પણ

C/o.શ્રીમતી રીટાબેન વિનોદભાઈ ચૌહાણ (મહામંત્રી)
'મુક્તાંગન', પ્લોટ નં. ૧૪૬ થી ૧૪૮/બી, યોગેશ્વરધામ, ન્યુ એમ.ઈ.એસ. રોડ,
આર.ટી.ઓ. રીલોકેશન પાસે, ભુજ (કચ્છ)



શ્રીમતી ગીતાબેન નટવરલાલ ચૌહાણ
પ્રમુખ : અ.ભા.મહિલા મહામંડળ
Mo. 9960471411



શ્રીમતી રીટાબેન વિનોદભાઈ ચૌહાણ
મહામંત્રી : અ.ભા.મહિલા મહામંડળ
Mo. 9426454999

અખિલ ભારતીય મહિલા મહામંડળે ઉજવ્યો યોગ દિવસ

તા. ૨૧ જુનના વિશ્વ યોગ દિવસ અવસરે અખિલ ભરતીય મહિલા મહામંડળ અંતર્ગતની શિક્ષણ સમિતિ દ્વારા બાલ તરંગ ગ્રુપના માધ્યમથી બાળકોના યોગ નિદર્શનનું આયોજન કરવામાં આવેલ હતું. સમાજના બાલ વર્ગમાં સનાતન ભારતીય યોગ પ્રત્યે જાગૃતિ લાવવાના પ્રયાસ રૂપે આયોજીત આ કાર્યક્રમમાં યોગની વિવિધ મુદ્રાઓ સાથેની વિડીયો ક્લિપ તૈયાર કરી બાળકોએ મોકલાવી હતી. શિક્ષણ સમિતિના અધ્યક્ષા શ્રીમતી જ્યોતિબેન રાઠોડે યોગાનું મહત્વ સમજાવતા જણાવેલ કે યોગાએ માત્ર કસરત નથી પણ શરીર, મન અને આત્માને જોડતું વિજ્ઞાન છે. અ.ભા.મહિલા મહામંડળના પ્રમુખ શ્રીમતી ગીતાબેન ચૌહાણ તથા મહામંત્રી શ્રીમતી રીટાબેન ચૌહાણ દ્વારા ભાગ લેનાર બાળકોને અભિનંદન આપવામાં આવેલ હતા. આ જ દિવસે અ.ભા.મહિલા મહામંડળની યોગા સમિતિ દ્વારા ''યુગલ જુગલ સૂર્ય નમસ્કાર સ્પર્ધા''નું આયોજન કરવામાં આવેલ હતું. આ સ્પર્ધામાં પરિવારના કોઇપણ બે સભ્યો જોડી બનાવીને સૂર્ય નમસ્કારની મુદ્રામાં એક મિનીટનો વિડીયો બનાવી ગુગલ લિંક દ્વારા સ્પર્ધા માટે મોકલાવાનો હતો. આ સ્પર્ધામાં ભારતભરના વિવિધ ઘટકોના સારી એવી સંખ્યામાં યુગલોએ ભાગ લીધો હતો. અખિલ ભારતીય મહિલા મહામંડળના પ્રમુખ શ્રીમતી ગીતાબેન ચૌહાણે સ્પર્ધામાં ભાગ લેનાર યુગલોના ઉત્સાહને બિરદાવી સૌને અભિનંદન આપેલ હતા. યોગા સમિતિના અધ્યક્ષા શ્રીમતી સરલાબેન પરમાર અને તેમની ટીમના નેજા હેઠળ આયોજીત આ સ્પર્ધાના આયોજનમાં મહામંત્રી શ્રીમતી રીટાબેન ચૌહાણે માર્ગદર્શન આપેલ હતું.

સ્પર્ધાના આયોજક અને પ્રાયોજક અખિલ ભારતીય મહિલા મંડળ યોગ સમિતિ



સરલાબેન પરમાર
અધ્યક્ષશ્રી



શર્મિલાબેન ચાવડા
મંત્રીશ્રી



દિપાલીબેન સોલંકી
મંત્રીશ્રી



જુહિતાબેન પરમાર
મંત્રીશ્રી



કેતકીબેન ઠાંક
મંત્રીશ્રી

ગુરૂ પૂર્ણિમા અવસરે અ.ભા.મહિલા મહામંડળે યોજી આધ્યાત્મિક સ્પર્ધા

પ્રાયોજક દાતાશ્રી



શ્રીમતી નિર્મલાબેન
પ્રભુલાલભાઈ ચાવડા



શ્રીમતી જ્યોતિબેન
પ્રભુલાલભાઈ પરમાર

ભારતીય સંસ્કૃતિ અને હિન્દુ ધર્મમાં ખુબજ મહત્વના એવા ગુરૂપૂર્ણિમા પર્વના પાવન અવસરે તા. ૨૯/૭/૨૬ના રોજ અ.ભા.મહિલા મહામંડળ અંતર્ગતની આધ્યાત્મિક સમિતિ દ્વારા ''ઓનલાઇન આધ્યાત્મિક સ્પર્ધા''નું આયોજન કરવામાં આવેલ હતું. સ્પર્ધાનો હેતુ ગુરૂ પ્રત્યેની શ્રદ્ધા, કૃતજ્ઞતા, સમર્પણ અને ભારતીય ગુરૂ પરંપરાના મુલ્યોને પ્રોત્સાહિત કરવાનો હતો. આ સ્પર્ધામાં ભાગ લેવા માટે પોતાના ગુરૂ માટે સરળ શબ્દો, શ્લોક, પ્રસ્તુત કરતો બે મિનીટનો વિડીયો બનાવી ગુરૂ પૂર્ણિમાના દિવસે મોકલવાનો હતો. સ્પર્ધાના પ્રાયોજક દાતાશ્રી તરીકે શ્રીમતી નિર્મળાબેન પ્રભુલાલભાઇ ચાવડા – અંજાર તથા શ્રીમતી



શ્રીમતિ વંદનાબેન ટાંક (બાલાઘાટ) - અધ્યક્ષશ્રી | શ્રીમતિ જ્યોતિબેન પરમાર (નિઝામબાદ) - મંત્રીશ્રી | શ્રીમતિ નિર્મળાબેન ચાવડા (અંજાર) - મંત્રીશ્રી | શ્રીમતિ સવિતાબેન ચૌહાણ (અંજાર) - મંત્રીશ્રી | શ્રીમતિ અરૂણાબેન ચૌહાણ (રાયગઢ) - મંત્રીશ્રી

જ્યોતિબેન પ્રભુલાલભાઇ પરમાર - નિઝામાબાદનો સહયોગ મળેલ હતો. ગુરૂપૂર્ણિમાના દિવસે આયોજીત આ સ્પર્ધામાં ભારતભરના વિવિધ ઘટકોથી સારી એવી સંખ્યામાં સ્પર્ધકોએ ભાગ લીધો હતો. આધ્યાત્મિક સમિતિના અધ્યક્ષા શ્રીમતી વંદનાબેન ટાંકના માર્ગદર્શન હેઠળ મંત્રીઓ શ્રીમતી જ્યોતિબેન પરમાર, શ્રીમતી નિર્મળાબેન ચાવડા, શ્રીમતી સવિતાબેન ચૌહાણ તથા શ્રીમતી અરૂણાબેન ચૌહાણે આયોજનની વ્યવસ્થા સંભાળી હતી. અ.ભા.મહિલા મહામંડળના પ્રમુખ શ્રીમતી ગીતાબેન ચૌહાણ તથા મહામંત્રી શ્રીમતી રીટાબેન ચૌહાણે સ્પર્ધકો અને વિજેતાઓને અભિનંદન આપેલ હતા.

અ.ભા.મ.મંડળ વિદેશ સમિતિ

અખિલ ભારતીય મહિલા મહામંડળ અંતર્ગત વિદેશ સમિતિ દ્વારા વૈદિક ગણિત શીખવવાના સેકન્ડ સેસન કાર્યક્રમનું આયોજન થયું હતું. યુ.એસ.એ.-કેનેડા દ્વારા આ સેશનનું આયોજન કરવામાં આવ્યું હતું, જે યુ.એસ.એ.માં ઓનલાઈન શ્રીમતી ગીતાબેન નટવરલાલભાઈ ચૌહાણ દ્વારા શીખવાડવામાં આવેલ હતું. આ કાર્યક્રમમાં ખૂબ જ સારી સંખ્યામાં બાળકો અને વાલીઓ જોડાયા હતા. બાળકોએ પણ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ગીતાબેન દ્વારા વૈદિક ગણિતની ખૂબ જ રસપ્રદ અને સરળ રીતે સમજ આપવામાં આવતા કાર્યક્રમ સફળ રહ્યો. આ કાર્યક્રમમાં યુ.એસ.એ.-કેનેડાના પ્રમુખ હીનાબેન, સંસ્કૃત મંત્રી અપેક્ષાબેન, ઉપપ્રમુખ નંદિતાબેન, મંત્રી કૃપાબેન, કેશિયર લીનાબેન, વિનલબેન તેમજ અન્ય સભ્યો અને બાળકોએ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો. યુ.એસ.એ.-કેનેડા મહિલા મંડળ આ સફળ કાર્યક્રમ માટે ગીતાબેન તથા તમામ સહયોગીઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

છત્તીસગઢ પ્રા. મહિલા મંડળ

છત્તીસગઢ પ્રાદેશિક મહિલા મંડળ દ્વારા શ્રાવણ મહિનાના ઉપલક્ષમાં બાળકો-બાલીકાઓ અને મહિલાઓ માટે સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ. જેમાં બાળકો અને બાલિકાઓ માટે શ્રાવણ સંસ્કારના પાંચ ચેલેન્જ સ્પર્ધા રાખવામાં આવેલ. જેમાં પવિત્ર શ્રાવણ ભક્તિ અને સેવાના સુંદર સંસ્કારો અપનાવી એક રીલ બનાવીને મોકલવાની હતી.

આ રીલ બનાવા માટે પ્રાદેશિક મહિલા મંડળ દ્વારા ચેલેન્જ આપવામાં આવેલ હતી. જેમાં (૧) ભગવાન શિવનો જળાભિષેક (૨) શિવ શ્લોક અથવા કોઇપણ શ્લોકનું પઠન (૩) પક્ષીઓને દાણા અર્પણ (૪) ગૌમાતાને લીલો ઘાસચારો ખવડાવવાનું (૫) વૃક્ષારોપણ કરીને પ્રકૃતિનું સંરક્ષણ કરવાનું સંદેશ.

આ પાંચ સત્કર્મ કરતા ૧૦ સેકન્ડની રીલ બનાવીને મોકલવાની હતી. ભાગ લીધેલ સર્વે બાળક-બાલીકાઓને પ્રાદેશિક મહિલા મંડળ દ્વારા પ્રોત્સાહન પુરસ્કાર આપવામાં આવેલ. ત્યાર બાદ મહિલાઓ માટે શ્રાવણ સ્પેશિયલ રીલ બનાઓ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ. જેમાં (૧) શિવ ભજન, શિવ નૃત્ય (૨) હરિયાલી અને ઝુલા સાથેની મસ્તી (૩) ભુટ્ટા સાથે વરસાદની મજેદાર પલ (૪) સાવનના ગીતો પર સંસ્કારી અંદાજ (૫) ચા અને પકોડાની મજા.

આ સર્વે ઉદાહરણ લઇ કઇ નવીનતા ઉમેરીને રીલ બનાવીને મોકલવાની હતી. સર્વે ઘટકની બહેનોએ આ સ્પર્ધામાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. છ.ગ. પ્રા. મહિલા મંડળ દ્વારા રીલ સ્પર્ધામાં પ્રથમ, દ્વિતીય અને તૃતિય ક્રમાંકને પુરસ્કૃત કરવામાં આવેલ.

જેમાં (૧) જગદલપુર ઘટક - ગાયત્રીબેન ટાંક, પ્રિયાબેન ટાંક, ચાંદનીબેન ટાંક, નેહાબેન ટાંક (૨) રાજનાંદગાંવ ઘટક - ઉમાબેન ટાંક, દક્ષાબેન પરમાર, મંજુબેન ચાવડા, પ્રમિલાબેન રાઠોડ, (૨) જગદલપુર ઘટક - શોભનાબેન ટાંક, વિભાબેન ચાવડા, રાનીબેન ટાંક (૩) જગદલપુર ઘટક - ચેષ્ટાબેન રાઠોડ, સંગીતાબેન ચૌહાણ, અંજલીબેન ચાવડા, અનિતાબેન ચૌહાણ.

શ્રી ગુર્જર ક્ષત્રિય ગુજરાતી સમાજ, દુર્ગ ઘટક

રજી.નં. 1944

દુર્ગ ઘટકના નવા ભવ્ય, બહુઉદ્દેશિય સુસજ્જીત સમાજ ભવન નિર્માણ હેતુ દાનદાતાઓની યાદી



રૂ. 5,01,000/-



ગં.સ્વ.પ્રાણકુંવરબેન જીવરામભાઈ ચૌહાણ
શ્રી દિલીપભાઈ જીવરામભાઈ ચૌહાણ, શ્રી સુનિલભાઈ જીવરામભાઈ ચૌહાણ, શ્રી અનિલભાઈ જીવરામભાઈ ચૌહાણ,
શ્રી વિજયભાઈ જીવરામભાઈ ચૌહાણ, શ્રી પ્રભાતભાઈ જીવરામભાઈ ચૌહાણ
AKF GROUP, KUMHARI C.G.
દેશમા ગામ- સિનોગ્રા, હા.મુકામ- કુમ્હારી (છ.ગ.)

રૂ. 5,01,000/-



સ્વ.હીરાલક્ષ્મીબેન રતિલાલભાઈ ચાવડા
ની પુણ્ય સ્મૃતિમાં
શ્રી પ્રવીણભાઈ રતિલાલભાઈ ચાવડા તથા શ્રી રાજેશભાઈ રતિલાલભાઈ ચાવડા
દેશમા ગામ- ગળપાધર, હા.મુકામ- ચંદનડીહ (છ.ગ.)

શ્રી મનોજભાઈ મોહનભાઈ ચૌહાણ
દેશમા ગામ- સિનોગ્રા, હા.મુકામ- દુર્ગ
Rs. 61,000/-

શ્રી દયારામ ભાઈ હિરજી ભાઈ ટાંક
દેશમા ગામ- ખંભરા, હા.મુકામ- દુર્ગ
56,000/-

શ્રી ચાવડા પરિવાર
દેશમા ગામ- કુંભારિયા, હા.મુકામ- દુર્ગ
55,555/-

શ્રી ઉમેશભાઈ રામજીભાઈ ચૌહાણ
દેશમા ગામ- કુકમા, હા.મુકામ- દુર્ગ
51,000/-

શ્રી જયોતિ ભાઈ માધવજીભાઈ ટાંક
દેશમા ગામ- સિનોગ્રા, હા.મુકામ- દુર્ગ
51,000/-

શ્રી ચીમન ભાઈ લગધીર ભાઈ પરમાર
દેશમા ગામ- ગળપાધર, હા.મુકામ- દુર્ગ
51,000/-

શ્રી જયેશ ભાઈ મોહન ભાઈ વાઘેલા
દેશમા ગામ- સિનોગ્રા, હા.મુકામ- દુર્ગ
51,000/-

શ્રી બલરામભાઈ હરિલાલભાઈ ટાંક
દેશમા ગામ- નાગલપર, હા.મુકામ- દુર્ગ
51,000/-

શ્રી મનસુખભાઈ હરિલાલભાઈ ટાંક
દેશમા ગામ- નાગલપર, હા.મુકામ- દુર્ગ
51,000/-

ગં.સ્વ.નીતાબેન રમણિકભાઈ ટાંક
દેશમા ગામ- નાગલપર, હા.મુકામ- દુર્ગ
51,000/-

શ્રી શ્રીકૃષ્ણ કુમાર હેમરાજભાઈ વાઘેલા
દેશમા ગામ- સિનોગ્રા, હા.મુકામ- દુર્ગ
51,000/-

શ્રી યુવરાજભાઈ વલમજી ભાઈ સોલંકી
દેશમા ગામ- વીડી, હા.મુકામ- દુર્ગ
51,000/-

ગં.સ્વ. ઉષાબેન નવીનભાઈ પરમાર
દેશમા ગામ- હાજાપર, હા.મુકામ- ભિલાઇ
31,000/-

શ્રી ખુશાલભાઈ પ્રેમજીભાઈ ચાવડા
દેશમા ગામ- લોધારિયા, હા.મુકામ- ધારા-ડોંગરગઢ
11,000/-

શ્રી હર્ષભાઈ આત્મારામભાઈ ટાંક
દેશમા ગામ- ખંભરા, હા.મુકામ- દુર્ગ
5,551/-

શ્રી ઓમપ્રકાશભાઈ ગોકુળભાઈ ચૌહાણ
દેશમા ગામ- દિવરીયા, હા.મુકામ- દુર્ગ
5,111/-

શ્રી નટવરલાલભાઈ ગોવિંદ ભાઈ ચૌહાણ
દેશમા ગામ- સિનોગ્રા, હા.મુકામ- દુર્ગ
5,000/-

શ્રી બંસીલાલભાઈ જગમાલભાઈ સોલંકી
દેશમા ગામ- રેહા, હા.મુકામ- દુર્ગ
5,000/-

સર્વે ભામાશાહો,
ઉદાર દિલ દાનદાતાઓ, સેવાભાવી સમાજ બાંધવોને
હૃદયનાં અંતઃકરણથી નમન-વંદન-અભિનંદન અર્પિત કરીયે
છીએ... આપ સર્વેના આ મહાદાનનેં અમારા દુર્ગ ઘટક વતી
આભાર... આભાર..... આભાર.....

બહુઉદ્દેશીય-ભવ્ય સમાજ ભવનના નિર્માણનુ કાર્ય પણ વૃહદ છે...
ફુલ અને ફુલની પાંખડી રૂપી
આર્થિક સહાયની અપેક્ષાઓ સાથે....

....પીસેગાંવ, દુર્ગ સમાજ ભવન નિર્માણ સમિતિનાં સમસ્ત સભ્યગણોં.....

વિશેષ- બહાર ગામથી કાર્ય હેતુ આવતા સમાજ બાંધવો માટે દુર્ગ સમાજ ભવનમા વ્યાજબી શુલ્ક સાથે રોકાવાની સગવડ ઉપલબ્ધ છે

માનવંતા દાનદાતાઓની શેષ યાદી આવતા અંકમા સાદર જાહેર કરવામાં આવશે.....(યાદી અપૂર્ણ)

RAAJUL # 8839402752



હાર્દિક અભિનંદન

શ્રી જગતજનની મહામાયા મોમાઈ માની અસીમ કૃપાથી મૂળ ગામ : કુકમા, હાલે ગળપાદર નિવાસી શ્રી દિનેશભાઈ કેશવજીભાઈ પરમાર અને શ્રીમતી નીતાબેન દિનેશભાઈ પરમારની સુપુત્રી કુ. નિરાલી પરમાર એ તલાટી કમ મંત્રીની પરીક્ષામાં ઉતીર્ણ થઈને કચ્છમાં તલાટી કમ મંત્રી તરીકે ફરજ બજાવી હતી. ત્યાર બાદ હાલ સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળા માં શિક્ષક (Government Higher Secondary Teacher) તરીકે ફરજ બજાવી રહ્યા છે. સમગ્ર કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ અને પરમાર પરિવારનું ગૌરવ વધારવા બદલ કુ. નિરાલી પરમારને ખુબ ખુબ અભિનંદન અને ભવિષ્યમાં ઉતરોત્તર પ્રગતિની શુભકામના સહ આશીર્વાદ...

કુ. નિરાલી દિનેશભાઈ પરમાર

મુળ ગામ : કુકમા, હાલ : ગળપાદર

શુભેચ્છક :

કાન્તાબેન કેશવજીભાઈ પરમાર (દાદા-દાદી)
લીલાવંતીબેન અજીતભાઈ વાઢેર (નાના-નાની)
શ્રીમતી નીતાબેન દિનેશભાઈ પરમાર (મમ્મી-પપ્પા)
કાજલબેન જેનીશભાઈ પરમાર (ભાઈ-ભાભી)
લક્ષ્ય દિનેશભાઈ પરમાર (ભાઈ)

સંબંધિત ફર્મ

ગુડ્ડી મોટર રિપેરિંગ વર્કસ ડી.કે. ઓટો પાર્ટસ
મો. 9712999543



UDITTAA J MARUU

ASTRO VASTU CONSULTANT

VASTU EXPERT | ASTROLOGER | AROMA VASTU EXPERT

VASTU WITHOUT DEMOLITION

Your Space • Your Horoscope • Your Personalised Vastu

Every space is different — and every person is different.
With Astro Vastu, your space is studied along with the owner's horoscope to provide personalised guidance for the placement and selection of important areas.

CONSULTATION FOR

Homes | Offices | Shops | Commercial Spaces

WHAT CAN VASTU SUPPORT?

Family Harmony | Financial Growth | Relationship Issues
Health & Well-being | Career & Business | Mental Peace & Stability

WHY CHOOSE THIS APPROACH?

- Vastu solutions without demolition
- Personalised guidance based on your horoscope
- Practical corrections for existing spaces
- Vastu + Astrology + Aroma Vastu

DON'T BREAK YOUR SPACE — ALIGN IT.

ONLINE & OFFLINE CONSULTANCY AVAILABLE

For Consultation & Appointment 9776633550 | ANGUL, ODISHA

Neeraj Parmar



Father	:	**Lt. Naresh PArmar**
Mother	:	**Varsha Parmar**
Grand Father	:	**Lt. Ranchhoddas Ramji Parmar**
Grand Mother	:	**Lt. Rambha Parmar**
D.O.B.	:	Sept. 08, 1979
Time of Birth	:	5:35 pm
Place of Birth	:	Ranchi, Jharkhand
Height	:	171 cm, 5 ft 7 inch
Weight	:	67 Kg
Blood Group	:	B+
Edu.Quali.	:	English Hons. rom Marwari College, IGNOU, B.Ed. (Ranchi, Jharkhand)
Occupation	:	Currently working as a permanent Government English Teacher in Ranchi Jharkhand
Native Place	:	Khedoi
Kuldevi	:	Momai Mataji (Kukma)
Gotra	:	Bharadwaj
Siblings	:	**Namrata Chauhan** (Married) in Pune (MH) **Mo. 9850091449**
Mosad	:	Bangalore
Mama	:	**Vimal Rathod**
Address	:	A-125, Platinum Greenfields, Kembathalli Main Road, Anjanapura Township, JP Nagar, 8th Phase, Bengaluru - 560083
Contact No.	:	**Varsha Parmar (Mother) 7739968444 Vimal Rathod (Mama) 9965346555 Paresh Chauhan (Jijaji) 9881026951**
E-mail	:	**coolnirj.parmar.71@gmail.com 9835320922 (Whatsapp), 8789528140**

CA

CONGRATULATIONS!

A PROUD MILESTONE ACHIEVED!



CA Yash Chauhan

, Vadodara

Chartered Accountant

We are absolutely delighted to share the wonderful news that our beloved Yash Pankajbhai Chauhan has achieved the prestigious milestone of becoming a CA (Chartered Accountant) through his sheer dedication, hard work, and perseverance.

PROUD MOMENT • BRIGHT FUTURE
ENDLESS POSSIBILITIES

Well-wishing Family Members

Paternal Grandparents
Grandfather: Shri. Late Amarsinghbhai Mandalbhai Chauhan
Grandmother: Smt. Lilaben Amarsingh Chauhan

Maternal Grandparents
Grandfather: Shri. Late Dayaram Ramjibhai Rathod
Grandmother: Smt. Late Harikuwarben Dayaramibhai Rathod

Parents
Father: Shri Pankaj Amarsinghbhai Chauhan
Mother: Smt. Reena Pankajbhai Chauhan

Uncle & Aunt (Father's Side)
Uncle: Shri Dineshbhai Amarsinghbhai Chauhan
Aunt: Smt. Rinaben Dineshbhai Chauhan
Elder Brother: Shri Deep Dineshbhai Chauhan
Sister-in-law: Smt. Aarti Deep Chauhan
Nephew: Shri Pranshul Deep Chauhan
Elder Sister: (Shri Pranshul & Daughter): Kumari Urvi Dineshbhai Chauhan

Siblings
Elder Sister: Kumari Dhruvi Pankajbhai Chauhan

Other Well-wishers
Relatives, Friends & Entire Community

Success is the sum of small efforts,
repeated day in and day out.
You have made us all incredibly proud!

KEEP DREAMING • KEEP ACHIEVING
THE BEST IS YET TO COME!

આપણા સમાજના સર્વે ભાઇઓ અને બહેનો માટે

સુવર્ણ તક

ભગવાન શ્રીમહાકાલની નગરી અને ભવ્ય તીર્થસ્થળ ઉજ્જૈન પધારતા દરેક સમાજજનો માટે અમારી હોટેલમાં

ખાસ ૨૦% ડિસ્કાઉન્ટ

ની સુવિધા ઉપલબ્ધ છે.
આ પાવન અવસરનો લાભ લઈ અમને સેવાનો અવસર આપશો.

HOTEL Shrimmaya
GROUP UJJAIN



Freeganj, Ujjain (M.P.) ☎0734 2514402 +91 79998 90676
Email : shrimmaya@outlook.com www.shrimmaya.com

અન્ય વિશેષ સેવાઓ

- દરેક પ્રકારની પૂજા-પાઠ
- મંગલ દોષ નિવારણ પૂજા / કાલસર્પ દોષ પૂજા
- ભસ્મ આરતી તથા અભિષેક દર્શન
- ઉજ્જૈન દર્શનની સુવિધા પણ ઉપલબ્ધ

ભગવાન શ્રીમહાકાલની કૃપા સર્વે પર વરસતી રહે



Shrimm Tours & Travels

- International & Domestic Packages
- Flight, Cruise & All Ticketing
- MICE & Foreign Education
- All Country VISA & Forex

+91 99933 60753 ☎ 0734 42530174
www.shrimmaya.com Email : travels.mp@shrimmaya.com

રાષ્ટ્રીય સ્તરે ઉત્તમ પાત્રની પસંદગી માટે મંગલ પાત્ર પરિચય



Kunjal D. Chawhan

Mo. 9561738819


Father	:	**Mr. Dharamsi B. Chawhan**
Father's Occp.	:	Investment Business
Mother	:	**Mrs. Geeta Dharamsi Chawhan**
Grand Father	:	**Lt. Bhavanjibhai M. Chawhan**
Grand Mother	:	**Lt. Amrutben B. Chawhan**
D.O.B.	:	22/2/1994
Time of Birth	:	3:40 am
Place of Birth	:	Chandrapur (MS)
Height	:	5 Ft. 7 In.
Weight	:	67
Blood Group	:	O+
Edu.Quali.	:	MBA (DMIMS Nagpur)
Other Quali.	:	Digital Marketing
Occupation	:	SEO Manager at Botpreso Germany Work fro Nagpur + Investment Business
Income	:	25 Lakh P.A.
Laguages Kn.	:	Gujarati, English, Hindi, Marathi
Native Place	:	Reha
Kuldevi	:	Shri Hanswahani Brahmani Maa
Gotra	:	Vatsa
Siblings	:	**1 Elder Brother, 2 Elder Sisters Married**
Mosad	:	**Kamal Parmar** - Ballarpur
Reference	:	**Harshada H. Rathod**, J.D.&Sons Nagpur
Address	:	67/68, Amrut Villa, Sparkling Meadows Beside Hotel LE Meridian Panjari, Nagpur (MH)
Contact No.	:	**7588656828, 9421300685 9561738819**
Note	:	**Job/Non Job both candidate may contact**



Himanshi M. Varu

Date of Birth	:	10/05/2000
Place of Birth	:	Gandhidham
Time of Birth	:	07:10 pm
Height	:	4 Ft. 9 Inches
Weight	:	45 Kgs
Complexion	:	Fair
Blood Group	:	B+
Education	:	Bachelor of Commerce from Tolani Institute of Commerce
Schooling	:	Mount Carmel High School, Gandhidham
Hobbies	:	Video Editing, Dancing, Traveling
Gotra	:	Bharadwaj
Native Place	:	Anjar
Kuldevi	:	Shree Truthiani Maa
Kundali	:	Required
Father	:	**Manoj Valamji Varu**
Occupation	:	Business (Foto Fast's Color Lab)
Mother	:	**Chitralekha M. Varu** (Home maker)
Elder Brother	:	**Chandan M. Varu** (Married)
Mosad - Nana	:	**Lt. Ratilal O. Chawda**
Mama	:	**Maheshkumar Ratilal Chawda** Mo. 9437090133 (Keonjhargarh, Odisha)
Address	:	Apnanagar - B, Gandhidham (Kachchh)
Contact No.	:	**9825186622 (Manoj Varu)**

ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



જન્મ
૧૫/૦૩/૧૯૪૭

સ્વ. જેઠાલાલ પુરૂષોત્તમભાઈ પરમાર

મુળ ગામ : કુકમા, હાલે : વડોદરા (ગુજરાત)

સ્વર્ગવાસ
૦૬/૦૯/૨૦૨૬

અંજલી માટે શબ્દો ઓછા પડે છે, પુષ્પાંજલિ માટે પુષ્પો ઓછા પડે છે, તમારી હસતી તસવીર જોઇ, તમારું સ્મરણ આવ્યા કરે છે. આપનું કર્તવ્ય પરાયણ જીવન, વાત્સલ્યથી સંતોષી તથા સેવાભાવી સ્વભાવ, પરિવાર પ્રતિ અનન્ય પ્રેમભાવ, તમારી પ્રેમભરી છત્રછાયા અમે ગુમાવી છે, પણ તમોએ જે સંસ્કારોનું સિંચન અમારા જીવનમાં કરેલ છે એ અમારૂં પથદર્શક કરતું રહેશે. પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય અને પવિત્ર આત્માને શાશ્વત શાંતિ આપે એજ પ્રભુ પાસે પ્રાર્થના...

:: શોકમગ્ન પરિવારજનો ::

સ્વ. પુરૂષોત્તમભાઈ ભાણજીભાઈ પરમાર (પિતા)
સ્વ. સાકરબેન પુરૂષોત્તમભાઈ પરમાર (માતા)

ગં.સ્વ. ગુણવંતીબેન જેઠાલાલ પરમાર (પત્નિ)

પરાગ જેઠાલાલ પરમાર (પુત્ર)
પૂનમ પરાગ પરમાર (પુત્રવધુ)
સુહાસ વિશ્રામભાઈ ચાવડા (જમાઇ)
ભાવના સુહાસ ચાવડા (પુત્રી)
હર્ષ પરાગ પરમાર (પૌત્ર)
યશ સુહાસ ચાવડા (દોહીત્ર)
સ્વ. રંભાબેન કુંવરજી ચૌહાણ પરિવાર (બહેન)
સ્વ. નર્મદાબેન પુરૂષોત્તમ વરૂ પરિવાર (બહેન)
ગં.સ્વ. લીલાવંતીબેન લીલાધરભાઈ પરમાર પરિવાર (બહેન)
પ્રભુલાલ પુરૂષોત્તમભાઈ પરમાર (ભાઈ)
કલાબેન પ્રભુલાલ પરમાર (ભાઈના પત્ની)
જીતેન પ્રભુલાલ પરમાર (ભત્રીજો)
ભૂમિકા જીતેન પરમાર (ભત્રીજા વહુ)
દિપક પ્રભુલાલ પરમાર (ભત્રીજો)
ઉર્વી દિપક પરમાર (ભત્રીજા વહુ)

કુ. અવંતિકા જીતેન પરમાર, કુ. વૈદેહી તથા સ્વરા દિપક પરમાર

ફર્મ : ● સુન્દરમ્ માર્કેટીંગ ● પ્રોજેક્ટ ઈન્જી. વર્કસ Mo. 9374640276

ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



સ્વ. હેમરાજભાઈ
વિશ્રામભાઇ ચૌહાણ

જન્મ	સ્વર્ગવાસ
૦૨/૦૧/૧૯૪૧	૨૫/૦૪/૨૦૨૬

દેશમાં ગામ : માધાપર,

જન્મ સ્થાન : ચક્રધરપુર (ઝારખંડ)

હાલ મુકામ : અમેરીકા (લોસએન્જલસ) યુ.એસ.એ.

“તમારો સ્નેહ અને સંસ્કાર એવં કુટુમ્બ પ્રત્યેનો પ્રેમ સદા અમારા હૃદયમાં રહેશે.
તમારા ઉચ્ચ વિચાર, ધર્મ ભાવના અને મિલનસાર સ્વભાવ અમને પ્રેરણા આપતા રહેશે.
પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને પરમ શાંતિ આપે એજ પ્રાર્થના...”
ૐ શાંતિ... શાંતિ... શાંતિ...

:: શોકમગ્ન પરિવારજનો ::

પત્ની – લીલાબેન ચૌહાણ (સહ પરિવાર)

બહેન – મુક્તાબેન અંબાલાલ ચૌહાણ

ભાઈ – નટવરલાલ વિશ્રામભાઈ ચૌહાણ

ભાઈ – મુકુન્દભાઈ વિશ્રામભાઈ ચૌહાણ

ભત્રીજા – મનોજ નટવરલાલ ચૌહાણ

Address : Pump Road, Po. Chakradharpur, Dist. : West Singhbhum (Jharkhand) 833102
Mob. 8340512271, 9934395771



અંગદાનવીરને
સ્મરણાંજલી

મૃત્યુ પશ્ચાત અંગદાન કરી અનુકરણી બન્યા...

અવની (પૃથ્વી-ધરતી) પરથી **જીજ્ઞેશ** રૂપી
એક પાર્થિવ દેહનો ત્યાગ થયો અને
અંગદાન દ્વારા ચાર વ્યક્તિઓને પુર્નજીવન આપતા ગયા ...

બીજાને માટે જીવન જીવો એ જ સાત્વિક જીવન છે...
તેવો જીવન મંત્ર આપતા ગયા...

અંગદાન વીર

સ્વ. જીજ્ઞેશ નવીનભાઇ યાદવ

જન્મ : 01.06.1983 સ્વર્ગવાસ : 06.08.2026
મૂળવતન - હાજાપર કર્મભૂમિ - મુંબઇ

હે... કુદરત **સ્વ. જીજ્ઞેશ** આ અમારી અમાનત છે
રાખજે સદાય તું સંભાળી ...
તારા માટે એ આત્મા જ હશે, પણ અમારા માટે એ જીવન છે.

અંગદાન-મહાદાન માટે અ.ભા. ગુજરાતી સમાજે મૃત્યુપરાંત અંગદાનવીર ઘોષિત કરતા અંગદાનના બ્રાન્ડ અમ્બેસેડર બનાવેલ છે

સંભારણા :

- મારો દિકરો... મારી પાસે આવ્યો..... સ્વ. પ્રતિમાબેન યાદવ (મમ્મી)
- પૃથ્વી પરથી મારો એક દિકરો ગયો અને, 4 વ્યક્તિને જીવનદાન અર્પણ કરતો ગયો..... નવીનભાઇ યાદવ (પપ્પા)
- સુંગધી ફૂલો જ વહેલાં ચુંટાઇ જાય છે, સારી આત્માઓ પણ પરમાત્માને પહેલા પ્રિય થઇ જાય છે
  બસ હવે તો તમારી સ્મૃતિ જ માટૂં જીવન..... અવનીબેન જીજ્ઞેશ યાદવ (ધર્મપત્ની)
- અસંભવ છે તારી યાદ ને ભુલાવવી જીગ્નુ... જીવનમાં પળ પળ તારી યાદ આવશે..... અ.સૌ. ભાવિકાબેન (બહેન)
- દિલ હૈ કે માનતા હી નહીં... કે મારા રાળાભાઇ .... આ સંસારમાં જ નથી..... દુરનીત કુમાર (બનેવી)
- મારાભાઇ નું મૃત્યુ થયું જ નથી... અંગદાન આપી મારો ભાઇ અમરથી ગયો છે..... અ.સૌ. પૂજાબેન (બહેન)
- શાયદ આપણા કરતા ઇશ્વરને તેની વિશેષ જરૂરીયાત હશે..... કીર્તિ કુમાર (બનેવી)
- સંસારમાં પધારતા પ્રથમ વખત મારા ખોળામાં.... તું રમ્યો હતો જીગ્નુ..... ગં.સ્વ. માયાબેન ભરતભાઇ વાઢેર (માસી)
- માસા... માસા... બોલતા જીભ ન હોતી થાકતી... આવી ગયો મારી પાસે..... સ્વ. ભરતભાઇ વાઢેર (માસા)
- જે જીવ આવ્યો આપ પાસે પ્રેમથી સ્વીકારજો...પરમાત્માએ આત્માને શાંતિ સાચી આપજો..... ગં.સ્વ જમનાબેન દેવરામભાઇ યાદવ (મોટાબા-બાપુજી)
- પરિવારનું એક ધ્રુવ તારા સમું વ્યક્તિત્વનું પંચતત્વમાં વિલિન થયું..... ગં.સ્વ. તારાબેન પરષોત્તમભાઇ યાદવ (મોટાબા-બાપુજી)
- જીવન આપણા હાથમાં છે... મૃત્યું નહીં ... ઇચ્છા અનિચ્છાએ તે સ્વીકારવું જ રહ્યું..... હિતેષભાઇ જીતેન્દ્રભાઇ પરષોત્તમ યાદવ (મોટાભાઇ)
- ઘરનું સૌથી સુંદર દશ્ય એ છે, જ્યા દાદા-દાદીના ખોળામાં પૌત્ર હસતો-રમતો હોય છે..... સ્વ. ઝીણાબેન પ્રેમજીભાઇ યાદવ (દાદી-દાદા)
- નાનાની આંગળી અને નાનીનો વ્હાલ દોહીત્રાના જીવનની અમુલ્ય ક્ષણ છે..... સ્વ. પ્રેમુબેન નારણભાઇ સોલંકી (નાની-નાના)
- જીવન કેટલું જીવ્યા... એ મહત્વનું નથી, પરંતુ જીવન કેવું જીવ્યા તે મહત્વનું છે..... અ.સૌ. રેખાબેન પુષ્કરભાઇ ચૌહાણ (સાસુ-સસરા)
- એક જીવન એવું જીવો કે રડતા લોકો હસે... એક જીવન એવું જીવો કે હસતા લોકો રડે..... અ.સૌ. નેહાબેન કેવલભાઇ (ભાભી-ભાઇ)

સાદર ભાવાંજલી

“અંગદાન જીવનની આશા છે
માનવતાની મોટી પરિભાષા છે”



દેવલોકગામી દિવ્યાત્માને ઈશ્વર
શ્રી ચરણે સ્થાન અર્પે ....

એજ ભાવપુષ્પ સાથે

શ્રદ્ધાનવત -

દીપકભાઇ રતીલાલભાઇ ટાંક

હોટેલ નટરાજ, જમશેદપુર
સિંગભૂમ પ્રાદેશિક પ્રમુખશ્રી - મહાસભા

ના ભાવપુષ્પ સમાજના

અંગદાન વીરને ....

98351 77342

અંગદાન વીર

સ્વ. જીજ્ઞેશ નવીનભાઇ યાદવ

- જન્મ : 01.06.1983
- સ્વર્ગવાસ : 06.08.2026

- મૂળવતન - હાજાપર
- કર્મભૂમિ - મુંબઇ

જીસ અંગ કો મૃત્યુ કે બાદ ખાખ હો જાના હૈ
ફિર ઉસે ક્યોં નહી ભલાઇ કે કામ મેં લગાના હૈ

અંગદાન-મહાદાન માટે અ.ભા. ગુજરાતી સમાજે મૃત્યુપરાંત અંગદાનવીર ઘોષિત કરતા અંગદાનના બ્રાન્ડ અમ્બેસેડર બનાવેલ છે

શ્રદ્ધાંજલી–ભાવપુષ્પો

અંગદાન જીવનની આશા છે
માનવતાની મોટી પરિભાષા છે

અખિલ ભારત ગુજરાતી સમાજ

અંગદાનવીર સ્વ. જીજ્ઞેશ દ્વારા પ્રથમ શુભ શુરૂઆત થઇ છે.
માનવતાની સેવાના તેમના આ વિશેષ યોગદાનને સંભારણા રૂપે સંસ્થાના સર્વ સભ્યો અને
કાર્યકારણી કમિટી તરફથી અ. ભા. ગુજરાતી સમાજના પ્રમુખશ્રી રૂએ હું સંજયભાઇ પટેલ

સ્વ. જીજ્ઞેશ નવીનભાઇ યાદવ મહાદાન સંકલ્પ યોજના

ની ઘોષણા કરી રહ્યો છું. આ યોજના દ્વારા **A.B.G.S.** સંસ્થા સંપૂર્ણ ભારતવર્ષમાં
અંગદાન મહાદાનનો પ્રચાર કરી માનવતાનું શ્રેષ્ઠતમ ઉદાહરણ પુરૂ પાડશે.

ઇશ્વર સદ્ગત આત્માને શ્રી ચરણે સ્થાન અર્પે... ઓમ શાંતિ ...

સંપૂર્ણ ભારતના ગુજરાતીઓને જોડતો એક માત્ર સંસ્થા
અખિલ ભારતીય ગુજરાતી સમાજ એક સમાજ – શ્રેષ્ઠ સમાજ

સાદર ભાવપુષ્પ અર્પણકર્તા –
સંજયભાઇ પટેલ
98260 48580 – ભોપાલ
પ્રમુખ શ્રી – અખિલ ભારતીય ગુજરાતી સમાજ



- જન્મ : 01.06.1983
- સ્વર્ગવાસ : 06.08.2026





અંગદાન વીર

સ્વ. જીજ્ઞેશ નવીનભાઇ યાદવ

મૂળવતન – હાજાપર

કર્મભૂમિ – મુંબઇ

‘અંગદાન’ વીર ને

શ્રદ્ધાંજલિ





સ્વ. જીજ્ઞેશ નવિનભાઈ યાદવ

જન્મ : ૦૧/૦૬/૧૯૮૩ સ્વ. ૦૬/૦૮/૨૦૨૬

યુવા વયે એક **જીગ્નેશ** પૃથ્વી પરથી વિદાય લઇ ગયો...
પરંતુ **‘અંગદાન’** દ્વારા અન્ય ૪ વ્યક્તિને નવજીવન આપી
તેમના પરિવારોમાં ખુશીઓને વરસાવી, સાચા અર્થમાં જીવન જીવી ગયો...
વંદન હો... પિતા નવીનભાઇ યાદવ અને ધર્મપત્ની અવનીબેન જીગ્નેશભાઇને,
બહેન ભાવિકા અને બહેન પૂજા તથા પરિવારના અન્ય સભ્યોને
જેમણે આવા કપરા સમયે માનવ સેવાનો ઉચ્ચ કોટી
‘દેહદાન’
નો નિર્ણય લઇ જીવન ધન્ય પૂરવાર કર્યું.
સલામ... **“અખિલ ભારત ગુજરાતી સમાજ”** સંસ્થાના પ્રમુખ શ્રી સંજયભાઇ પટેલ - ભોપાલ
જેમણે **“સ્વ. જીજ્ઞેશ યાદવ અંગદાન-મહાદાન સંકલ્પ યોજના”**ના
માધ્યમથી સંપૂર્ણ ભારત વર્ષમાં પ્રચાર કરી આપણા ગૌરવવંતા
શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજને ઓળખ આપી સન્માન આપ્યું છે.
પ્રભુ દિવંગત આત્માને શાંતિ અર્પે અને પરિવારને દુઃખ સહન કરવાની શક્તિ આપે એજ પ્રાર્થના...

:: શુભ ચિંતક ::

શ્રી ભાવિકભાઇ ચંદ્રેશભાઇ ચાવડા
શ્રી જેસલભાઇ ચંદ્રેશભાઇ ચાવડા
ગં.સ્વ. દિપ્તીબેન ચંદ્રેશભાઇ ચાવડા
દહાણુ રોડ, મુંબઇ (મહારાષ્ટ્ર)
તથા
શ્રી નવીનભાઇ પ્રેમજીભાઇ યાદવ પરિવારના મુંબઇ સ્થિત રહેતા શુભ ચિંતકો

ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ

આપણા સ્વજનોના અંગોનું સ્વર્ગ...માં નહીં, પરંતુ પૃથ્વી... પર જરૂરીયાત છે.

''અંગદાન - જીવનદાન''



સ્વ. જીજ્ઞેશ નવીનભાઈ યાદવ

જન્મ : ૦૧/૦૬/૧૯૮૩ સ્વ. : ૦૬/૦૮/૨૦૨૬

જન્મભૂમી : હાજાપર કર્મભૂમિ : મુંબઈ

જ્યારે આપણા પરિવારના કોઇ સ્વજનનું મૃત્યુ થાય છે, ત્યારે તેના શરીર પરથી સોનાની વસ્તુ કાઢી લઇએ છીએ, કેમ કે તે કિંમતી છે અને એવા વિચારે કે, પરિવારના અન્ય વ્યક્તિને ઉપયોગી થશે. તે જ રીતે આપણા શરીરના અવયવો તેથી પણ વધારે કિંમતી છે. સોનાની વસ્તુ તો આપણે ફરી બનાવી શકીએ છીએ, પરંતુ ઇશ્વરે આપેલ અવયવો બનાવી ના શકીએ. આ અવયવોને આપણે અગ્નિમાં બાળી નાખીએ છીએ, જે વ્યર્થ જાય છે. આધુનિક અને શિક્ષિત પરિવારે અને ખાસ દરેક સમાજના મહાનુભાવોએ ''અંગદાન જીવનદાન'' વિષે વધુને વધુ પ્રચાર કરી લોકોમાં જાગૃતતા લાવવી જોઇએ.

– નવીનભાઇ પ્રેમજીભાઇ યાદવ – મુંબઇ–હાજાપર

:: શોક સંદેશ ::

ધનબાદ ગુજરાતી સ્કુલના સર્વે બાળમિત્રો "Sunil Forever Friends Group"

સનાતન સત્ય છે કે, નિઃસ્વાર્થ ભાવે કરેલું કોઇપણ કાર્ય વ્યર્થ નથી જતું. જે રીતે 'કર્ણ દાનવીર' તરીકે ઓળખાય છે, એવી જ રીતે આપણો જીજ્ઞેશ પણ એક 'અંગદાનવીર' તરીકે ઓળખાશે. નહીં રહેંગે હમ, ફીર ભી રહેંગે હમ...

- શ્રી દિનેશભાઇ દયારામ પઢિઆર, શ્રીમતી લતાબેન દિનેશભાઇ પઢિઆર - ઉમરગામ (ગુજરાત)

સેલ્યુટ... સ્વ. જીજ્ઞેશના પરિવારજનોને જે આવા કપરા સમયે સર્વે પરિવારજનોએ શ્રેષ્ઠતમ નિર્ણય લઇ, માનવતા મહેકાવી છે.

- શ્રી જવાહરભાઇ દલીચંદ રામાણી, શ્રીમતી મંજુબેન જવાહર રામાણી - બેંગ્લોર (કર્ણાટક)

માનવ દેહ પરમાત્મા દ્વારા પ્રદાન કરેલું એવું સુગંધી પુષ્પ છે, જેની સુગંધ સંસારમાં ચારે બાજુ ફેલાવાની હોય છે. પણ કોઇ વિરલા જ આ સંસારમાંથી વિદાય પછી પણ પોતાના અંગદાન દ્વારા બીજાને નવું જીવન આપી સુગંધ ફેલાવી રહ્યા હોય છે.

- શ્રી ગોપાલભાઇ લધાભાઇ પટેલ, શ્રીમતી ભાવનાબેન ગોપાલભાઇ પટેલ - કોરબા (છત્તીસગઢ)

પરમ મિત્ર નવીન યાદવના સુપુત્ર સ્વ. જીજ્ઞેશ યાદવની વિદાય પછી દેહદાનનો પરિવારે લીધેલો નિર્ણય અને તેમના અપાયેલ અંગો કીડની, લીવર, આંખ દ્વારા બીજા માનવમાં નવજીવન આપી, પુણ્યાર્થનું અનેરૂ સાહસિક કાર્ય દ્વારા સમાજને પ્રેરણા પ્રદાન કરી છે.

- શ્રી હસમુખભાઇ રતિલાલભાઇ ઠક્કર, શ્રીમતી નિરૂબેન હસમુખ ઠક્કર - ધનબાદ (ઝારખંડ)

સ્વર્ગસ્થ જીજ્ઞેશ યાદવના નિધન બાદ તેમના પરિવાર દ્વારા અંગદાન જેવો નિર્ણય લેવામાં આવ્યો છે, જે સર્વ સમાજો માટે પ્રેરણાદાયી છે. પિતા - નવીન યાદવ, પુત્રવધુ - અવની જીજ્ઞેશ યાદવ તથા તેમના સમગ્ર પરિવારે હિંમત, સંવેદનશીલતા અને માનવતાનો પરિચય આપ્યો છે. અંદાના કાર્ય દ્વારા જીજ્ઞેશ આજે પણ કોઇને કોઇ રૂપે આ દુનિયામાં જીવત છે.

- શ્રી રમેશભાઇ જેઠાભાઇ ચોટલીયા, શ્રીમતી રચનાબેન રમેશ ચોટલીયા - રામગઢ (ઝારખંડ)

કે.કે. હોસ્પિટલ - ભુજ (કચ્છ -ગુજરાત) બ્રેઇન ડેડના કારણે અસમયે સ્વર્ગવાસ થયો. સ્વ. જીજ્ઞેશના તંદુરસ્ત અવયવો જેમ કે કીડની, લીવર અને આંખ તથા અન્ય એક અંગ આ ચારેય અંગોનું અંગદાન કરેલ છે, તે સૌથી મોટામાં મોટું દાન સમાન છે. તેમની સામે બધું દાન ઓછું ગણાય, જીજ્ઞેશ તો બહુ જ ભાવનાશીલ અને લાગણીશિલ યુવાન દીકરો હતો. તેમના અંગોનું દાન અમુલ્ય છે.

- શ્રી સંજીવભાઇ સુર્યકાંત શાહ, શ્રીમતી વર્ષાબેન સંજીવ શાહ - અમદાવાદ (ગુજરાત)

May God bless his soul. His organs donation has given new lives with hope to many people. He will be remembered for his organs donations and man will be inspired in future about organ donation. Avani and Navin have a big heart towards humanity as a result of that Jignesh's organs donation made possible to needy people.

- Sir Sunil Ramniklal Maheta, Smt. Pritiben Sunil Maheta - USA, New Jersey

જેનો ઉદય, તેનો અસ્ત... આ સનાતન સત્ય છે, પરંતુ પ્રિય વ્યક્તિની યાદ ક્યારેય વિસરાતી નથી. આંખોમાં આંસુ અને હૃદયમાં દુઃખ સાથે આપને ભાવભીની શ્રદ્ધાંજલી અર્પિત કરીએ છીએ.

- શ્રીમતી ગીતાબેન કિશોર ચાવડા અને શ્રીમતી તારાબેન મહેન્દ્ર વાઢેર - રાંચી (ઝારખંડ)

Please accept my Heartfelt condolences to Avani, Navinbhai & Family during this difficult time. Through I am far away in the USA, my thoughts and prayers are with you and your family. Distance cannot lessen the sorrow of this loss. May Jignesh's soul rest in eternal peace, and may GOD give you all strength and comfort.

- Sir, Jogendra Patel - USA New Chicago

સ્વ. જીજ્ઞેશને પરમ કૃપાળુ પરમાત્મા શાંતિ પ્રદાન કરે અને દુઃખદ સમયે પરિવારજનોને દુઃખ સહન કરવાની શક્તિ આપે.

ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



સ્વ. પાર્થભાઈ જશવંતરાય ચાવડા (ઉ.વ.૩૨)

બરોડા ગુજરાત ગ્રામીણ બેંક – નાગલપર

જન્મ તા. ૩૦-૦૧-૧૯૯૪ સ્વ. તા. ૦૮-૦૯-૨૦૨૬

જીવન જીવ્યા ટૂંકું પરંતુ શ્રેષ્ઠ જીવી ગયા, હસીને હસાવનાર સૌને રડાવી ગયા, સર્વત્ર સુવાસ ફેલાવી સંભારણા સૌના દિલમાં રાખી ગયા.... ઉદય તેનો અસ્ત, જન્મ તેનું મૃત્યુ તે સનાતન સત્ય હોવા છતાં અકાળ વિદાય એવી કુદરતની ક્રુરતા સમજાતી નથી, હંમેશા સાથે રહેતા અને સાથ આપતો આપનો હસતો ચહેરો ભુલાય તેમ નથી.... પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્મને ચિરઃ શાંતિ અર્પે એજ પ્રાર્થના...

ૐ શાંતિ... શાંતિ... શાંતિ...

:: શોકમગ્ન પરિવારજનો ::

ગં.સ્વ. રોશનીબેન પાર્થભાઈ ચાવડા (પત્ની)
સ્વ. ગવરીબેન ગોપાલભાઈ ચાવડા (દાદી–દાદા)
નયનાબેન જશવંતરાય ચાવડા (માતા–પિતા)
નિર્મલભાઈ જશવંતરાય ચાવડા (નાના ભાઈ)
જ્યોતિબેન નિતિનભાઈ ચાવડા (વડોદરા) (ફઈ–ફુઆ)
વનિતાબેન રિતેશભાઈ ચાવડા (ગેટકો–અંજાર) (કાકા–કાકી)
કલ્પનાબેન કિશોરભાઈ જેઠવા (આદીપુર) (સાસુ–સસરા)
જેક્સીબેન સાગરકુમાર શાહ (વડોદરા) (બહેન–બનેવી)
સૃષ્ટીબેન બંકિમભાઈ ચાવડા (કેનેડા) (નાનાભાઈ–ભાભી)
વૃંદાબેન પૂજનભાઈ ચાવડા (ગેટકો–અંજાર) (નાનાભાઈ–ભાભી)
યશ રિતેશભાઈ ચાવડા (નાના ભાઈ)
ગં.સ્વ. તારાબેન નટવરલાલ વરૂ (સિનુગ્રા) (નાના–નાની)
ગીરીશભાઈ નટવરલાલ વરૂ (મામા)
જીગરભાઈ કિશોરભાઈ જેઠવા (સાળા)
છાયાબેન રોહનભાઈ વરૂ (નાગલપર) (સાળી)

સ્વ. ગવરીબેન ગોપાલભાઈ ડાયાભાઈ ચાવડા પરિવાર - ચંદિઆ

ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



સ્વ. પાર્થભાઈ જશવંતરાય ચાવડા

(સહ કોષાધ્યક્ષશ્રી, શ્રી ક.ગુ.ક્ષ. સમાજ મહાસભા)

સ્વ. તા. ૦૮-૦૯-૨૦૨૬, ગામ : ચંદિઆ

નાની વયે સ્વ. પાર્થભાઈ જશવંતભાઈ ચાવડાના અચાનક નિધનના સમાચારથી સમગ્ર સમાજમાં શોકની લાગણી વ્યાપી ગઈ છે. તેઓશ્રીએ મહાસભાના સહ કોષાધ્યક્ષ પદે રહી ઉમદા સેવાઓ બજાવી હતી. તેમના નિધનથી તેમના પરિવાર પર આવી પડેલ દુઃખ સહન કરવાની શક્તિ પરમાત્મા તેમને આપે અને સ્વ. પાર્થભાઈના દિવ્ય અને પવિત્ર આત્માને શાશ્વત શાંતિ પ્રદાન કરે એજ પ્રાર્થના....

ૐ શાંતિ... શાંતિ... શાંતિ...

:: શોકમગ્ન ::

'સમાજરત્ન'


શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી

પ્રમુખશ્રી, શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

તથા

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા
અખિલ ભારતીય મહિલા મહામંડળ
અખિલ ભારતીય યુવા મહામંડળના
સર્વે હોદ્દેદારો, કારોબારી સભ્યો તેમજ
સમસ્ત સમાજબંધુઓ તરફથી ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ...

પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



સ્વ. મોહનભાઈ વરજાંગભાઈ ટાંક

સ્વ. તા. ૧૯-૦૯-૨૦૨૫, શુક્રવાર, ભાદરવા વદ તેરસ

ગામ : નાગલપર, તા. અંજાર (કચ્છ)

તકલીફો ચારે બાજુથી હતી પણ, અડધી રાતે અમારા ભવિષ્યના સપના સજાવતા જોયા છે. પાઈ પાઈ ભેગી કરી અમારી ખુશી ખરીદતા જોયા છે. એ ખુશી માટે પોતાના શમણાંઓને રોળતા જોયા છે. વ્યક્તિ એક હતા પણ વિશેષતાઓ અનેક હતી. પિતા સ્વરૂપે સર્જનહારને જોયા છે. પરમાત્મા આ દિવ્ય આત્માને શાંતિ આપે એજ પ્રાર્થના...

:: આપના પરિવારજનો ::

ગં.સ્વ. પ્રેમુબેન વરજાંગભાઈ ટાંક (માતા-પિતા)

ગં.સ્વ. મૂદુલાબેન મોહનભાઈ ટાંક (ધર્મપત્ની)

રિદ્ધીબેન (રીટા) હિતેશભાઈ ટાંક (પુત્રવધુ-પુત્ર)

રીટાબેન ધીરજભાઈ પરમાર - ભુજ (દિકરી-જમાઈ)

વર્ષાબેન પ્રભુલાલભાઈ પરમાર - કુકમા (દિકરી-જમાઈ)

કિરણબેન અશ્વિનભાઈ વરૂ - અમદાવાદ (દિકરી-જમાઈ)

ભારતીબેન નૌતમભાઈ વરજાંગભાઈ ટાંક - દુર્ગ (ભાભી-ભાઈ)

પૂર્વીબેન રિતેશભાઈ ટાંક - દુર્ગ (વહુ-ભત્રીજો)

ખુશ્બુબેન પ્રશાંતભાઈ ટાંક - દુર્ગ (વહુ-ભત્રીજો)

દર્શિકાબેન કપિલભાઈ રાઠોડ - ચાઈબાસા (ભત્રીજી-જમાઈ)

સ્વ. મણીબેન ચત્રભુજભાઈ ચાવડા - ગળપાદર (સાસુ-સસરા)

કિંજલ, ઋત્વિ, હર્ષ (દોહીત્રી-દોહીત્રા)

સૃષ્ટિ, કશ્વી, મહેક, પરમ, હિતાર્થ, કાશી (પૌત્રી-પૌત્ર)

સુચિતા જીગર પરમાર (દોહીત્રાવહુ-દોહીત્ર)

રમ્યા જીગર પરમાર (પરદોહીત્રી)

અશ્રુભીની શ્રદ્ધાંજલિ



સ્વ. જીજ્ઞેશકુમાર નવિનભાઈ ચાદવ

હાજાપર (મુંબઈ/માધાપર)

(ઉ.વ.૪૩) અંગ પ્રસ્થાન/દેહ વિલય તા. ૬/૮/૨૦૨૬

જીવન અને મૃત્યુ નિશ્ચિત છે.
અમારા પરિવારના સ્વજન એવા આપની
ચિરઃ વિદાય અમારા સૌના માટે ખુબજ દુઃખદ
અને આઘાતજનક છે.
સદેહે આપ અમારી વચ્ચે નથી રહ્યા...
પણ, અંગદાન થકી તમારા અંગો અન્ય જીવાત્માઓને
નવજીવન આપી સદા આપની સ્મૃતિ કાયમ રાખશે....

''અંગદાન - મહાદાન''

પરમકૃપાળુ પરમાત્મા તમારા દિવ્ય અને પવિત્ર આત્માને
પરમધામમાં ચિરઃ શાંતિ પ્રદાન કરે... ઓમ શાંતિ...

:: શોકાતુર ::

ગં.સ્વ. અવનિબેન જીજ્ઞેશભાઈ ચાદવ - ધર્મપત્ની

રેખાબેન પુષ્કરભાઈ ચૌહાણ - સાસુ/સસરા

મીનાબેન દિલીપભાઈ ચૌહાણ - કાકીજી/કાકાજી

સ્વ. તરલિકાબેન રમેશભાઈ ચૌહાણ - ફઈજી/ફુવાજી

નયનાબેન ઈશ્વરભાઈ વરૂ - ફઈજી/ફુવાજી

નેહાબેન કેવલભાઈ ચૌહાણ - સાળાના પત્ની/સાળા

દર્પણાબેન ભાવેશભાઈ પરમાર - સાળી/સાઢુભાઈ

સ્વ. ગૌરીબેન ગાંગજીભાઈ જેરામભાઈ ચૌહાણ પરિવાર - નાગોર



॥ ઓમ શાંતિઃ ॥

ભૂમિપૂજા એસ્ટેટ એજન્સી

લેન્ડ ડેવલોપર્સ એન્ડ એસ્ટેટ એજન્ટ

જમીન, વાડી, પ્લોટ, બંગલા લે-વેંચ માટે વિશ્વાસપાત્ર સ્થળ

કચ્છ જીલ્લાના કોઇપણ તાલુકામાં જમીન મળી શકશે



બ્રહ્માકુમાર બાબુલાલભાઇ અરજણભાઇ પરમાર

(ખંભરા)

ઉપપ્રમુખશ્રી, શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

Mob. 98252 97341

ઓફીસ : વિજયનગર, હોસ્પિટલ રોડ, ભુજ (કચ્છ) ફોન : Mo. 9537738640 (Deep)



R SQUARE

WESTSIDE
zudio

4 SCREEN MULTIPLEX
By Shree - Jayshree Cinema

Jayshree Cinema Compound, Chala, Vapi.

TOYOTA

RATHOD TOYOTA

SALES | SERVICE | SPARES

VAPI • VALSAD • NAVSARI • SILVASSA





RATHOD KIA

SALES | SERVICE | SPARES

VAPI • VALSAD • SILVASSA

---

croma

in-store I online I mobile

AT RATHOD CHAMBERS & FORTUNE LANDMARK
VAPI





SANDY RESORT

Devka Beach, Daman.
Mail : info@sandyresort.com
Website : www.sandyresort.com

Late **Amratlal V. Rathod**

Nitin A. Rathod	Ashok A. Rathod	Rajen A. Rathod	Ashish A. Rathod
9898 907750	9898 907740	9898 907744	9898 907747

Residence : Rathod House, Near Tapi complex, Udwada (RS) Dist. Valsad, Gujarat - 396 185.

અંજાર મહિલા મંડળ





અંજાર મહિલા મંડળની સામાન્ય સભા દર મહિનાની પહેલી તારીખે મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી સવિતાબેન જે. ચૌહાણના અધ્યક્ષ સ્થાને સમાજ ભવનમાં રાખવામાં આવે છે. દર મહિને નવી નવી સ્પર્ધાઓ રાખવામાં આવે છે. જેમ કે, વન મિનિટ ગેમ, વાનગી હરીફાઇ, વેસ્ટમાંથી બેસ્ટ, રમત-ગમત, હાઉઝી, નવી નવી વસ્તુઓ શિખવવાના વર્કશોપ રાખવામાં આવે છે. લક્કી ડ્રો પણ કરવામાં આવે છે. જાન્યુઆરી મહિનામાં 'નારીરત્ન' શ્રીમતી કંચનબેન શાંતિલાલભાઇ જેઠવાના આમંત્રણને માન આપી તેમની વાડીમાં સૌ બહેનો પીકનીક મનાવવા જઇ ત્યાં બાજરાના રોટલા, રીંગણનો ઓળો તથા લાપસીના સ્વાદિષ્ટ ભોજનનો આનંદ માણ્યો હતો.

વસંતપંચમીના શુભ દિને વિશ્રાંતિ ભવન-૨ના લોકાર્પણ પ્રસંગે બહેનોએ વાસ્તુ હવનનો લાભ લીધો હતો. સમુહ લગ્નમાં દિકરીઓને સોનાની બુટ્ટી ભેટ આપી હતી. મહિલા મંડળે રૂા. ૩,૫૦,૦૦૦નું અનુદાન વિશ્રાંતિ ભવન-૨ નિર્માણમાં ઘટકને આપ્યું હતું. શિયાળામાં મહિલા મંડળ દ્વારા ૮૦૦ કીલો અડદિયા તથા ૨૫૦ કિલો ગુંદરપાકનું માતબર વેચાણ રેલ. તેમાંથી થતી આવક મહિલા ઉત્કર્ષના કાર્યોમાં વાપરવામાં આવે છે.

૧૯ એપ્રિલ રવિવારે કચ્છ મહિલા પ્રાદેશિક સમિતિ દ્વારા યોજવામાં આવેલ પાત્ર પરિચય મિલનમાં ૨૧૦ જેટલા પાત્રોની માહિતી બહેનો દ્વારા આપવામાં આવેલ. બહેનોએ મેન્ટરની સેવા પણ આપેલ. વેકેશનમાં મહિલા મંડળ દ્વારા ૨૫ થી ૨૮ મે સુધી સમર કેમ્પનું આયોજન કરવામાં આવેલ. પહેલા દિવસે બચત બેંક, ભંભુટો સજાવી તેનું મહત્વ સમજાવ્યું હતું. બાળકોને



રોચક ગેમ રમાડી કાગળ ઉપર થપ્પા કામ કરાવેલ. જેમાં બાળકોએ ખુબજ આનંદથી ભાગ લીધેલ. આંબુડો-જાંબુડો પરસોત્તમ મહિનાનું ગીત ઉપર બાળકોને અભિનય કરી આનંદ માણ્યો હતો. છેલ્લે દિવસે ફેશન શોનું આયોજન કરેલ. વિવિધ પરિવેષમાં બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. રોજ બાળકોને અલ્પાહાર આપવામાં આવતો. અંતિમ દિવસે સૌ બાળકોને રિટર્ન ગીફ્ટ આપવામાં આવેલ. રંગકામ, માટીકામ, ચિત્રકામ, ગણેશ બનાવીને તેની પૂજા કરેલ હતી. ચેતનાબેન ચૌહાણ અને અંકિતાબેન જેઠવા પ્રશિક્ષક તરીકે રહ્યા હતા. મંડળ દ્વારા માનસ હનુમાન, મોગલધામ જેવા તીર્થધામ પ્રવાસ કરેલ. અધિક મહિનામાં કોડકી ગંગા, નાના આસંબીયા ગંગાજી, માંડવી, ગોધરા અંબેધામનો ધાર્મિક પ્રવાસ કરેલ. જેમાં ઘણા બહેનોએ લાભ લીધો હતો.

રાયપુર મહિલા મંડળ



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ રાયપુર મહિલા મંડળ દ્વારા પવિત્ર પુરૂષોત્તમ માસના ઉપલક્ષમાં તા. ૨૭-૦૫-૨૦૨૬ના રોજે સામુહિક એકાદશ મંડળ પૂજા મહાસભા હેમલ શાસ્ત્રીજી દ્વારા કરાવામાં આવેલ. ૧૦ યજમાન જોડીએ એકાદશી પૂજાનું લાભ લીધેલ સાથે વિષ્ણુ સહસ્ત્રનો તુલસીદલ સાથે જાપ કરવામાં આવેલ. ત્યાર બાદ આરતી કરી ભોજન પ્રસાદીમાં ફરાળની વ્યવસ્થા રાખવામાં આવેલ હતી. સંધ્યા વેળાએ ભજન



મંડળી દ્વારા ભજન અને રાસગરબાનું આયોજન રાખવામાં આવ્યું હતું. ત્યાર બાદ પૂજાનું ઉત્થાપન કરી યજમાનશ્રીઓને મંડળ દ્વારા ભેટ આપવામાં આવેલ. આયોજનમાં સમાજના સર્વે સમાજબંધુઓ સાથે ઘટક પ્રમુખશ્રી, સેવા સમિતિ પ્રમુખશ્રી, યુવક મંડળ પ્રમુખશ્રી અને તેમના સર્વે પદાધિકારી ઉપસ્થિત રહ્યા હતા.

પવિત્ર પુરૂષોત્તમ માસમાં મંડળ દ્વારા ધાર્મિકયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. પુરૂષોત્તમ માસમાં નદીએ ન્હાવાનું વિશેષ મહત્વ છે. પવિત્ર સ્નાન માટે ચાર સરોવરમાંથી એક પંપા સરોવર જે તુંગભદ્ર નદી નામથી પ્રસીદ્ધ છે એ ધ્યાન રાખી કિષ્કીન્ધા, ગોકર્ણ સાથે માલ્યવંત પર્વત દર્શનનું આયોજન રાખવામાં આવેલ. આ યાત્રા રાયપરથી ૧૧ જુન થી ૧૯ જુન સુધીનું હતું. પહેલા બેંગ્લોર પહોંચી ઇસ્કોન મંદિર, સદ્‌ગુરૂ આદિયોગી દર્શન કરી હમ્પી માટે પ્રસ્થાન કરેલ. સોમવતી અમાવસના દિવસે અમૃત તીર્થ સ્થાન પંપા સરોવરમાં સ્નાન કરી શ્રી વિષ્ણુસહસ્ત્ર નામ અને શ્રી સત્યનારાયણ કથા સાથે પણ જોડાયા હતા.

ત્યાર બાદ શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા પ્રેરિત, દેવભૂમિ ઉત્તરાખંડની યાત્રામાં રાયપુરથી પણ સમાજબંધુઓ યાત્રામાં જોડાઇ યાત્રાનું લાભ લીધેલ. જેથી રાયપુર મહિલા મંડળ દ્વારા સામુહિક સત્યનારાયણ કથાનું આયોજન કરાવામાં આવેલ. જેમાં ચારધામ યાત્રામાં જોડાયા યજમાન શ્રી મંડળ સાથે મળી કથા અને હવન પૂજામાં શામીલ થયા હતા. કથા પૂજામાં ૧૧ જોડલાઓએ પૂજન કરી લાભ મેળવેલ. પૂજાના અંતમાં ભોજન પ્રસાદીની વ્યવસ્થા મંડળ દ્વારા રાખવામાં આવેલ હતી.

રાયપુર મહિલા મંડળ દ્વારા તા. ૭-૮-૨૦૨૬ના રોજે દર વર્ષની જેમજ આ વર્ષે પણ સાવન ઉત્સવનું આયોજન કરવામાં આવેલ સાથે શ્રી કૃષ્ણનો ઝુલો સજાવીને લાવવાનું કમ્પીટીશન રાખવામાં આવેલ હતું અને કોઇપણ ભજન ગાતા હોય એવી પ્રસ્તુતી આપવાની હતી. કમ્પીટીશનમાં ભાગ લેવા વાળા બહેનોએ ખુબજ સુંદર શ્રી કૃષ્ણ ઝુલાની ઝાંખી બનાવીને પ્રસ્તુત કરેલ હતી. જેમાં પ્રથમ - કપિલાબેન ગોહિલ, દ્વિતીય -



કાંઠાગોરની પૂજા, અધિક માસની કથા કરાવામાં આવેલ. ત્યાર બાદ હનુમાનજી અવતરણ ભૂમિ અંજની પર્વત, હમ્પી માલ્યવંત પર્વત દર્શન કરી કિષ્કિન્ધા નગરીમાં શ્રી સુંદરકાંડ અને હનુમાન ચાલિસાનું પાઠ કરેલ. આખરી દિવસ ગોકર્ણ (ગોવા) જ્યાં ગોકર્ણે પ્રથમવાર ભાગવત કથા કરેલ અને ધુંધુકારીનું મોક્ષ થયું એવા પવિત્ર સ્થાનનું દર્શન કરી લાભ લીધેલ. ૯ દિવસની આ ધાર્મિક યાત્રામાં રાયપુર ઉપરાંત બીજા ઘટકથી ભાઇઓ-બહેનો દીપાબેન સોલંકીને પ્રાઇઝ આપવામાં આવેલ.

સાવન ઉત્સવમાં ઝુલા અને ગેમ્સ રાખવામાં આવેલ. સાવન ઉત્સવમાં બહેનોને પિંક સાડી સાથે ગ્રીન બંગડી અને પૂરો શ્રૃંગાર સાથે આવવાનું હતું. હાથમાં મહેંદી લગાડીને આવ્યા હતા. જેમાં પરફેક્ટ શ્રૃંગારમાંથી જ સાવન ક્વીનનું ચુનાવ કરવામાં આવેલ. ક્ષમાબેન ટાંકને સાવન ક્વીનનું તાજ પહેરાવવામાં આવેલ. સાવન ઉત્સવમાં વિશેષ રૂપે સિનીય સીટીઝન માટે

ગેમ્સ રાખવામાં આવેલ. જેમાં ચંપાબેન રાઠોડને ફર્સ્ટ પ્રાઇઝ આપવામાં આવેલ. સીનીયર સિટીઝન માટે સ્પેશયલ પ્રાઇઝ પરફેક્ટ મેચીંગમાં શ્રીમતી અનુરાધાબેન ચાવડાને આપવામાં આવેલ. ગ્રુપ ગેમમાં પ્રથમ સુનિતાબેન પરમાર, દ્વિતીય વંદનાબેન વાઢેરને આપવામાં આવેલ. સાવનના કાર્યક્રમ સાથે મંડળના બહેનો શ્રીમતી મનોરમાબેન વરૂ, હંસાબેન રાઠોડ, સ્વર્ગીય વિદ્યાબેન ચાવડાની બી.સી. પણ રાખવામાં આવેલ. મનોરમાબેનએ સર્વે બહેનોને ફ્રેન્ડશીપ બેસ્ટ બાંધી અને ચોકલેટ ગીફ્ટમાં આપેલ. બી.સી. વારા બહેનો દ્વારા સુંદર સ્વાદિષ્ટ સ્વલ્પાહારની વ્યવસ્થા રાખવામાં આવેલ હતી. કાર્યક્રમમાં બહેનોએ ખુબ મજા કરી, ઝુલાનું આનંદ લીધેલ સાથે ખુબજ સુંદર સુંદર રીલ બનાવી અને મસ્તી કરેલ. રાષ્ટ્રગીત સાથે કાર્યક્રમનું સમાપન કરવામાં આવેલ.

મહિલા મંડળ દ્વારા શ્રાવણ મહિનાના પહેલા સોમવાર તા. ૧૭-૦૮-૨૦૨૬ના રોજે સમાજ ભવનમાં સામુહિક રૂદ્રાભિષેક પૂજનનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં ૧૧ યજમાનો સાથે મુખ્ય યજમાન રાયપુર ઘટકના પ્રમુખ શ્રી હેમંતભાઇ ગોહિલ દ્વારા સંપન્ન કરાવામાં આવેલ. પૂજન પછી હવન કરી ભોજન પ્રસાદી ફળાહારની વ્યવસ્થા રાખવામાં આવેલ હતી. રૂદ્રાભિષેકના સાથે જ શિવલિંગ સજાવો સ્પર્ધા રાખવામાં



આવેલ હતી. મંડળની બહેનોએ ખુબજ ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ. શિવલિંગને સરસ ડેકોરેટ કરીને લાવ્યા હતા. આ સ્પર્ધામાં પ્રથમ જીજ્ઞાબેન ગોહિલ, દ્વિતીય - રાનીબેન રાઠોડ, દ્વિતીય - કપીલાબેન ગોહિલ સાથે જ સાંત્વના - પલ્લવીબેન ચૌહાણ અને સીમાબેન રાઠોડને આપવામાં આવેલ.

આ આયોજનમાં રાયપુર નગર નિગમના સભાપતિ શ્રી સુર્યકાન્તભાઇ રાઠોડ, સેવા સમિતિ પ્રમુખ શ્રી ભરતભાઇ ચાવડા, યુવા મંડળના ચેરપર્સન શ્રી ગૌરવભાઇ ચાવડા અને છત્તીસગઢ પ્રાદેશિક મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી નીતાબેન રાજેશભાઇ રાઠોડ, અખિલ ભારતીય મહિલા મહામંડળના ઉપપ્રમુખ શ્રીમતી પૂનમબેન ટાંક, શિક્ષણ સમિતિના મંત્રી શ્રીમતી કલ્પનાબેન પરમાર અને શ્રીમતી કનકબેન ટાંક ઉપસ્થિત હતા.

આદિપુર મહિલા મંડળ





આદિપુર મહિલા મંડળ દ્વારા આયોજીત કિટી પાર્ટી તા. ૧૮-૦૭-૨૦૨૬ના રોજ શ્રીમતી કલાબેન ચાવડાના ઘરે રાખવામાં આવી હતી. સૌ બહેનોએ સાથે મળીને પ્રભુ પ્રાર્થના કરેલ. ત્યાર બાદ સૌએ વેલકમ ડ્રીંક લીધું હતું. કલાબેન દ્વારા બહેનોને આંખે પાટો બાંધીને એક ગેમ રમાડવામાં આવેલ હતી. બધાએ ખુબ મજા કરી હતી. તેમાં પ્રથમ નીતાબેન જે. ટાંક અને દ્વિતીય કલ્પનાબેન વાઘેલા આવેલા. આ બન્ને બહેનોને કલાબેન ચાવડા દ્વારા ઇનામ આપવામાં આવેલ. ત્યાર બાદ સૌ બહેનોએ અલ્પાહાર લીધો હતો અને આઇસ્ક્રીમની મજા માણી સૌ છુટા પડ્યા હતા.

હૈદ્રાબાદ-સિકંદરાબાદ મહિલા મંડળ

હૈદ્રાબાદ-સિકંદરાબાદ મહિલા મંડળ દ્વારા તા. ૬ જૂન, શનિવારના રોજ પુરૂષોત્તમ માસ નિમિત્તે એક સુંદર અને યાદગાર પિકનિકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ યાત્રા દરમિયાન બહેનોએ શ્રી હનુમાનજી મંદિરના દર્શન, શ્રી જોગુલાંબા શક્તિ પીઠના દર્શન તેમજ પવિત્ર નદીમાં સ્નાનનો લાભ લીધો હતો. મહિલા મંડળ દ્વારા તમામ બહેનો માટે સવારના નાસ્તા, બપોરના ભોજન, સાંજની હાઈ-ટી તથા રાત્રિના જમણની



ઉત્તમ વ્યવસ્થા કરવામાં આવી હતી.

આ પિકનિકમાં બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈને આનંદ, ભક્તિ અને સુંદર ક્ષણો માણી હતી. કાર્યક્રમ ખૂબ જ સફળ અને યાદગાર રહ્યો.

ગુલબર્ગા મહિલા મંડળ



ગુલબર્ગા મહિલા મંડળ દ્વારા ૯ ઑગસ્ટ ૨૦૨૬ રવિવારના દિવસે પ્રશ્નોતરી પ્રતિયોગીતા મહિલા મંડળ પ્રમુખ તનુજાબેન ચાવડા અધ્યક્ષતામાં રાખવામાં આવેલ હતું. જેમાં મુખ્ય વિષય આધ્યાત્મિક, ઇતિહાસ, રાજનીતિ, સોશિયલ મીડિયા એન્ટરટેનમેન્ટ અને આપડા સમાજ બાબતના જર્નલ પ્રશ્ન પૂછવામાં આવ્યા હતા. આમ ૧૦૦ પ્રશ્નો જ હતા.

આમાં વિજેતા બહેનોમાં ★ સિનિયર ગ્રુપ - પ્રથમ - જયશ્રી બેન ચાવડા, દ્વિતીય - રાધિકાબેન વાઘેલા, ત્રીજુ - હર્ષિદાબેન ચાવડા, ★ જુનિયર ગ્રુપ - પ્રથમ - નિશાબેન ચાવડા, દ્વિતીય - સુચિતાબેન ચાવડા, ત્રીજુ - લેખાબેન પરમાર, બીજા ભાગ લેનારી બહેનોના નામ ચંદ્રિકાબેન પરમાર સોનલબેન આર ચાવડા, શિલ્પાબેન વાઘેલા, લેખાબેન પરમાર અને સોનલબેન જે ચાવડા હતા. મુખ્ય અતિથિ રૂપે પ્રાદેશિક પ્રમુખ આદરણી શ્રીમતિ લલિતાબેન ચાવડા ને આમંત્રિત કરવામાં આવેલ હતું.

બિલાસપુર મહિલા મંડળ



બિલાસપુર મહિલા મંડળની માસિક મીટીંગ તા. ૦૮-૦૮-૨૦૨૬, શનિવારના રોજ બિલાસપુર સમાજ ભવનમાં પ્રમુખ શ્રીમતી મીનાબેન મહેન્દ્રભાઇ ચૌહાણના નેતૃત્વ હેઠળ આયોજીત કરવામાં આવી હતી. લગભગ ૪૨ સભ્યોએ પોતાની હાજરી આપી હતી. સર્વ પ્રથમ હોસ્ટ દ્વારા પ્રભુ પ્રાર્થના મંત્રી દ્વારા ગત મીટીંગની મિનિટ્સનું વાંચન તેમજ અવસાન થયેલ દિવંગતોની આત્માને શાંતિ માટે બે મિનિટનું મૌન રાખવામાં આવ્યું હતું.

ઓગસ્ટ મહિનાથી મહિલા મંડળે બીસી ચાલુ કરી. જેમાં



૫૦ મહિલાઓ જોડાયા હતા. પૈસા ઓનલાઇન તેમજ કેશ લેવામાં આવેલ. મીટીંગમાં લક્કી ડ્રો કાઢવામાં આવેલ. શ્રીમતી કૃતિકાબેન ઘનશ્યામભાઇ ચૌહાણને પ્રથમ બીસી આપવામાં આવેલ. આ મહિને રાખીના ઉપલક્ષમાં ઇવેન્ટમાં અમે લોકોએ શ્રીમતી રશ્મીબેન ભાવેશભાઇ ચૌહાણને આમંત્રણ આપી તેઓએ રાખી બનાવતા મહિલાઓને શિખવાડી હતી. ત્યાર બાદ સવે બહેનોએ બનાવેલ રાખડી પોતાના ઘરે લઇ ગયા હતા. ત્યાર બાદ હોસ્ટ દ્વારા બે ગેમ રમાડી હતી. શ્રીમતી રશ્મીબેનનું સન્માન કર્યું તે સાથે વિજય થયેલા સભ્યોને ઇનામ આપી રાષ્ટ્રગાન કરી હોસ્ટ શ્રીમતી મંજુલાબેન ચૌહાણ તેમજ ગીતાબેન ચૌહાણ દ્વારા સ્વાદિષ્ટ અલ્પાહારનું આયોજન કરેલ. ત્યાર બાદ સૌએ વિદાય લીધી હતી.

મુંબઇ મહિલા મંડળ (પ.)

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મુંબઈ મહિલા મંડળ પશ્ચિમ દ્વારા મધર્સ ડે નિમિત્તે ''કુક વિથ મોમ'' સ્પર્ધાનું સફળ આયોજન કરવામાં આવેલ હતું. કાર્યક્રમનો મુખ્ય હેતુ માતા અને સંતાનો વચ્ચેના પ્રેમ, લાગણી અને સંસ્કારના અતૂટ બંધનને ઉજાગર કરવાનો હતો.

સ્પર્ધામાં સમાજના માતાઓ અને સંતાનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. વિવિધ પ્રકારની સ્વાદિષ્ટ અને સર્જનાત્મક વાનગીઓ રજૂ કરવામાં આવી હતી. દરેક ટીમે પોતાની અનોખી પ્રસ્તુતિ, સ્વાદ અને સજાવટ દ્વારા સૌનું મન મોહી લીધું. દરેક વાનગીનો વિડીયોમાં, આનંદમય અને કુટુંબપ્રેમથી ભરેલો માહોલ નજરે આવતો હતો. ન્યાયાધીશ માસ્ટર શેફ ઇન્ડિયા કન્ટેસ્ટન્ટ શ્રીમતી અમીષાબેન અપૂર્વભાઈ ટાંક દ્વારા સ્વાદ, પ્રેઝન્ટેશન, નવીનતા અને સ્વચ્છતાના આધારે વિજેતાઓની પસંદગી કરવામાં આવી હતી.



પ્રતિયોગીતાના વિજેતાઓ :- ★બેસ્ટ સ્ટાર્ટર : મુંગ વેજ ઢોકળા અને અપપે, પલક અને જાગૃતિ વરુ, ★બેસ્ટ બેકરી: રાગી કુકીસ , ધ્યાના અને નેહા ટાંક, ★બેસ્ટ ટોડલર લિટલ સેફ: સેન્ડવીચ અને જામુન શોટ્સ પ્રાંશ અને જરના વેગડ, ★બેસ્ટ પ્રેઝન્ટેશન :મેંગો પુડિંગ, ફાગુન અને રોમા પરમાર, ★બેસ્ટ ક્રિએટિવ રેસીપી: સ્ટફ્ડ ચોકલેટ , સ્વરા અને પૂજા યાદવ, ★બેસ્ટ ડેકોરેટિવ ગાર્નીશ રેસીપી: ક્યુકયુમ્બર બોટ ટ્રીયો ચાટ, વિરાટ અને રોમા પરમાર, ★બેસ્ટ હેલ્થી રેસીપી :હોલ વીટ નુડલ ,જેવલ અને નેહા ટાંક.

મુંબઈ મહિલા મંડળ પશ્ચિમની ટીમે કાર્યક્રમને સફળ બનાવવા માટે કરેલા પ્રયત્નો પ્રશંસનીય રહ્યા હતા. મધર્સ ડેના આ અવસરે યોજાયેલ ''કુક વિથ મોમ'' સ્પર્ધાએ માતૃત્વના સ્નેહ અને પરિવારના પ્રેમને વધુ મજબૂત બનાવવાનો સુંદર સંદેશ આપ્યો હતો.

મીઠાપુર મહિલા મંડળ





તા. ૧૬-૦૮-૨૦૨૬ના રોજ મીઠાપુર મહિલા મંડળે ખંભાળીયા પાસે આવેલ ગોપનાથ મહાદેવના મંદિરે પ્રવાસનું આયોજન કરેલ. સવારે ૮.૦૦ વાગ્યે બધા ગોપનાથ મહાદેવ જવા રવાના થયા.

બસમાં ભજન-કિર્તન કરતા અને અંતાક્ષરી રમતા ગોપનાથ મહાદેવના મંદિરે પહોંચ્યા હતા. ગોપનાથ મહાદેવનું મંદિર ડુંગર ઉપર આવેલ હોવાથી અને ચોમાસાની સિઝન હોવાથી ત્યાંની ગ્રીનરી જોઇ બધા લોકા ખુબ જ ખુશ થઇ ગયા હતા. ગોપનાથ મહાદેવના દર્શન કરી બધાયે ત્યાં પ્રસાદી લીધી. ત્યાર બાદ બધી બહેનોએ રિલ્સ બનાવી, ગેમો રમ્યાં હતા. મીઠાપુર મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી ઉષાબેન રાઠોડના માર્ગદર્શન હેઠળ પ્રવાસમંત્રી શ્રીમતી મયુરીબેન ચૌહાણ તથા શ્રીમતી શિતલબેન વરૂએ પ્રવાસનું ખુબજ સુંદર આયોજન કર્યું હતું.

ગોપનાથ મહાદેવના મંદિરેથી નિકળ્યા બાદ રસ્તામાં આવેલ ઇન્દ્રેશ્વર મહાદેવા દર્શન કર્યા. ત્યાર બાદ રસ્તામાં આવેલ. મોગલ માતાજીના દર્શન કર્યા. રસ્તામાં આવેલ હોટલે રાતનું ભોજન કરી બધા આનંદ અને ઉત્સાહ સાથે મીઠાપુર પરત ફર્યા હતા.

ગાંધીધામ મહિલા મંડળ



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ ગાંધીધામ મહિલા મંડળ દ્વારા તા. ૨૭-૦૭-૨૦૨૬ના પ્રમુખ શ્રીમતી મોનાબેન નીતિનભાઇ પરમરના અધ્યક્ષ સ્થાનેથી મીટીંગ રાખવામાં આવેલ હતી. તેમાં સૌ પ્રથમ (ડ્રામેબાજ ગ્રુપ)ની બહેનો દ્વારા પોતાનો પરિચય આપવામાં આવેલ. ત્યાર બાદ ડ્રામેબાજ ગ્રુપની બહેનો દ્વારા નામને અનુરૂપ ફુલઓન કોમેડી પ્રસ્તુતિ કરવામાં આવી તેનો શિર્ષક હતું (ડ્રામેબાજ યોગા ક્લાસ) તેમાં ઉપસ્થિત સર્વે બહેનો પણ જોડાઇને આનંદિત થયા હતા. ત્યાર બાદ એક યુનિક સ્પર્ધા રાખવામાં આવી હતી. જેમાં સર્વ પ્રથમ બહેનોએ એક મિનિટમાં લેટેસ્ટ સ્ટાઇલથી ચુન્ની (દુપટ્ટા)ને પહેરવાની હતી. જેમાં પ્રથમ - જિજ્ઞાસાબેન ટાંક, દ્વિતીય - હીનાબેન ટાંક અને તૃતિય - અનુપમાબેન ટાંક આવ્યા હતા. ત્યાર બાદ મસ્ત કોમેડી ગેમ રમાડવામાં આવી હતી. જેમાં પ્રથમ દિનિશાબેન ચૌહાણ, દ્વિતીય - મુક્તાબેન રાઠોડ આવ્યા હતા.



ત્યાર બાદ લક્કી ગેમ રમાડી તેના લક્કી વિજેતા તમન્નાબેન હતા. આ પ્રોગ્રામમાં રિપોર્ટ તોડ ૧૩૦થી વધુ મહિલાઓ ઉપસ્થિત હતી. ત્યાર બાદ હાઉસી રમી અને અલ્પાહાર લઇ સર્વે છુટા પડ્યા હતા.

જબલપુર મહિલા મંડળ

જબલપુર મહિલા મંડળ દ્વારા તા. ૯ સપ્ટેમ્બર ૨૦૨૬, બુધવારના રોજ સમાજ ભવન ખાતે રુદ્રાભિષેક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી ચંચલબેન યાદવ તથા મંત્રી શ્રીમતી સોનિયાબેન પરમારના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં મહિલા સભ્યોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમની શરૂઆત બપોરે ૨:૩૦ વાગ્યે રુદ્રી બનાવવાની વિધિથી કરવામાં આવી અને ત્યારબાદ ૩:૦૦ વાગ્યે રુદ્રાભિષેક સંપન્ન થયો. પીળી સાડીના ડ્રેસ કોડમાં સજ્જ મહિલા સભ્યોએ ભક્તિભાવપૂર્વક ભગવાન શિવજીનું પૂજન કર્યું. બિલીપત્ર, શમીના પાન તથા વિવિધ પૂજન સામગ્રી સાથે મંત્રોચ્ચાર અને શિવજીના જયઘોષ વચ્ચે રુદ્રાભિષેક કરવામાં આવ્યો. સમગ્ર સમાજ ભવનનું વાતાવરણ હર હર મહાદેવ અને જય ભોલેનાથના જયઘોષથી ભક્તિમય બની ગયું હતું.

આ પ્રસંગે મહિલા મંડળના તમામ હોદ્દેદારો તથા સભ્યોએ



ઉત્સાહપૂર્વક સહભાગી બની કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. સૌના સહકાર અને ઉપસ્થિતિ બદલ મહિલા મંડળ દ્વારા હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. પ્રમુખ ચંચલબેન યાદવ અને મંત્રી સોનિયાબેન પરમાર દ્વારા તમામ સભ્યોનો સહકાર અને સુંદર ઉપસ્થિતિ બદલ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો. મહિલા મંડળના હોદ્દેદારો તથા સભ્યોના સહયોગથી કાર્યક્રમ ખૂબ જ સુંદર અને સફળ રહ્યો.

ઉદયપુર મહિલા મંડળ





ઉદયપુર મહિલા મંડળ દ્વારા પુરૂષોત્તમ માસના પાવન અવસર પર પવિત્ર સ્નાન કરવા માટે વેણેશ્વરધામ, ત્રિવેણી સંગમ નદીમાં સ્નાન કરવાનું આયોજન કરવામાં આવ્યું હતું. સવારે ૭.૩૦ વાગે બસથી યાત્રાની શરૂઆત કરવામાં આવી. બસમાં ભજન-કિર્તન કરતા બધા વેણેશ્વરધામ પહોંચ્યા હતા. ત્યાં મંદિરમાં દર્શન કરી નદી કિનારે કાંઠાગોરની પૂજા કરી. અંબુડો-જાંબુડો બોલીને બધા બહેનો ખેતર ખેડીને નદીમાં સ્નાન કર્યા પછી પૂજા કરી. ત્યાર બાદ બાંસવાડા નજીક ત્રિપુરા સુંદરી માતાજીના દર્શન કર્યા અને બપોરના જમવા પછી વાપસી યાત્રાનો આનંદ ઉઠાવતા રાત્રે ઘરે પરત ફર્યા હતા.

મહિલા મંડળની સામાન્ય સભા શ્રીમતી પુનમબેન વિનીતભાઇ ચૌહાણના ઘરે રાખવામાં આવી હતી. ગણપતિજીના ભજનથી મીટીંગની શરૂઆત કરવામાં આવી. ભજન પછી સરપ્રાઇઝ ગેમ રમાડવામાં આવેલ. ગેમમાં જાગૃતિબેન યાદવ વિજેતા રહેલ. ત્યારબાદ પ્રમુખ શ્રીમતી આશાબેન ચૌહાણ દ્વારા દ્વારકામાં યોજાયેલ અધિવેશનના બારામાં ચર્ચા કરવામાં આવી હતી. શ્રીમતી આશાબેન ચૌહાણ દ્વારા દ્વારકામાં યોજાયેલ સાંસ્કૃતિક શિબિર અને મહાસભાના કાર્યોથી અવગત કરાવ્યું હતું. અ.ભા.મહિલા મહામંડળ દ્વારા સ્વરોજગાર ચલાવનાર મહિલાઓનું સન્માન કરવામાં આવ્યું. જેમાં ઉદયપુર મહિલા મંડળના સ્વરોજગાર કરતા બહેન શ્રીમતી રીટાબેન વિનોદભાઇ ચૌહાણનું પણ સન્માન કરવામાં આવ્યું. આજની આ



મહિલામંડળની મીટીંગમાં ઉદયપુર મહિલા મંડળ દ્વારા પણ તેમનો ઉપરના અને શ્રીફળ ભેટ કરી સન્માન કરવામાં આવ્યું. તેને બધી બહેનો દ્વારા તાળીઓના ગડગડાટથી વધાવવામાં આવ્યું. ત્યાર બાદ અન્ય ગેમ અને હાઉઝી રમવામાં આવી. જેમાં પ્રિયાબેન વરૂ, ડિમ્પલબેન પરમાર, માધવીબેન રાઠોડ, શાંતાબેન ચૌહાણ, જીજ્ઞાબેન ચૌહાણ વિજેતા રહેલ. બધાય વિજેતાઓને પુનમબેન ચૌહાણ દ્વારા ઇનામ આપવામાં આવ્યું. ત્યાર પછી પુનમબેન દ્વારા સર્વે બહેનોને અલ્પાહાર આપવામાં આવેલ. બહેનોને પોતાના હેલ્થ અને સ્કીનના કેર માટે હેલ્થ કોચમાંથી એક બહેનને માર્ગદર્શન માટે બોલાવવામાં આવેલ. જેમના દ્વારા બધા બહેનોને હેલ્ધી ડાઇટ અને ઘણી બધી સ્વાસ્થ્યવર્ધક જાણકારી આપવામાં આવી હતી.

રાઉરકેલા મહિલા મંડળ



પરમ પૂજ્ય ભગવાન ભોળેનાથની કૃપાથી રાઉરકેલા મહિલા



મંડળ પ્રમુખ સોનલબેન દિનેશભાઈ પરમારના પ્રમુખપણા હેઠળ સમાજ ભવન ખાતે તારીખ ૧૦.૦૯.૨૦૨૬, ગુરુવારે શ્રાવણ માસ અમાવસ્યાના પવિત્ર દિવસે મહારુદ્રાભિષેક કરવામાં

આવેલ. વૈદિક મંત્રોચ્ચાર, ભક્તિભાવ અને શ્રદ્ધાના પવિત્ર વાતાવરણ વચ્ચે મહાદેવની આરાધના કરવામાં આવી. આ પાવન અનુષ્ઠાનથી સમગ્ર સમાજમાં સુખ, શાંતિ, સમૃદ્ધિ અને કલ્યાણની ભાવના પ્રસરે તેવી પ્રાર્થના. ભગવાન શિવ સર્વ ભક્તોની મનોકામનાઓ પૂર્ણ કરે, સૌના જીવનમાં આનંદ, આરોગ્ય અને આધ્યાત્મિક ઉન્નતિ પ્રદાન કરે તેવી હાર્દિક પ્રાર્થના. આ કાર્યક્રમમાં મહિલા મંડળની સર્વ બહેનોએ ઉમંગ ઉત્સાહપૂર્વક ભાગ લઈને આ ધાર્મિક કાર્યક્રમને સફળ બનાવેલ હતું.

ગોંદિયા મહિલા મંડળ



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ ગોંદિયા મહિલા મંડળ તથા યુવક મંડળ દ્વારા ઘટકના સહયોગ થી શ્રાવણ માસમાં તારીખ ૨૩/૮/૨૦૨૬ ના રોજ સમાજભવનમાં રુદ્રાભિષેક પૂજા કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. આ રુદ્રાભિષેક પૂજામાં મુખ્ય યજમાન શ્રી દીપેનભાઈ ચૌહાણ અને શ્રીમતી પૂજાબેન ચૌહાણ હતા. આ આયોજન બહુજ સારી રીતે અને શ્રદ્ધા અને ભાવપૂર્વક સંપન્ન થયો હતો. કાર્યક્રમમાં ઘણા ભાઈ બહેનોએ સ્વેચ્છાથી દાન રાશિ આપી હતી. કાર્યક્રમની સફળતા માટે વિશેષ રૂપે શ્રીમતી શીતલબેન વેગડ, શ્રીમતી તરુણાબેન રાઠોડ, શ્રીમતી મંજુબેન રાઠોડ, શ્રીમતી ખ્યાતિબેન રાઠોડ, શ્રીમતી રુચિતાબેન રાઠોડ, શ્રીમતી રુપાબેન ટાંક, શ્રી કુંજલભાઈ સોલંકી, શ્રી રવિભાઈ પરમાર, શ્રી દાનિશભાઈ રાઠોડ , શ્રી હિતેશભાઈ પરમાર તેમજ શ્રી ભાવિકભાઈ રાઠોડનો સહયોગ પ્રાપ્ત થયો હતો. આથી પહેલા અધિક માસ માં પણ મહિલા મંડળ દ્વારા ગૌશાળા જઈ ગૌચારો તથા ગોળ ખવડાવવા નો કાર્યક્રમ આયોજિત કરવામાં આવેલ હતો. જેમાં ઘણા ઉત્સાહ થી બહેનોએ ભાગ લીધો હતો તથા સેવા માટે ઘણા ભાઈ બહેનો તરફ થી દાન રાશિ આવેલ હતી. આવા સુંદર કાર્યક્રમ માટે બહેનો ઉત્સાહપૂર્વક ભાગ લે છે.

ગોંદિયા મહિલા મંડળ દ્વારા તારીખ ૬/૯/૨૦૨૬ના રોજ સમાજભવન મધ્યે કાર્યક્રમ નું આયોજન કરવામાં આવેલ. આ કાર્યક્રમનું આયોજન શ્રીમતી આરતીબેન રાઠોડ (ફુલ ટાઇમ મેડિટેશન કોચ), શ્રીમતી જસ્મીબેન મુદ્દગલ (ગ્રાફિક ડિઝાઈનર અને મેડિટેશન ટ્રેનર) અને પાયલ રોકવાની ઉપચાર, માનસિક પરિવર્તન અને જીવન પ્રત્યે નવી દ્રષ્ટિ વિકસાવવી) દ્વારા કરવામાં આવેલ. જેમાં બાળ મનોવિજ્ઞાનનો પરિચય આપવામાં આવેલ અને બાળકોના ભાવનાત્મક, સામાજિક, બૌદ્ધિક અને વર્તણુંકીય વિકાસ વિષે ચર્ચા કરવામાં આવી. તેમાં બાળકના



મગજનો વિકાસ, ભાવનાઓનું નિયંત્રણ શીખવાની પ્રક્રિયા, સંવાદ, આત્મસન્માન, સંબંધો તથા બાળકના વિકાસ પર પરિવાર અને વાતાવરણની અસર જેવા વિષયોનો સમાવેશ કરવામાં આવેલ હતો.

આ ઉપરાંત પેરેન્ટીંગની વિવિધ રીતો અને આજના બદલાતા વિશ્વ માં બાળકો માટે જરૂરી કૌશલ્યો વિષે ચર્ચા કરવામાં આવી. કાર્યક્રમ નો મુખ્ય ઉદ્દેશ્ય બાળકોની જરુરિયાતોને સમજવા અને તેમના સ્વસ્થ આત્મવિશ્વાસ પૂર્ણ વિકાસ ને કેવી રીતે સહયોગ આપી શકાય તે સમજવાનો હતો. કાર્યક્રમનું સફળ સંચાલન મ. મંડળના મંત્રી શ્રીમતી પૂજાબેન ચૌહાણ દ્વારા કરવામાં આવેલ તથા આભાર પ્રદર્શન મ. મંડળના પ્રમુખ શ્રીમતી રંજનાબેન ચાવડા દ્વારા કરવામાં આવેલ. કાર્યક્રમમાં આવનાર પ્રથમ ૩૦ બહેનોને સરપ્રાઈઝ ગિફ્ટ આપવામાં આવેલ તથા શ્રીમતી શીતલબેન વેગડ તરફ થી એક બહુ જ મનોરંજક ગેમ રમાડવામાં આવેલ. કાર્યક્રમના અંતે સ્વાદિષ્ટ અલ્પાહાર રાખવામાં આવેલ. કાર્યક્રમ બહુ જ સારી રીતે સફળ થયેલ તેમજ શ્રીમતી આરતી બેન રાઠોડ તરફ થી મ. મંડળ ને રુ. ૨૦૦૦/નું અનુદાન મળેલ હતું.

પુના મહિલા મંડળ







પુના મહિલા મંડળની માસિક મિટિંગ તા. ૧૬ ઓગસ્ટ ૨૦૨૬ ના, આયોજિત કરવામાં આવી હતી. પ્રયોજક બહેનો દિવ્યબાળાબેન ચાવડા, વિધિબેન ટાંક અન, ભૂમિકાબેન ખોડીયાર હતા. મિટિંગમાં પુણે મહિલા મંડળની નવી કાર્યકરીણી સમિતિ જાહેર કરવામાં આવી. પ્રમુખ - લીલાબેન ચૌહાણ ઉપપ્રમુખ - શીતલબેન મકવાણા, ખજાનચી - હીનાબેન બી ટાંક મંત્રી - કાજલબેન ટાંક, સહમંત્રી - જયનાબેન ચૌહાણ, વરીષ્ઠ સલાહકાર - રમિલાબેન વેગડ, સલાહકાર - સ્નેહલબેન પરમાર તથા માનદસભ્ય, હસ્મિતાબેન ચૌહાણ, વર્ષાબેન ચૌહાણ, અરુણાબેન યાદવ, લક્ષ્મીબેન ચૌહાણ, જયશ્રીબેન સોલંકી સાથે જ વિવિધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. મયુરીબેન પરમારને સાવન ક્વીન પારિતોષિક આપવામાં આવ્યું હતું. મહેંદી સ્પર્ધાના વિજેતા બહેનો કલ્પનાબેન વરુ, ક્રિષ્નાબેન ટાંક, અરુણાબેન યાદવ, ભૂમિકાબેન ખોડીયાર, શ્રાવણ માસમાં આવતા કોઈપણ તહેવાર પર બોલવાની સ્પર્ધાના વિજેતા બહેનો ગુંજનબેન ચૌહાણ, કાજલબેન ટાંક, વંદનાબેન ચૌહાણ, સંગીત ખુરશી સ્પર્ધાના વિજેતા બહેનો કુંતલબેન ચૌહાણ, કાજલબેન પરમાર, તથા પ્રિયંકાબેન રાઠોડ સર્વે વિજેતા બહેનોને મહિલા મંડળ તરફથી ભેટ આપવામાં આવી હતી. ચારધામ યાત્રા કરેલ બહેનોનો સત્કાર કરવામાં આવ્યા હતા.

દર્શનાબેન ચૌહાણ, ગુંજનબેન ચૌહાણ, હીનાબેન ટાંક. અખિલ ભારતીય મહિલા મહામંડળ દ્વારા ગુરુપૂર્ણિમા નિમિત્તે આયોજિત સ્પર્ધાના વિજેતા શ્રીમતી સેજલબેન યાદવનું સત્કાર કર્યો. આ મિટિંગમાં ૫૦થી વધુ બહેનો ઉપસ્થિત હતા. છેવટે હર્ષઉલ્લાસ સાથે સ્વાદિષ્ટ નાસ્તાનો આસ્વાદ લઈ સર્વે છૂટા પડ્યા હતા.

વડોદરા મહિલા મંડળ

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ વડોદરા ઘટક મહિલા મંડળના નોંધાયેલ સભ્ય બહેનોની વાર્ષિક સામાન્ય સભા રાબેતા મુજબના કાર્ય તથા નવા પ્રમુખ તથા મંત્રીની વરણી કરવા હેતુ તા. ૦૯-૦૯-૨૦૨૬ના રોજ સાંજે ૪.૧૫ કલાકે, સમાજ ભવન ખાતે પ્રમુખ શ્રીમતી દર્શનાબેન પરમારના અધ્યક્ષપણાં હેઠળ યોજાઇ હતી. દિપ પ્રાગટ્ય તથા બીનાબેન ચૌહાણના સુમધુર કંઠે ગવાયેલ પ્રભુ પ્રાર્થના બાદ મંત્રી શ્રીમતી નયનાબેન ટાકે સૌ હોદ્દેદારોને સ્ટેજ પર આમંત્રીત કરી સ્થાન ગ્રહણ કરાવ્યું અને અભિવાદન દ્વારા સૌને આવકાર્યા.

એજન્ડા મુજબ કાર્યવાહી શરૂ કરતા ગત વર્ષ દરમ્યાન વડોદરા ઘટક મધ્યે દેવશરણ પામેલ બહેનોને શ્રદ્ધાંજલી, બે મિનિટનું મૌન પાડી શોકાંજલી અર્પિત કરવામાં આવેલ. સાથે સાથે પાડોશી દેશ નેપાળમાં સર્જાયેલ કુદરતી દુર્ઘટનામાં થયેલ અમુલ્ય માનવ જીવોની કરૂણ હાની માટે પણ ભાવભીની શ્રદ્ધાંજલી આપી સંવેદના વ્યક્ત કરવામાં આવી હતી. ત્યાર



બાદ મંત્રી શ્રીમતી નયનાબેન ટાંકે ગત સામાન્ય સભાની મિનિટ્સનું સવિસ્તાર વાંચન કર્યું હતું. એજન્ડા મુજબ કાર્યવાહી આગળ ધપાવતા ઉપપ્રમુખ શ્રીમતી મનિષાબેન ચાવડાએ ગત વર્ષ દરમ્યાન યોજાયેલ પ્રવૃત્તિઓનો સવિસ્તાર અહેવાલ સૌને વાંચી સંભળાવ્યો હતો. ખજાનચી શ્રીમતી પલ્લવીબેન ચાવડા દ્વારા વર્ષ દરમ્યાન મંડળમાં થયેલ આવક-જાવક, ખર્ચ તથા સીલકનો હિસાબ સવિસ્તાર રજુ કરવામાં આવ્યો અને સૌએ બહાલી આપેલ હતી.

આંતરીક ઓડીટર આદરણીય સોનલબેન સોલંકએ પોતાની શુભેચ્છા તથા અભિવાદનનો ઓડીયો મેસેજ મોકલ્યો હતો જે પ્રસારણ મંત્રી બીનીતાબેન ટાંકે રજુ કર્યો હતો. વરીષ્ઠ સલાહકાર આદ. આશાબેન રાઠોડનો શુભેચ્છા સંદેશ સહમંત્રી શ્રીમતી સુરભીબેન ટાંકે સૌ સમક્ષ વાંચીને રજુ કર્યો હતો. પ્રમુખ સ્થાનેથી પ્રસંગોચીત પ્રવચનમાં પ્રમુખ શ્રીમતી દર્શનાબેન પરમારે પોતાનું પ્રેરણાદાયી, ઉર્જાવાન, બહુમુલ્ય સંબોધન કર્યું હતું. તેઓશ્રીએ પોતે છેલ્લા ૩-૩ સત્રથી આજ સ્થાને રહીને સમાજ સેવા કરી રહ્યા છે. જેનો શ્રેય પોતાની કારોબારી સભ્ય બહેનો તથા વડોદરા મહિલા મંડળના સૌ સભ્ય બહેનોને આપ્યો હતો. વધુમાં તેઓએ જણાવ્યું હતું કે, આપ સૌના સાથ-સહકાર અને સહયોગ વિના આટલા વર્ષો સુધી આ પદ સંભાળી શકવાનું લગભગ અશક્ય જ હતું. વધુમાં તેઓશ્રીએ ઉમેર્યું હતું કે, આજે હું આ પ્રમુખપદ દરેક બહેનો માટે ખુલ્લું મુકું છું. કોઇપણ તે માટે દાવો કરી શકે છે. આપણે સૌ ભેગા મળીને એક સરસ લીડરને ચુંટી કાવાનો છે.

ત્યાર બાદ મંત્રી શ્રીમતી નયનાબેન ટાંકે સભાને સંબોધતા જણાવ્યું હતું કે, આજે આ મારૂં મંત્રી તરીકેનું કદાચ અંતિમ વકતવ્ય હશે પરંતુ સમાજ પ્રત્યેની મારી જવાબદારી, વફાદારી તથા પ્રતિબદ્ધતાનો ક્યારેય અંત નહીં આવે. મારૂં પદ બદલાશે પરંતુ મારી સમાજ સેવાની યાત્રાનો કદાપી અંત નહીં આવે. મંત્રી તરીકેની મારી ભૂમિકા એક પદ કે હોદ્દો નહોતો પરંતુ અતૂટ વિશ્વાસ, સેવા અને સમાજ પ્રત્યેની જવાબદારી હતી. આજે હું આ મંત્રી તરીકેનું પદ અને હોદ્દો છોડીને દરેકેને તેના સ્વીકાર માટે સાદર આવકારૂં છું.

ત્યાર બાદ પ્રવર્તમાન પ્રમુખશ્રી દ્વારા નવા પ્રમુખ તરીકે શ્રીમતી કિરણબેન પ્રભુલાલભાઇ રાઠોડનું નામ સુચવ્યું અને કોઇપણ જાતના વાદ-વિવાદ વિના ત્યાં હાજર સૌ કારોબારી બહેનો તથા અન્ય સભ્ય બહેનોએ સહર્ષ પોતાના હાથ ઉપર કરીને તેઓશ્રીના સુચનને વધાવીને આવકારી લીધું. કિરણબેન રાઠોડ જે હાલ ગુજરાત પ્રાદેશિક મહિલા મંડળના પ્રમુખ છે તથા વડોદરા ઘટકનાં આદરણીય પ્રમુખશ્રી પ્રભુલાલભાઇ ટાંકના ધર્મપત્ની છે. પ્રમુખ પદ સ્વીકાર્યા બાદ કિરણબેન રાઠોડે શ્રીમતી બિનીતાબેન ટાંકને પોતાના મંત્રી તરીકે ચયન કર્યા હતા. સભામાં હાજર સૌ સભ્ય બહેનોએ પોતાની આ બાબતે મંજુરી આપી હતી. પ્રમુખ શ્રીમતી દર્શનાબેન પરમાર, મંત્રી નયનાબેન ટાંક સહિત સૌ હાજર બહેનો તથા કારોબારી સભ્ય બહેનોએ તેઓશ્રીને અભિનંદન આપી અભિવાદન કર્યું હતું. દર્શનાબેન તથા સરલાબેને કિરણબેનનું શાલ ઓઢાળીને બહુમાન કર્યું હતું. નયનાબેન તથા મનિષાબેને તેઓને બુકે આપીને વધામણી આપી, અન્ય સભ્ય બહેનોએ ગુલાબ આપીને અભિનંદન પાઠવેલ હતા.

કિરણબેને પોતાનામાં વિશ્વાસ મુકીને આ પદ માટે ચયન કર્યા બદલ સૌનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો તથા નિષ્ઠા અને ઇમાનદારી પૂર્વક કાર્ય કરવાનો કોલ આપ્યો હતો. બિનિતાબેન ટાંકે પણ સાનંદ સૌનો આભાર વ્યક્ત કર્યો હતો. શ્રીમતી પલ્લવીબેન તથા કોમલબેન ચાવડાએ સૌને મનોરંજક હાઉઝી ગેમ રમાડી તથા વિજેતાઓને રોકડ પુરસ્કાર આપી સન્માનીત કર્યા હતા. સહમંત્રી શ્રીમતી સુરભીબેન ટાંકે સૌનો આભાર માન્યો તથા સમયસર ફી ભરવાની તથા પોતાની લ્હાણી સમયસર મેળવી લેવા વિનંતી કરી હતી. અંતે સૌ સ્વાદિષ્ટ ભોજન કરી ફરીથી મળવા વિરમ્યા હતા.

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ અખિલ ભારતીય યુવા મહામંડળ

યુવા મંચ



પ્રમુખ : અ.ભા. યુવા મહામંડળ
શ્રી ગૌરવ જગદીશભાઇ ટાંક
250, સી.એ. રોડ, આંબેડકર સ્કવેર,
પો. નાગપુર (મહારાષ્ટ્ર) ૪૪૦૦૦૮
મો. 8007161696



વરીષ્ઠ મહામંત્રી : અ.ભા. યુવા મહામંડળ
શ્રી પ્રતિક દિનેશભાઇ ટાંક
૮૦, બિલેશ્વરનગર, અંજાર (કચ્છ)
મો. 8128948884,
E-mail : pdtank@gmail.com

યુવા મંચમાં અહેવાલ પ્રકાશીત કરવા માટે અ.ભા.યુવા મહામંડળના વરીષ્ઠ મહામંત્રી શ્રી પ્રતિક દિનેશભાઇ ટાંકનો સંપર્ક કરવો.

ગુજરાત પ્રા. યુવા મંડળ

ગુજરાત પ્રાદેશિક યુવા મંડળ દ્વારા પ્રથમ વખત એ.આઇ. આધારીત આ પ્રકારની પહેલ હાથ ધરવામાં આવી હતી. આ પહેલ અંતર્ગત એ.આઇ. પ્રોમ્પટ માસ્ટર ચેલેન્જ નું આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાત પ્રાદેશિક યુવા મંડળ દ્વારા એ.આઇ. ક્ષેત્રે કરવામાં આવેલી આ પ્રથમ પહેલને સભ્યો તરફથી ખુબજ સારો પ્રતિસાદ મળ્યો અને અંદાજે ૬૦ જેટલા સભ્યોએ આ સમગ્ર પ્રવૃત્તિમાં ભાગ લીધો હતો. આ માત્ર એક સ્પર્ધા પુરતી મર્યાદીત ન રહે પરંતુ સભ્યો માટે એ.આઇ. શીખવા, તેનો પ્રયોગ કરવા અને પોતાની પ્રોમ્પટ રાઇટીંગ સ્કીલ વિકસાવવાનો સતત પ્રયાસ બને તેવો સમગ્ર કાર્યક્રમનો મુખ્ય હેતુ રાખવામાં આવેલ હતો.

આ સમગ્ર પહેલને ત્રણ અલગ-અલગ તબક્કામાં અમલમાં મુકવામાં આવી હતી. પ્રથમ તબક્કો ઇવેન્ટ પહેલાનું લર્નિંગ અને પ્રેકટીસ, બીજો તબક્કો ઇવેન્ટ એક્ઝીક્યુશન અને ત્રીજો તબક્કો ઇવેન્ટ બાદનું ઇવેલ્યુશન, એન્જ્યુકેશન અને સ્કીલ ઇમ્પાવરમેન્ટ હતો. આ ત્રણેય તબક્કા દ્વારા સભ્યોને માત્ર સ્પર્ધામાં ભાગ લેવાની તક જ નહીં પરંતુ ચેલેન્જ પહેલા એ.આઇ. અને પ્રોમ્પટ ઇન્જીનિયરીંગ સમજવાની, ચેલેન્જ દરમિયાન પોતાની કુશળતા અજમાવવાની અને ચેલેન્જ બાદ પોતાની ભૂલો તથા સુધારાની તકો સમજવાની તક આપવામાં આવી હતી.

પ્રથમ તબક્કા અંતર્ગત, એ.આઇ. પ્રોમ્પટ માસ્ટર ચેલેન્જ પહેલાં તા. ૯ ઓગષ્ટ-૨૦૨૬, રવિવારના સાંજે ૪.૦૦ થી ૫.૦૦ દરમિયાન એક વિશેષ ઓનલાઇન વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વેબિનારના વક્તા શ્રી પંકજ સોલંકી (એ.આઇ. ટ્રેનર અને કો-ફાઉન્ડર ડીજીટલ જંકશન) હતા. આ વેબિનારનો મુખ્ય હેતુ સભ્યોને એ.આઇ. પ્રોમ્પટ માસ્ટર ચેલેન્જ માટે તૈયાર કરવાનો તેમજ એ.આઇ. સાથે અસરકારક રીતે કામ કરવાની પ્રાથમીક સમજ આપવાનો હતો. આ મહત્વપૂર્ણ માર્ગદર્શન બદલ શ્રી પંકજ સાસલંકીનો ગુજરાત પ્રાદેશિક યુવા મંડળે આભાર વ્યક્ત કર્યો હતો.

તા. ૧૬ ઓગષ્ટ, ૨૦૨૬ના રોજે બપોરે ૩.૦૦ થી ૪.૦૦ દરમિયાન મુખ્ય એ.આઇ. પ્રોમ્પટ માસ્ટર ચેલેન્જ નું આયોજન કરવામાં આવ્યું. આ ઇવેન્ટમાં આશરે ૬૦ સભ્યોએ ભાગ લીધો હતો. વિવિધ ટાસ્કસ દ્વારા સભ્યોની પ્રોમ્પટ રાઇટીંગ સ્કીલ, ક્રીએટીવ થીન્કીંગ, લોજીકલ થીન્કીંગ, રીસર્ચ સ્કીલ્સ તથા એ.આઇ.નો અસરકારક ઉપયોગ કરવાની ક્ષમતાનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું.

ચેલેન્જના મુલ્યાંકનમાં પ્રોમ્પટ ઇન્જીનિયરીંગ સ્કીલને મુખ્ય મહત્વ આપવામાં આવ્યું હતું. આ ઉપરાંત પ્રોમ્પટના આધારે મળેલા પરિણામની એક્યુરસી અને ક્વોલીટી, આપવામાં આવેલ ઇન્સ્ટ્રકશનનું પાલન, ઇમેજ જનરેશન સંબંધિત કાર્યમાં ટેક્સયુઅલ ઇન્સ્ટ્રકશનનું પાલન, રીસર્ચ આધારિત પ્રશ્નોમાં ફેક્ચ્યુઅલ એક્યુરસી તથા સમગ્ર ચેલેન્જ દરમિયાન ઓવરઓલ કન્સીસ્ટન્સી અને કમ્પલીટીશન જેવા મુદ્દાઓને ધ્યાનમાં લેવામાં આવ્યા હતા. આ માપંદડોના આધારે એ.આઇ. પ્રોમ્પટ માસ્ટર ચેલેન્જ ટોપ - ૩ વિનર જાહેર કરવામાં આવ્યા હતા. જેમાં પ્રથમ મયુરભાઇ ગિરીશભાઇ માડ્ - અમદાવાદ, દ્વિતીય - જીલ હિતેશભાઇ રાઠોડ - વડોદરા, તૃતિય - પૂર્વી કાર્તિકભાઇ ચૌહાણ - અમદાવાદ રહ્યા હતા. ત્રણેય વિજેતાઓને પુરસ્કાર આપી પ્રોત્સાહીત કરવામાં આવેલ.

પ્રોમ્પટ પ્રેકટીસને વધુ અસરકારક બનાવવા માટે એ.આઇ. પ્રોમ્પટ માસ્ટર ચેલેન્જમાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કરનાર મયુરભાઇ ગિરીશભાઇ માડ્ - અમદાવાદ દ્વારા તા. ૧૨-૯-૨૦૨૬ના રોજ રાત્રે ૯.૩૦ થી ૧૧.૦૦ દરમિયાન એક વિશેષ ઓનલાઇન વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વેબિનારમાં તેમણે પોતાના ચેલેન્જના અનુભવના આધારે બેસ્ટ પ્રોમ્પટ કેવી રીતે તૈયાર કરવો તે અંગે સભ્યોને પ્રાયોગીક માર્ગદર્શન આપ્યું હતું.

આ પહેલનો એક મહત્વપૂર્ણ ભાગ એ પણ હતો કે એ.આઇ.ને માત્ર એક ઇવેન્ટ કે કમ્પીટીશન પૂરતું સીમિત ન રાખી, પરંતુ સભ્યોને રોજીંદા જીવનમાં એ.આઇ.નો ઉપયોગ કરી

શકે તેવી વ્યવસ્થા ઉભી કરવામાં આવે. આ માટે લાઇવ ગ્રુપ અને ફોરમની રચના કરવામાં આવી છે, જ્યાં સભ્યો રોજીંદા જીવનમાં એ.આઇ. સંબંધિત આવતા પ્રશ્નો, સમસયાઓ અથવા ઉપયોગ અંગેના પ્રશ્નો પુછી શકે છે. આ ગ્રુપમાં જોડાયેલા એ.આઇ. એક્સપર્ટસ તેમના પ્રશ્નોના નિરાકરણ માટે માર્ગદર્શન અને મદદ પુરી પાડે છે. આ વ્યવસ્થા દ્વારા એ.આઇ. અંગેનું જ્ઞાન માત્ર એક દિવસના કાર્યક્રમ પૂરતું ન રહે પરંતુ સભ્યો માટે સતત ઉપલબ્ધ રહે તેવો પ્રયાસ કરવામાં આવ્યો છે.

આ પહેલાને સફળ બનાવવા શ્રીમતી આરતીબેન હિતેશભાઇ રાઠોડ - અમદાવાદનો વિશેષ આભાર વ્યક્ત કરવામાં આવેલ અને ટેકનીકલ વ્યવસ્થાઓમાં મહત્વપૂર્ણ સહયોગ આપવા બદલ શ્રી દર્શન અનિલભાઇ ચૌહાણનો પણ વિશેષ આભાર વ્યક્ત કરવામાં આવેલ. ગુજરાત પ્રાદેશિક યુવા મંડળ દ્વારા પ્રથમ વખત હાથ ધરવામાં આવેલી આ એ.આઇ. આધારિત પહેલનો મુખ્ય હેતુ માત્ર એક કમ્પીટીશન યોજવાનો નહોતો. આ પહેલ એ.આઇ. અંગે જાગૃતિ લાવવી, સભ્યોને એ.આઇ.નો વ્યવહારૂ ઉપયોગ શીખવવો, પ્રોમ્પટ ઇન્જીનિયરીંગ જેવી નવી કુશળતા વિકસાવવી અને ભવિષ્યની ટેકનોલોજી માટે સમાજના યુવાનોને તૈયાર કરવાનો એક સતત પ્રયાસ કરવામાં આવ્યો છે.

ધનબાદ યુવા મંડળ



ધનબાદ ઘટકમાં વસતા સર્વે ભાઈઓ, બહેનો અને યુવાઓમાં છુપાયેલી પ્રતિભાની ખોજ માટે, યુવા મંડળ તથા મહિલા મંડળ ના સહયારા પ્રયાસથી ''રામતોત્સવ - ૨૦૨૬'' નું આયોજન ખુબજ ધુમધામથી મશાલ રેસની સાથે તારીખ ૦૫/૦૭/૨૦૨૬ના દિવસે કરવામાં આવેલ. રામતોત્સવમાં કેરમ, બેડમિન્ટન, ચેસ, લુડો, ઉનો, તથા સ્કિપીંગ જેવા વિભિન્ન રમતો રાખવા માં આવેલ હતા. મહિનાના દરેક શનિવારે તથા રવિવારેના આયોજિત થતી આ રમોત્સવમાં ભારી સંખ્યામાં સમાજના યુવક - યુવતીઓ તથા ભાઈઓ, બહેનો એ ભાગ લીધો અને પોતાની પ્રતિભાનું ખુબજ સારુ પ્રદર્શન કર્યું હતું. પ્રત્યેક રમતો માટે અલગ અલગ ગેમ્સ કોર્ડિનેટરો ની નિયુક્તિ કરવા માં આવી હતી તથા એમના દ્વારા લેવાયા નિર્ણયો નેજ માન્ય ગણવા માં આવતા હતા. આપણા સમાજ માં સામાજિક ભાઈચારા ને ફેલાવવા અને સામાજિક ચેતનાને જગાવવા તથા એમના અંદર ખેલભાવનાની વિકાસ માટે ''રામતોત્સવ-૨૦૨૬'' નું આયોજન, એ એક સંજીવનીનું કામ કર્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે યુવા મંડળ પ્રમુખ શ્રી નિલેશભાઈ ચૌહાણ, સહમંત્રી શ્રી તેજસભાઈ રાઠોડ, તથા કોષાધ્યક્ષ શ્રી નીરજભાઇ ચૌહાણની સાથે નયન પરમાર, કેતન ચાવડા, વંશિકા યાદવ, લિપિકા પરમાર આદી સભ્યો ના ખુબજ સારો યોગદાન પ્રાપ્ત થયેલ હતો.





મહિલા મંડળ પ્રમુખ રેણુકાબેન ચાવડા, મંત્રી શ્રીમતી શીતલબેન ચાવડા, દક્ષાબેન, મમતાબેન, સ્વાતિબેન તેમજ યુવા મંડળ સાથે મહિલા મંડળ નાં સર્વે પદાધિકારીયો અને કાર્યકર્તાઓનો પણ મહત્વપૂર્ણ યોગદાન રહ્યો હતો.

કાર્યક્રમની લોકપ્રિયતા અને સફળતા જોઈ, રમતમાં વધારો કરતા એક દિવસીય ક. ગુ. ક્ષ. સમાજ ઇનડોર ક્રિકેટ લીગનું આયોજન પણ ૦૯ ઓગસ્ટના રોજ કરવામાં આવ્યું હતું, જેમાં ૧૧-૧૧ ખિલાડીઓની ૪ ટિમોએ ભાગ લિધેલ હતો. આ મેચ ખુબજ રોમાંચક થયો હતો તથા હાર જીત નાં વચ્ચે માત્ર ૧૦ રન નોજ ફર્ક રહ્યો હતો. યુવા મંડળ મંત્રી શ્રી દીપકભાઈ ચાવડાના નેતૃત્વમાં કત્રાસની ટીમ કત્રાસ હીટર્સ વિજેતા થયા. રામોત્સવ-૨૬નાં બધાજ વિજેતાઓ ને ૧૫ ઓગષ્ટના દિવસે મેડલ તથા ટ્રોફી ની સાથે સાથે એક પ્રમાણપત્ર પણ આપવામાં આવ્યા તથા ખેલોમાં ભાગ લેનાર પ્રતેક ખિલાડીઓને પણ એક એક પ્રશસ્તી પત્ર ઘટકના સમ્માનિત સદસ્યોના હસ્તે આપી, એમનો ઉત્સાહવર્ધન કરી એમને સમ્માનિત કરવામાં આવ્યા હતા. આ ''રામતોત્સવ - ૨૦૨૬'' નાં આયોજનથી સમાજમાં ખુશી અને હર્ષનું વાતાવરણ ફેલાઇ ગયું હતું લોકોએ રમતગમતની ખુબ મજા મેળવી હતી.

કાર્યક્રમને સફળ અને યાદગાર બનાવવામાં ઘટક પ્રમુખ શ્રી નરેશભાઈ હરિલાલ ચાવડા અને ઘટકનાં પદાધિકારીઓનું ખુબજ સરસ યોગદાન રહ્યું હતું.

પુના યુવા મંડળ



તા. ૨૧-૦૬-૨૦૨૬ના ફાધર્સ-ડેના ઉજવણી માટે પુના ઘટકના યુવકો તથા યુવતીઓ લગભગ ૫૦ થી ૫૫ની સંખ્યામાં રીસોર્ટમાં સવારના ૧૨ થી સાંજે ૬ વાગ્યા સુધી ભેગા થયા હતા. ત્યાં સૌ મળીને ગેમ્સ, નાના નાટકો વગેરે ભજવ્યા હતા. બપોરના ભોજનના આસ્વાદ માણ્યા બાદ બધા નાના બાળકોએ તેમના પિતા માટે સરપ્રાઇઝ પેઇન્ટીંગ બનાવ્યા હતા. ત્યાર બાદ ત્યાં આવેલ લેક સાઇડમાં બોટીંગનો તથા ફોટોશુટનો આનંદ માણ્યો હતો. આ આયોજનને સફળ બનાવવા માટે યુવા મંડળના પ્રમુખ શ્રી પ્રિયેશભાઇ સોલંકી અને વિનિતભાઇ રાઠોડે સારો સાથ આપી પ્રોગ્રામને સફળ બનાવ્યો હતો. ગત વર્ષની જેમ જ આ વર્ષે પણ ૧૫ ઓગષ્ટના દિવસે પુના યુવા મંડળે ઓનલાઇન કમ્પીટીશનનું આયોજન કર્યું હતું. નાના બાળકો માટે ૧૫ ઓગષ્ટને લગતા ડ્રોઇંગ બનાવવા અથવા ફેન્સી ડ્રેસમાં પોતાનો વિડીયો ઓનલાઇન મોકલવાના હતા. મોટા ગ્રુપ માટે ટ્રાય કલરની રેસીપી તથા ૧૫ ઓગષ્ટને લગતા ગીત ગાવાના અથવા ડાન્સ કરી વિડીયો તથા ફોટા મોકલવાના હતા.

પુના ઘટકના ઉત્સાહી બાળકો તથા યુવાઓ સારી સંખ્યામાં ભાગ લીધો હતો. જેમાં બાળકોના ગ્રુપમાં ફેન્સી ડ્રેસમાં પ્રથમ મિતાંશ ટાંક, દ્વિતીય - પ્રિશા ચૌહાણ અને તૃતિય - હેત્વી ટાંકને



તેવી જ રીતે મોટા ગ્રુપમાં પ્રથમ નેહાબેન યાદવ, દ્વિતીય - ઉમાબેન ચૌહાણ તથા તૃતિય - કાજલબેન ટાંકને સર્ટીફીકેટ આપવામાં આવ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા યુવા મંડળના પ્રમુખ શ્રી પ્રિયેશભાઇ સોલંકી અને હિમાનીબેન ટાંક તથા ઉપાસનાબેન ચૌહાણે સારો સાથ-સહકાર આપ્યો હતો.

કે.જી.કે. સમાજ સરગમ મ્યુઝીક ગ્રુપ



આપણા સમાજનાચ સુરીલા ગાયકો અને સંગીત પ્રેમીઓની પ્રતિભાને ઉજાગર કરવા માટે ચાલતાી શ્રી કે.જી.કે. સમાજ સરગમ મ્યુઝિક ગ્રુપનું સંગીત મિલન શ્રી ક.ગુ.ક્ષ. સમાજ અંજાર ઘટકના સહયોગથી અંજાર સમાજ ભવનના એ.સી. હોલમાં તા. ૨/૮/૨૬ના રોજ યોજાયું હતું. ગ્રુપના એડમીનો વિજયભાઇ સોલંકી, વિનોદભાઇ ચૌહાણ, વિનોદભાઇ પઢિઆર સાથે અંજાર ઘટકના પ્રમુખ વિનોદભાઇ ખોડીયાર, મહાસભાના ઉપપ્રમુખો વિનોદભાઇ જેઠવા, ભરતભાઇ ચાવડા - રાયપુર, કાર્યક્રમના રાત્રીભોજન દાતાશ્રી 'નારીરત્ન' શ્રીમતી કંચનબેન શાંતિલાલભાઇ જેઠવા, મહાસભા મેરેજ બ્યુરો સમિતિના પ્રભારી શ્રીમતી અમિતાબેન સોલંકી, કચ્છ મહિલા પ્રાદેશિક પ્રમુખ શ્રીમતી રીટાબેન ચૌહાણ, અ.ભા.મહિલા મહામંડળના વરિષ્ઠ ઉપપ્રમુખ શ્રીમતી પુષ્પાબેન ટાંક, પ્રાદેશિક મહામંત્રી અનિલભાઇ ચૌહાણે પ્રારંભમાં દીપ પ્રાગટ્ય કરેલ હતું. વિજયભાઇ સોલંકીએ પ્રસંગ પરિચય આપી સૌનું સ્વાગત કરેલ હતું.

ત્યાર બાદ રાત્રી ભોજન દાતા 'નારીરત્ન' શ્રીમતી કંચનબેન જેઠવા તથા કાર્યક્રમનાસ સહયોગ બદલ અંજાર ઘટક પ્રમુખ વિનોદભાઇ ખોડિયારનું ગ્રુપ વતી સન્માન કરવામાં આવેલ હતું. આ મિલનમાં ખાસ ઉપસ્થિત રહેલા સંગીત પ્રેમી મહાસભાના ઉપપ્રમુખ મનોજભાઇ વેગડના સુપુત્ર સ્વ. સાગરભાઇ વેગડની દ્વિતીય પુણ્યતિથીએ તેમને યાદ કરી ગ્રુપ દ્વારા શ્રદ્ધાંજલી આપવામાં આવી હતી. મનોજભાઇ દ્વારા લાગણીસભર ગીત પ્રસ્તુત કરવામાં આવેલ હતું. ત્યાર બાદ ગ્રુપના ૩૮ જેટલા ગાયકોએ ૪ કલાક સુધી હિન્દી અને ગુજરાતી ભાષાના ફિલ્મી તથા ગેરફિલ્મી મધુર એકલ અને યુગલ ગીતો પ્રસ્તુત કર્યા હતા. સૌએ મન ભરીને સંગીતનો સાચો આનંદ માણ્યો હતો. અંતમાં રાત્રીભોજન ગ્રહણ કરેલ હતું. કાર્યક્રમનું સંચાલન મીડીયા ઇન્ચાર્જ અંકિતભાઇ ચૌહાણે કરેલ હતું. દેવેનભાઇ વેગડ, યોગેશ ચૌહાણ તથા ગ્રુપના કાર્યકર્તાઓએ આયોજનમાં સહયોગ આપેલ હતો.

ઉષાબેન ઇશ્વરલાલ ચૌહાણ ચેરીટેબલ ટ્રસ્ટ - રાયગઢ

આપણા સમાજના શિક્ષણપ્રેમી મહિલા અને નિવૃત્ત શિક્ષિકા સુ શ્રી ઉષાબેન ઇશ્વરલાલ ચૌહાણ - રાયગઢ દ્વારા શાળા/કોલેજમાં ભણતા આર્થિક રીતે નબળા પરંતુ સારી ટકાવારી લાવનાર તેજસ્વી વિદ્યાર્થીઓને મદદરૂપ બનવાના હેતુથી ''ઉષા ઇશ્વરલાલ ચેરીટેબલ ટ્રસ્ટ''ની સ્થાપના કરવામાં આવેલ છે. ૨૦૨૩માં સંસ્થાપક ટ્રસ્ટી રૂપે સ્થાપેલ આ ટ્રસ્ટમાંથી દર વર્ષે તેજસ્વી છાત્રોએ શિક્ષણ સહાયની રકમ ચેકમ રૂપે આપવામાં આવે છે. તાજેતરમાં તા. ૨/૮/૨૬ના રોજ સરસ્વતિ શિશુ મંદિરમાં આયોજીત કાર્યક્રમમાં કુલ ૬ વિદ્યાર્થીઓને રૂા. ૫૦૦૦/-ની સહાય રૂપે કુલ રૂા. ૩૦,૦૦૦/-ના ચેકનું વિતરણ સુશ્રી ઉષાબેન ચૌહાણ તથા



શિક્ષણ ક્ષેત્રના અગ્રણી મહાનુભાવોના હસ્તે કરવામાં આવેલ હતું. મિડીયાના વિવિધ માધ્યમોએ પણ તેમની આ સેવા પ્રવૃત્તિની નોંધ લઇ પ્રશંસા કરી હતી. આપણા સમાજના એક શિક્ષિત મહિલા દ્વારા થતી આ શિક્ષણ સેવા પ્રવૃત્તિને બિરદાવીને સુશ્રી ઉષાબેન ચૌહાણને અભિનંદન મળી રહ્યા છે.

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય વિદ્યાર્થી ભવન - ભુજ



વિદ્યાર્થી ભવનના છાત્રોની જરૂરીયાત મુજબ સંચાલન સમિતિના આમંત્રિત સભ્ય શ્રીમતી મીનાબેન જયેશભાઇ ચૌહાણ - ભુજની પ્રેરણાથી તેમના બહેન સ્વ. રેખાબેન પ્રદિપભાઇ ટાંક - અંજાર (મુળ ગામ - સિનુગ્રા)ના સ્મરણાર્થે હસ્તે તેમના પતિ શ્રી પ્રદિપભાઇ કરમશીભાઇ ટાંક દ્વારા રૂા. ૨૮,૦૦૦ના ખર્ચે વાંચવા માટેની ૮ રીડીંગ ટેબલનું દાન આપવામાં આવેલ છે. સ્વ. રેખાબેન ટાંક આપણા સમાજના પ્રસિદ્ધ કેળવણીકાર સ્વ. હરજીવનભાઇ હીરજી સોલંકી (નિવૃત આચાર્ય, ઓલ્ફેડ હાઇસ્કુલ-ભુજ)ના સુપુત્રી તથા ભુજ વિદ્યાર્થી ભવનના માજી વિદ્યાર્થી શ્રી પ્રદિપભાઇ ટાંકના ધર્મપત્ની થાય છે. તેમના આ ઉદાર સહયોગ બદલ કેળવણી મંડળના પ્રમુખ ડૉ. મનોજભાઇ સોલંકી, ઉપપ્રમુખ વિનોદભાઇ ચૌહાણ, ભુજ ભવનના પ્રમુખ દિપકભાઇ ચૌહાણ, મંત્રી ઉમંગભાઇ પરમાર તથા સંચાલન સમિતિના સભ્યો દ્વારા આભાર માનવામાં આવેલ છે.

સમાજ ગૌરવ



નટરાજ ડાન્સ એકેડેમી, અંજારના સંચાલિકા શ્રીમતી રાધિકા સાહિલ પઢિયારના માર્ગદર્શન હેઠળ અંજાર ઘટક ની દીકરીઓએ ઓનલાઇન ઇન્ટરનેશનલ નૃત્ય સ્પર્ધામાં ભાગ લઈને આંતરરાષ્ટ્રીય કક્ષાએ અંજાર અને સમાજનું નામ ગૌરવપૂર્વક રોશન કર્યું છે. આ પ્રસંગે શ્રીમતી રાધિકા સાહિલ પઢિયારને તેમના ઉત્કૃષ્ટ માર્ગદર્શન બદલ ગુરુ સન્માન ગ્રાન્ડ મેસ્ટ્રો ઓફ કોરિયોગ્રાફી ના એવોર્ડ થી નવાજવામાં આવ્યા હતા.

રીત ભાવેશભાઈ વરૂ - વિશ્વા પરેશ પરમાર (ડુએટ ફોક ડાન્સ - પ્રથમ), માહી પુનિતભાઈ મારુ (સોલો સેમી ક્લાસિકલ ડાન્સ - તૃતીય), આસ્થા નિતિનભાઈ સોલંકી (સોલો ફોક ડાન્સ - દ્વિતીય), ઋષિકા અનિલભાઈ ચૌહાણ (સોલો ફોક ડાન્સ - દ્વિતીય), કાવ્યા પ્રફુલભાઈ વેગડ (સોલો સેમી ક્લાસિકલ ડાન્સ - દ્વિતીય) આ તમામ નૃત્યાંગનાઓને અભિનંદન... ઉતરોત્તર પ્રગતિની હાર્દિક શુભકામના...



બિલાસપુર ઘટક અંતર્ગત આવતા પાલી ગ્રામ નિવાસી શ્રી નિતેશકુમાર નટવરલાલ મારૂ અને ડૉ. શ્રીમતી યુષ્માબેન નિતેશકુમાર મારૂની સુપુત્રીઓ કુ. સાન્વી મારૂ અને કુ. શુભિષા મારૂએ રાયપુરના માના શુટીંગ રેન્જ ખાતે યોજાયેલ ૨૫મી છત્તીસગઢ રાજ્ય શુટીંગ ચેમ્પીયનશીપમાં અનેરૂ પ્રદર્શન કરતા કુ. સાન્વી મારૂ દ્વારા ૧૦ મીટર રાઇફલ સ્પર્ધામાં ૬ સુવર્ણ તથા કુ. શુભિક્ષા મારૂ દ્વારા ૧૦ મીટર પિસ્ટલ સ્પર્ધામાં ૨ સુવર્ણ અને ૨ કાંસ્ય પદકો જીતી પરિવાર તથા બિલાસપુર ઘટકનું ગૌરવ વધાર્યું છે. આ રાજ્ય સ્તરીય સ્પર્ધામાં ઉત્કૃષ્ટ પ્રદર્શનના આધારે બંને બહેનોએ આસનસોલ (પશ્ચિમ બંગાળ) ખાતે યોજાનારી પ્રી-નેશનલ શૂટીંગ ચેમ્પીયનશીપ માટે ક્વાલીફાય કરી ઘટકને ગૌરવ અપાવેલ છે તે બદલ તેઓ બંન્નેને ખુબ ખુબ અભિનંદન અને ઉતરોત્તર પ્રગતિની હાર્દિક શુભકામના...

સિનિયર સિટીઝન મંડળ - આદિપુર

શ્રી ક.ગુ.ક્ષ. સમાજ સિનિયર સિટીઝન એસોસીએશન - કુકમાની વાર્ષિક સામાન્ય સભા તા. ૨૮-૦૪-૨૦૨૬ના રોજ કુકમા સમાજ ભવન મધ્યે યોજવામાં આવી હતી. સામાન્ય સભા બાદ કચ્છના ચારેય આદિપુર, ગાંધીધામ, અંજાર અને કુકમાના સિનિયર સિટીઝન એસો.ના પ્રમુખ-મંત્રી તથા હોદ્દેદારોની અલગથી મીટીંગ કરવામાં આવેલ અને શ્રી કે.જી.કે. સમાજ કચ્છ સિનિયર સિટીઝન મંડળ સંકલન સમિતિની સ્થાપના કરવામાં આવેલ. આ મંડળના પ્રમુખ તરીકે શ્રી પ્રભુલાલભાઇ પી. પરમારની સર્વાનુમતે વરણી કરવામાં આવેલ અને કચ્છના દરેક ઘટકમાં સિનિયર સિટીઝન એસો.ની સ્થાપના થાય તેવા સંકલન સમિતિ પ્રયાસ કરશે. સિનિયર સિટીઝનની પ્રવૃત્તિઓને વેગ મળે તેવા સંયુક્ત પ્રયાસ કરવામાં આવશે.

શ્રી વરૂ ગોઠી પરિવાર - દેવળીયા જોગ

આથી વરૂ ગોઠી પરિવાર (દેવળીયા) શ્રી ચામુંડા માતાજીના સર્વે ગોઠી ભાઇઓને જણાવવાનું કે, દર વર્ષની જેમ આ વર્ષે પણ માતાજીના સ્થાનકે **સંવત ૨૦૮૨ આસો સુદ-એકમ, તા. ૧૧-૧૦-૨૦૨૬, રવિવાર થી માતાજીના મંદિરે ઘટઃ સ્થાપના વિધિ, નવચંડી પાઠ તથા અખંડ જ્યોતનું આયોજન કરવામાં આવેલ છે તથા આસો સુદ આઠમ, તા. ૧૯-૧૦-૨૦૨૬, સોમવારના રોજ હવનાષ્ટમી તથા સમુહ પ્રસાદનું આયોજન કરવામાં આવેલ છે.** આ પ્રસંગના મુખ્ય યજમાન ભાવેશભાઇ સામજીભાઇ વરૂ (માધાપર) છે. તો સર્વે વરૂ ગોઠી પરિવારને પધારવા હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવે છે.

શ્રી વરૂ ગોઠી પરિવાર - દેવળીયા

અનંતની યાત્રાએ...

વડોદરા (ખેડોઇ) શ્રી અરૂણભાઇ જગમાલભાઇ પરમાર (ઉ.વ.૭૯)નું તા. ૨૬-૦૭-૨૦૨૬ના રોજે અવસાન થયેલ છે.

વડોદરા નિવાસી શ્રીમતી હરિકુંવરબેન ધનજીભાઇ ચાવડાનું તા. ૧૦/૦૯/૨૦૨૬ના રોજે અવસાન થયેલ છે.

વડોદરા (કુકમા) નિવાસી શ્રી જેઠાલાલભાઈ પુરૂષોતમભાઈ પરમાર (ઉ.વ. ૭૯)નું તા. ૬/૯/૨૦૨૬ના રોજ અવસાન થયેલ છે.

વડોદરા (કુકમા) નિવાસી શ્રી દયારામભાઈ ટાંક (ઉ.વ.૬૯) નું તા. ૨૬/૦૮/૨૦૨૬ ના રોજ અવસાન થયેલ છે.

અમદાવાદ (સિનુગ્રા) નિવાસી ઇન્દુબેન અંબાલાલભાઇ ચૌહાણનું તા. ૫-૮-૨૦૨૬ના રોજે અવસાન થયેલ છે.

અમદાવાદ (રેહા) નિવાસી શ્રી મુલજીભાઇ દેવરામભાઇ સોલંકીનું તા. ૮-૯-૨૦૨૬ના રોજે અવસાન થયેલ છે.

ઝાબુઆ (અંજાર) નિવાસી શ્રીમતી ઉષાબેન ખુશાલભાઇ ખોડિયાર (ઉ.વ.૮૦) નું તા.૦૯/૦૯/૨૦૨૬ બુધવાર ના રોજ અવસાન થયેલ છે.

ચક્રધરપુર (માધાપર) નિવાસી શ્રી હેમરાજભાઇ વિશ્રામભાઇ ચૌહાણ (ઉ.વ. ૮૫)નું તા. ૨૫-૦૪-૨૦૨૬ના રોજે અવસાન થયેલ છે.

શ્રી લક્ષ્મી રણછોડ ધર્માર્થ ન્યાસ, રાયપુર ઉચ્ચ શિક્ષણ સહાયની જાહેર સુચના

શ્રી લક્ષ્મી રણછોડ ધર્માર્થ ન્યાસ, રાયપુર (ભગવાન બાબા રામદેવપીર મંદિર) વિગત વર્ષોથી આપણા સમાજના વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે સહાય આપે છે. (૧૦ + ૨) પછીના કોલેજમાં MBBS તથા સંબંધિત મેડીકલ કોર્સ, BE, ME, B.Tech, M.Tech., Ayurvedic, Homeopathic કોર્સ, Engineering Diploma, MBA, BBA, C.A., C.S., Computer Science, Hotel Management, Tourism, LL.B., કોર્સમાં અધ્યયન કરનાર વિદ્યાર્થીઓને સહાય આપવામાં આવે છે. **ખાસ નોંધ : તા. ૩૧-૦૧-૨૦૨૭ અરજી કરવાની છેલ્લી તારીખ છે.**

:: ફોર્મ મંગાવવા માટે નીચે સંપર્ક કરવો ::

SHRI BALRAM NARSIBHAI CHAWDA
CHAWDA TRADERS, STATION ROAD,
RAIPUR - 492009 (C.G.)
Mob. : 09926172722
E-mail : brchawda@gmail.com

તમારા નાણાકીય લક્ષ્યોને પ્રાપ્ત કરવા

SEBI પ્રમાણિત

યોગ્ય નાણાકીય સાધનોમાં લાંબા સમય

માટે રોકાણ હેતુ

કૃપયા અમારો સંપર્ક કરો...



અમિત ગોપાલ ચૌહાણ

AMFI પ્રમાણિત મ્યુચ્યુઅલ ફંડ ડિસ્ટ્રીબ્યુટર

ARN - 290170

અંજાર (કચ્છ)

:: Contact ::

8401482462, 8866933113



Surbhi Uniforms

Mundra's first professional uniform manufacturer catering to all types of industrial, corporate, school and hospitality uniforms with precision and quality.

HARI GADHVI
+91-88499 50576
Email : info@surbhiuniforms.com
Web : www.surbhiuniforms.com

Surbhi uniforms




Surbhi Hotel

A legacy of serving with the highest regard for quality and comfort since 2007. Offering luxury with convenience, Hotel Surbhi is Mundra's premier choice for business and leisure stays.

HOTEL SURBHI
+91-99796 70996
Email : info@hotelsurbhi.com
Web : www.hotelsurbhi.com

Hotel Surbhi™ The Relief Home



Saarvin Custom Clearance

Licensed custom's broker at Mundra port facilitating smooth and hassle free import and export cargo operations.

NIGAM CHAVDA
+91-99208 43135
Email : saarvincc@gmail.com

SAARVIN
CUSTOM CLEARANCE



Gayatri Estate

Your Real Estate Dreams, Under One Roof. With a legacy since 1998, Gayatri Estate is Mundra's premier real estate developer and realtor. From residential projects to commercial spaces, we deliver trust, transparency, and timeless value.

NISHANT CHAVDA
+91-81419 06635

Gayatri estate

SURBHI GROUP OF COMPANIES

B.D. CHAVDA & FAMILY - MUNDRA KUTCH



Anil Khodiyar
+91 98252 36151

Sumeet Khodiyar
+91 98791 95121

Jigar Khodiyar
+91 98794 04009

Khodiyar Group

Khodiyar Engineering Works
Urja Engineering Company
Perfect Power System
Unique Power System

Electrical Contractors | Consultants | Engineers

Mfrs. Of : PCC, MCC, APFC, AMF, VFD, LDB, DG SET, ATS & Solar Panels




Authorised Importer

TENSE® ELEKTRİK - ELEKTRONİK SAN. TİC. A.Ş.



LS ELECTRIC



Authorised Distributor

C&S electric

RR KĀBEL

Schneider Electric

socomec Innovative Power Solutions

atandra measure. protect. conserve | KRYKARD

Office & Works :- Shed No. L-46, 47, 48 & M-49, 50, G.I.D.C., Gandhidham (Kutch) 370201 Gujarat, India.
✉ info@urjaengg.com, jigar@urjaengg.com ⌂ www.urjaengg.com


Helping India
Invent the future









UNITRON
The Instrumentation People



Vipin Rathod
Managing Director

UNITRON INSTRUMENTATION PVT. LTD

The leading Suppliers of Scientific and Material Testing Equipments in India.
Our major customers are Aerospace, Aeronautics, Automotive, Semiconductor, Steel, Foundry & Forge, Surface Coating Industry and Materials Research.

Head Office:

127/34, 7th Cross, 4th Main Road, Wilson Garden, Bangalore-560027
Tel: (080) 2227 5369, 2210 3752 Fax: (080) 2224 4717

Email- info@unitron.in
Web: www.unitron.in

Branch Offices : Chennai, Delhi(Gurgaon), Pune

SETU SAMAJ SANDESH - RNI NO. GUJ GUJ / 2008/25938
Postal Registration No. G-KCH-185/2026-2028 Posted at S.O. BHUJ on 2nd of Every Month.
Published on October-2026

|| જય સિયારામ ||





SHREE RAM GROUP OF INDUSTRIES
SINCE 1977

SHREE RAM
Group of Industries

Mines Owner, Supplier &
Exporter of Curde Chine Clay
Lavigeted China Clay
Kaolin Powder & Silica Sand



'સમાજ રત્ન'
શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ
સોલંકી



મોહિત વી. સોલંકી

Bhuj-Madhapar Highway, Junavas, Madhapar (Bhuj-Kachchh) 370020
www.shreeramkaolin.com
E-mail: info.shreeramgroup@gmail.com

માલિક અને પ્રકાશક : પ્રમુખ શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી, જુનાવાસ, મેઈન બજાર, પો. માધાપર, તા. ભુજ (કચ્છ), માનદ્ તંત્રી શ્રી ડૉ. મનોજભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી, ચિંતન ફાર્મ, પો. કુકમા, તા. ભુજ (કચ્છ) મો. ૯૮૭૯૯૨૮૧૦૦ વતીથી, ગાયત્રી ગ્રાફીક્સ - અંજાર ખાતે તૈયાર કરાવી, મુદ્રક : શ્રી હરિ ઓફસેટ - ફર્સ્ટ ફ્લોર, નરનારાયણ ચેમ્બર, સ્ટેશન રોડ, ભુજ (કચ્છ) ફોન : (૦૨૮૩૨) ૨૨૬૦૦૭ ખાતે છાપ્યું અને એસ.ઓ. પોસ્ટ ઓફીસ : ભુજથી પ્રસિદ્ધ કર્યું.